Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિત્યનો આચાર

લેખક:

રામનારાયણ વિ. પાઠક

પ્રકાશક:

'ધી સંદેશ લિમિટેડ' વતી

નંદલાલ બોડીવાળા

કિંમત રૂા. ૧-૮-૦

૦૬ ગ

૨૫

સોલ એજન્ટ

એન. એમ. ઠક્કરની કું.

બુકસેલર્સ : પબ્લીશર્સ :

૧૪૦, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

undation

Gurukul Ka

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષામાં પ્રથમવાર જ પ્રકટ થતો
વ્યાપાર ક્ષેત્રમાં એક સાચા મિત્ર સરખો સર્વોત્તમ વ્યાપાર-ગ્રંથ

વ્યાપારી સર્વજ્ઞાનસંગ્રહ

અને બિઝનેસ એન્સાઈક્લોપીડિયા

ओ३म्
पुस्तक संख्या 66 म / २५
पञ्जिका-संख्या ... २५१८३
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

... ગ્રંથો ... મેદાર ... આ ... મુખ ... છે. ... નાના ... નું આ ... થળો,
... આરોગ્ય, સાહિત્ય, ભૌગોલિક હકીકતો, ... વિગતો ... અનેકવિધ રસપ્રદ માહિતી આપી છે.

● સુંદર ગેટઅપ, મનોહર જેકેટ, આકર્ષક મુદ્રણથી આ પુસ્તક જોનારને પ્રથમ દૃષ્ટિએ જ ગમી જાય છે. ● એની અંદર આપેલી અનેક હકીકતો જીવનક્ષેત્રમાં એક સાચા મિત્રની ગરજ સારે છે. ● અનેક પુસ્તકો વાંચવા કરતાં આ એક જ પુસ્તક વાંચી અનેક પુસ્તકોનો લાભ ઉઠાવો. ● લાયબ્રેરીઓ, જાહેર સંસ્થાઓ, વ્યાપારી પેઢીઓ, શાળાઓ અને વ્યાપાર ઉદ્યોગમાં રસ લેનાર વ્યક્તિએ વિના વિલંબે આ પુસ્તક મંગાવી લેવું જોઈએ.

પ્રકાશક : **સંદેશ પ્રકાશન મંદિર** સારંગપુર, અમદાવાદ.

અમદાવાદમાં મળવાનું સ્થળ:—**સંદેશ પુસ્તક ભંડાર**
ગાંધીરોડ, અમદાવાદ.

સોલ એજન્ટ:-**મેસર્સ એન. એમ. ઠક્કરની કું.**
બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ; ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિત્યનો આચાર

લેખક :

રામનારાયણ વિ. પાઠક

स्टाक प्रमाणीकरण ११८४-११८५

पुस्तक सं० 66 ग

आगत सं० २५१

तिथि०

गुरुकुल कांगड़ी

CHECKED 1973

પ્રકાશક :

'ધી સંદેશ લિમિટેડ' વતી

નંદલાલ બોડીવાળા

સોલ એજન્ટ

એન. એમ. ઠક્કરની કું.

બુકસેલર્સ : પબ્લીશર્સ :

૧૪૦, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમાવૃત્તિ] કિંમત રૂ. ૧-૮-૦ [જૂન, સને ૧૯૪૫

(સર્વ હક્ક કર્તાને સ્વાધીન)

*

પ્રત: ૨૦૦૦

મુદ્રક અને પ્રકાશક:
સંદેશ લિમિટેડ વતી
નંદલાલ ચુનીલાલ
બોડીવાળા

☆

મુદ્રણસ્થાન:
ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ
માધુભાઈ કોલોની,
અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૪૫

પ્રકાશક તરફથી

"સંદેશ ગ્રંથમાળા"ના ગ્રાહકોને 'સોનલ' પુસ્તક આપ્યા પછી પ્રો. રામનારાયણ વિ. પાઠક કૃત 'નિત્યનો આચાર' પુસ્તક આપતાં મને ઘણો આનંદ થાય છે.

'સંદેશ ગ્રંથમાળા'નું આ પુસ્તક સમાજને કેટલું ઉપયોગી છે એ તો એના વાચન પછી પ્રત્યેક વ્યક્તિને સમજાશે.

ગુજરાતી સાહિત્યમાં, શિષ્ટાચારનું સ્વરૂપ દર્શાવતું અને તેના સિદ્ધાંતો ચર્ચીને સ્પષ્ટ કરતું આ પ્રથમ જ પુસ્તક છે. આ પુસ્તકના વિદ્વાન કર્તા શ્રી. રામનારાયણ-ભાઈએ, આપણે રોજની દિનચર્યા કેવી રાખવી જોઈએ, સંસ્કારી અને શિષ્ટ સમાજમાં રહેણીકરણી કેવી રાખવી જોઈએ વગેરે બહુ સરસ રીતે સમજાવેલ છે. ગુજરાતી સાહિત્યમાં આવાં પુસ્તકોની ખૂબ જ અગત્ય છે. શ્રી. રામનારાયણભાઈએ એક નવી જ દિશામાં કલમ ચલાવી વિચારકો અને સમાજ હિતચિંતકો સમક્ષ એક નવું ક્ષેત્ર ચીંધ્યું છે.

બૃહદ્ ગુજરાતે 'સંદેશ ગ્રંથમાળા'ના દરેક પ્રકાશનને હાર્દિક આવકાર આપ્યો છે એ જ પ્રમાણે આ પુસ્તકને પણ આપશે એવી આશા રાખું છું.

લિ.

સંદેશ પ્રકાશન મંદિર
સારંગપુર,
અમદાવાદ.

નંદલાલ ચુનીલાલ બોડીવાળા
મેનેજિંગ ડિરેક્ટર
'ધી સંદેશ લિમિટેડ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

'પ્રસ્થાન' પછી તેની સાથે 'કિશોર' શરૂ થયું ત્યારે કેટલાક શિક્ષણમાં રસ લેતા મિત્રોએ, વિદ્યાર્થીઓ અને જુવાનોનો આચાર અને સામાન્ય વર્તાવ શિષ્ટ થાય એટલા માટે એક લેખમાળા શરૂ કરવાનું મને સૂચન કર્યું. વિદ્યાર્થીજીવનમાં અને કેળવણીમાં ઘણાં વરસોથી રસ લેતો હોવા છતાં, આ વિષય મારે માટે કંઈક નવો હતો; છતાં મને એ વિષય વિચારવા જેવો અને બને તો તેને વિશે લખવા જેવો લાગ્યો. એ રીતે એક લેખમાળા 'સવારે ઊઠવું'થી શરૂ કરી, દિનચર્યાના સ્વાભાવિક ક્રમે ચાલતાં તે 'ભોજન' સુધી આવી અને કેટલાંક કારણોથી પછી ત્યાં જ અટકી.

આ લેખમાળા પૂરી કરવાનો શિક્ષણપ્રિય મિત્રોનો આગ્રહ હતો જ, ત્યાં 'સંદેશ પ્રકાશન મંદિર' તરફથી એકાદ પુસ્તકની માગણી થતાં આ પુસ્તકનાં પછીનાં પ્રકરણો લખ્યાં અને આગળ 'પ્રવેશક' ઉમેર્યો.

અંગ્રેજીમાં રીતભાત (manners) અને શિષ્ટાચાર (etiquette) ઉપર પુષ્કળ પુસ્તકો હોય છે. ઈંગ્લાંડ સામાન્ય રીતે, રૂઢિ માનતો અને રૂઢિપ્રિય દેશ છે. એ દેશમાં રૂઢિનું સ્વરૂપ સ્પષ્ટ છે. અનેક સામાજિક અને ઐતિહાસિક કારણોને લીધે આપણા દેશમાં અત્યારે રૂઢિનું એવું સ્પષ્ટ સ્વરૂપ નથી, એ આ વિષયની એક મુશ્કેલી છે અને માટે જ આ નાના પુસ્તકમાં આચારનાં બાહ્ય સ્વરૂપ ચર્ચતાં, ચર્ચા સ્વાભાવિક રીતે આચારના મૂળભૂત સિદ્ધાન્તો સુધી જાય ત્યાં ત્યાં જવા દીધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આ સિદ્ધાન્ત સુધી જવાની આવશ્યકતા એક રીતે મારા વિષયને ઉપકારક છે. આચારનો અર્થ માત્ર રીતભાત થતો નથી. એ રીતભાત કરતાં કંઈક વિશેષ છે. 'સદાચાર' અને 'દુરાચાર' એ બન્ને શબ્દો તરફનો આપણો ભાવ જોઈશું, એ શબ્દોના વ્યંગ્યાર્થની ઘનતા જોઈશું, તો જણાશે કે આચાર એ માત્ર રીતભાતથી કંઈક વિશેષ છે. **आचारः प्रथमो धर्मः ।** એ વાક્ય પણ કંઈક અંશે આચારનું માત્ર રીતભાતથી વિશેષ મહત્ત્વ બતાવે છે. અને તે સાથે હું કબૂલ કરું છું કે 'આચાર'નો અર્થ 'રીતભાત' (manners) પણ થાય છે ખરો. આ રીતે આચારનાં અનેક લઘુ–બૃહત્ સ્વરૂપો અનેક વિષયો અને જીવનનાં દૃષ્ટિબિન્દુઓને સ્પર્શે છે. વિસ્તારની આ અનેકરૂપતા એ વસ્તુના સ્વરૂપમાં રહેલી છે. આચાર એ જીવનના અંતરમાં રહેલો વિષય છે અને જીવન હમેશાં એવું છે. આપણી ભાષામાં 'ધર્મ'ના અનેક અર્થો થાય છે તેનું પણ આ જ કારણ છે એ સુપ્રસિદ્ધ છે. આચાર પણ ધર્મ જેવો જ છે એટલું જ નહિ, ઉપર કહ્યું તેમ, આચારને જ ધર્મનું સ્વરૂપ પણ માનેલું છે. પ્રાચીન શાસ્ત્રો જોઈશું તો તેમાં આચાર અને ધર્મ અનેક જગાએ એક થઈ ગયેલાં જણાશે અને અત્યારે પણ હિન્દુઓ તેમ જ ઇતર કોમોમાં આચાર અને ધર્મનો પરંપરાનો વારસો એ જ પ્રકારનો જણાશે.

આચારની બાબતમાં પ્રાચીન અને અર્વાચીન દૃષ્ટિનો મુખ્ય ફરક એ છે કે અત્યારે આપણે આચારના પ્રશ્નનો વિચાર ધર્મના દૃષ્ટિબિન્દુથી કરતા નથી. પણ ત્યારે કયા દૃષ્ટિબિન્દુથી કરીએ છીએ ? આ પ્રશ્નનો જવાબ એક જ દૃષ્ટિબિન્દુના ઉલ્લેખથી કરવો હોય તો તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવું જોઇએ કે આચારનો પ્રશ્ન આપણે સમગ્ર માનવજાતિના હિતની દૃષ્ટિથી, મહાત્માજી જેને સર્વોદય કહે છે તે દૃષ્ટિથી, વિચારવો જોઇએ. ખરી રીતે આચારના નિર્ણયમાં ધર્મની પણ આ જ દૃષ્ટિ હતી. धारणाद् धर्ममित्याहुः धर्मो धारयति प्रजाः । 'ધારણ કરવાને લીધે ધર્મ કહેવાય છે, ધર્મ પ્રજાઓનું ધારણ કરે છે, અને धर्मो रक्षति रक्षितः । 'ધર્મનું રક્ષણ કરીએ તો તે આપણું રક્ષણ કરે છે.' એ વાક્યોમાં સ્પષ્ટ રીતે સર્વોદયની દૃષ્ટિ રહી છે. ખરી રીતે ધર્માનુભવમાં બે મુખ્ય વસ્તુ આવે : એક આત્માનાં અગમ્ય ગહનોનો અનુભવ, યોગનો અનુભવ, આત્મસાક્ષાત્કાર, સ્વરૂપાનુસંધાન વગેરે; અને બીજું, સમગ્ર જગતને–વિશ્વને એક તરીકે જોઈ એ દૃષ્ટિને અનુકૂળ વર્તન કરવાનો. આદર્શ સ્થિતિમાં આ બન્ને દૃષ્ટિઓ એક અને અભિન્ન હોય એમ હું કલ્પું છું, પણ તેની સાથે પ્રસ્તુત વિષયને સંબંધ નથી. પ્રસ્તુત વિષયને, જેને આપણે વિશ્વાભિમુખ દૃષ્ટિ કહી તેની સાથે સંબંધ છે. વિશ્વાભિમુખ દૃષ્ટિમાં સર્વોદયની દૃષ્ટિનો સમાવેશ થઈ જાય છે. તેમાં સર્વોદયની દૃષ્ટિ ઉપરાંત ભૂતમાત્ર તરફની દૃષ્ટિ આવે છે. પણ અત્યારના આચારની દૃષ્ટિ માનવજાતિની સ્વસ્થતાથી વધારે દૂર જતી કે વધારે વિસ્તૃત થતી નથી અને મેં અહીં એને જ સ્વીકારી છે. અને તેમાં પણ મારો વિષય વ્યક્તિનો સમગ્ર આચાર નથી, નિત્યનો આચાર છે, માણસને માણસ સાથે વારંવાર પ્રસંગ પડતાં જે કાર્યો વારંવાર કરવાનાં આવે છે તે છે.

વધારે પૃથક્કરણથી જોઇએ તો આચારના ઘડતરમાં, અનેક દૃષ્ટિઓ ઓતપ્રોત થયેલી જણાશે. તેમાં એક તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવહૃદયના ભાવોનું આવિષ્કરણ જણાશે, તો બીજી તરફથી સમાજહિતની દૃષ્ટિ પણ જણાશે. આ વિષય નાગરિકના ધર્મો (civics) તેમ જ સમાજશાસ્ત્ર (Sociology) તેમ જ વ્યક્તિ અને સમાજના આરોગ્યની દૃષ્ટિએ પણ જોવા યોગ્ય જણાશે. અને તેમ છતાં આ બધી દૃષ્ટિઓથી તેનો ખુલાસો મળી રહેશે નહિ. આચારના બાહ્ય સ્વરૂપનો પિંડ ઘણી જગાએ લાંબી પરંપરાથી વારસામાં ઊતરેલો હોય છે, જેનાં મૂળ આપણે શોધી શકતા નથી. હિંદુઓમાં કરસંપુટ કરી નમસ્કાર કરવાની, મુસલમાનોમાં કપાળે હાથ લગાડી સલામ કરવાની, અંગ્રેજોમાં હાથ મિલાવી મિલનનો હર્ષ બતાવવાની રૂઢિઓ કેવી રીતે અસ્તિત્વમાં આવી એ બધાનો આપણે સંપૂર્ણ ખુલાસો કરી શકતા નથી. ભાષારૂઢિઓ અને સમાજરૂઢિઓનાં મૂળ એક સરખાં અગસ્ય છે. અને ભાષાની પેઠે જ આપણે તેને બળાત્કારથી બંધ કરી શકતા નથી.

આ પુસ્તક મૂળ તો વિદ્યાર્થીઓ માટે એટલે લગભગ બાર અને તેથી વધારે ઉંમરના કિશોરો અને યુવાનો માટે લખાયું છે. છતાં આમાંની કેટલીક વસ્તુઓ માબાપો જ અમલમાં મૂકી શકે તેવી છે. કપડાં કેવાં પહેરવાં, નાહવાને કેવી સગવડ જોઈએ વગેરે પ્રશ્નો માબાપની અને છાત્રાલયોમાં ગૃહપતિની અનુકૂળતા વિના એકલા વિદ્યાર્થીઓ ઉકેલી શકે નહિ. એટલે આમાં ચર્ચામાં એવું ઘણું આવે છે જે વિદ્યાર્થીઓ અને યુવાનોના જીવનમાં રસ લેતા શિક્ષકો અને વિચારકોએ પણ વિચારવું જોઈએ. ખરી રીતે જે કોઈ વસ્તુ વિદ્યાર્થીઓ કે બાળકો માટે લખાય છે તેમાં શિક્ષક અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માબાપોનો સંબંધ હોય જ છે અને તેથી જ્યાં જ્યાં શિક્ષક અને માબાપને કહેવા યોગ્ય વસ્તુ આવે ત્યાં ત્યાં તે પણ મેં કહેલી છે.

અને વિદ્યાર્થીઓ અને યુવાનોને લક્ષમાં રાખી લખેલું છે એનો અર્થ એવો નથી કે આ આચાર માત્ર તેમને અર્થે જ છે, મોટાઓ માટે નથી! આચાર આખા સમાજને અર્થે છે, અને વિદ્યાર્થી અવસ્થાથી જ તે જીવનમાં મૂકવા યોગ્ય છે માટે વિદ્યાર્થીઓને લક્ષમાં રાખી લખેલો છે, એવો અભિપ્રાય છે. આમાં સ્પર્શેલા કેટલાક વિષયોની ચર્ચાની મર્યાદાનો ખુલાસો આમાં મળી રહેશે.

આ પુસ્તકની વિષયચર્ચામાં જે મિત્રોએ રસ લીધો અને એ રીતે મને મારા વિચારો સ્પષ્ટ કરવામાં મદદ કરી, એ સર્વનું સ્મરણ કરતાં મને આનંદ થાય છે, જો કે બધાનાં નામો આપવાની જરૂર નથી. પણ શ્રી. શંકરપ્રસાદ મો. દેસાઇ, જેમણે મારી નાદુરસ્ત તબિયતમાં પોતાના પ્રૂફ સુધારવાના કૌશલ અને શીઘ્રતાનો મને લાભ આપ્યો તેમના નામનો નિર્દેશ કર્યા વિના રહી શકતો નથી.

હજી આ વિષયનો હું વિચાર કરું છું અને વિચાર કરતાં આગળ ઉપર કંઈ સુધારવા જેવું લાગે, તો નવી આવૃત્તિની તક મળતાં તેમ કરવા ઇચ્છું છું.

તા. ૪–૭–૪૫
ભારતી નિવાસ
અમદાવાદ

રામનારાયણ વિ. પાઠક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

સુરભ્ભી શ્રી. ડૉ. સુમન્ત મહેતાને

તથા

શ્રીમતી શારદાબહેન મહેતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લેખકની કૃતિઓ

૧ પ્રમાણશાસ્ત્રપ્રવેશિકા	સં. ૧૯૭૮
૨ કાવ્યસમુચ્ચય ભા. ૧-૨	સં. ૧૯૮૦
૩ ગોવિંદગમન (સંપાદન: અધ્યા. નરહરિ દ્વા. પરીખ સાથે)	સં. ૧૯૮૦
૪ કાવ્યપ્રકાશઃ ઉલ્લાસ ૧ થી ૬ (અનુવાદ) (અધ્યા. રસિકલાલ છો. પરીખ સાથે)	સં. ૧૯૮૦
૫ ધમ્મપદ (અનુવાદ) (અધ્યા. ધર્માનન્દ કોસંબી સાથે)	સં. ૧૯૮૧
૬ પૂર્વાલાપ (સંપાદન)	સં. ૧૯૮૩
૭ દ્વિરેફની વાતો ભા. ૧	સં. ૧૯૮૫
૮ કાવ્યપરિચય ભા. ૧-૨ (અધ્યા. નગીનદાસ ના. પારેખ સાથે)	સં. ૧૯૮૫
૯ સ્વૈરવિહાર ભા. ૧	સં. ૧૯૮૭
૧૦ અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય	સં. ૧૯૯૦
૧૧ દ્વિરેફની વાતો ભા. ૨	સં. ૧૯૯૦
૧૨ નર્મદાશંકર કવિ	સં. ૧૯૯૨
૧૩ શેષનાં કાવ્યો	સં. ૧૯૯૪
૧૪ સ્વૈરવિહાર ભા. ૨	સં. ૧૯૯૪
૧૫ અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો	સં. ૧૯૯૫
૧૬ કાવ્યની શક્તિ	સં. ૧૯૯૬
૧૭ સાહિત્યવિમર્શ	સં. ૧૯૯૬
૧૮ દ્વિરેફની વાતો ભા. ૩	સં. ૧૯૯૮
૧૯ આલોચના	સં. ૨૦૦૦
૨૦ નર્મદ: અર્વાચીન ગદ્યપદ્યનો આદ્ય પ્રણેતા	સં. ૨૦૦૧
૨૧ નિત્યનો આચાર	સં. ૨૦૦૧
૨૨ પ્રાચીન ગુજરાતી છંદો: ઐતિહાસિક સમાલોચના-છપાય છે.	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિત્યનો આચાર

લેખક :

રામનારાયણ વિ. પાઠક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકરણ		પૃષ્ઠ
૧	પ્રવેશક	૧
૨	સવારે ઊઠવું	૪
૩	શૌચ	૭
૪	સ્નાન	૧૧
૫	ભોજન	૧૮
૬	પહેરવેશ	૨૭
૭	સ્વચ્છતા: વ્યવસ્થા: શોભા: અલંકાર	૪૬
૮	જાહેરમાં વર્તાવ	૫૯
૯	યજમાન મહેમાન વચ્ચેનો વર્તાવ	૬૬
૧૦	અપરિચિત અને પરિચિત સાથેનો વર્તાવ	૭૫



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસને પોતાના હમેશના જીવનમાં અનેક કામો વારંવાર કરવાનાં આવે છે. આ કામો નાનાં દેખાય છતાં તે મહત્ત્વનાં હોય છે. માણસ સમાજમાં રહે છે, તે જે કંઇ કરે છે અને જેવી રીતે કરે છે તેની અસર આખા સમાજ ઉપર થાય છે અને એ સમાજના વાતાવરણમાં સંઘરાઇ રહે છે. અને તેવી જ રીતે સમાજના વાતાવરણની અસર પણ દરેક વ્યક્તિ ઉપર થાય છે. એટલે નાનાં ગણાતાં કામોનું પણ મહત્ત્વ છે.

એક જ કામ કરવાની એક જ પદ્ધતિ કે રીત નથી હોતી. માણસે માણસે તેમાં ફરક દેખાય છે. અને એક જ માણસ પણ જુદે જુદે વખતે તે જુદી જુદી રીતે કરે છે. આ બધી રીતો એકસરખી સારી હિતાવહ અને સુંદર નથી હોતી. માણસ બેધ્યાન રહે છે ત્યારે, અને ઘણી વાર ચાલુ ક્ષણના આવેશમાં, કરવાનું કામ ખરાબ રીતે કરી બેસે છે. એક કામ અનેકવાર ખરાબ રીતે કરવાથી પછી તે કામ ખરાબ રીતે કરવાની ટેવ પડી જાય છે અને એ ટેવ પડી ગયા પછી સુધારવી બહુ મુશ્કેલ છે. માટે નાની વયમાં જ અને સમજણી વય બેસતાં જ, નિત્ય કરવાનાં કામો સારાં કરવાની ચીવટ રાખવી જોઈએ. બીજાં પ્રાણીઓમાં અને માણસમાં ફરક એ છે કે બીજાં પ્રાણીઓમાં સારા-નરસાની સુંદર-અસુંદરની બુદ્ધિ હોતી નથી, માણસમાં એ બુદ્ધિ હોય છે. એને જ આપણે વિવેકબુદ્ધિ કહીએ છીએ. એ બુદ્ધિ માણસમાં સ્વાભાવિક છે પણ એ બુદ્ધિ કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે તેને માટે પ્રયત્નની જરૂર રહે છે. ઘણી ક્રિયામાં કામ સારી રીતે કરવાની ટેવ પડ્યા પછી એવા પ્રયત્નની જરૂર રહેતી નથી, અથવા ઓછે પ્રયત્ને પણ એ થઈ શકે છે. માટે વ્યક્તિનો અને આખા સમાજનો દરેક ક્રિયા સારી રીતે કરવાનો પ્રયત્ન હોવો જોઇએ.

માણસને પોતાના વ્યવહારનાં કેટલાંક કામો હંમેશ કરવાનાં આવે છે. એને લીધે જ એ કામ સારી રીતે કરવાની અમુક રીત પછી લગભગ સર્વમાન્ય થઈ જાય છે. એ રીત સમાજમાં કેળવાયેલા અને શિષ્ટ પુરુષો એક નમૂના તરીકે હંમેશાં અમલમાં મૂકે છે, સાચવી રાખે છે, અને પછી એ રીત વંશપરંપરાથી સમાજમાં ઊતરતી આવે છે. આવી રીતે એક શિષ્ટાચાર અમલમાં આવે છે.

આપણા દેશમાં આવો શિષ્ટાચાર આજસુધી એટલે પચાસેક વરસ પહેલાં સુરક્ષિત હતો. પણ તે પછીનાં વરસોમાં એ ધીમે ધીમે લુપ્ત થતો ગયો છે. તેનું કારણ સમાજની સમગ્ર સ્થિતિમાં અને તેનાં મંતવ્યોમાં એક મહાન પલટો આવે છે એ છે. આપણો ગુજરાતી સમાજ પહેલાં નાની નાની નાતજાતો, ઘોળ, અને ટૂંકી પ્રાદેશિક વસ્તીમાં વહેંચાયલો હતો. એ નાનાનાના સમાજોને પોતપોતાના શિષ્ટાચારો હતા, અને એના સંરક્ષણનું અને એનો વારસો આપવાનું કામ પણ એ જ કરતા. અત્યારનાં એક પ્રજા ઘડનારાં બળોમાં એ નાનાનાના સમાજો તૂટતા જાય છે, અને તેથી એ સમાજો પોતાનો શિષ્ટાચારોનો વારસો બરાબર આપી શકતા નથી. બીજું એ કે પહેલાં એક સમાજનો માણસ હાલના જેટલો ફરાફર ન કરતો, હાલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલો બીજા સમાજોના સંસર્ગમાં ન આવતો, આવતો તોપણ પોતાના આચારોને વળગી રહેવાની બુદ્ધિથી જ હરતો ફરતો, અને પોતાના શિષ્ટાચારોને ધર્મની બુદ્ધિથી એક રૂપ જ રાખતો. હાલ આ મંતવ્ય રહ્યું નથી.

બીજાં પણ ઘણાં ઘણાં બળો અત્યારે જૂના શિષ્ટાચારને છિન્નભિન્ન કરવામાં કારણભૂત થાય છે. આપણા વિજેતા અંગ્રેજો આપણાથી ભિન્ન સંસ્કૃતિના અને આપણાથી જુદા રીતરિવાજ અને રહેણીકરણીના છે. વિજેતા તરફના માનથી અને અહોભાવથી, તથા તેમની મહેરબાની મેળવવાના સ્વાર્થથી, તથા તેમની પાસેથી લીધેલી કેળવણીથી પરિણમતા સંસ્કારોને લીધે, કેટલાકોએ એમના રિવાજો અપનાવી લીધા, અને તે સાથે આપણા જૂના રિવાજો તરફ ઘૃણા કરી. રિવાજોમાંથી ધર્મબુદ્ધિ નીકળી જતાં એ રિવાજો ઘણાને ધર્મના દંભના જેવા લાગ્યા અને તેથી બધા રિવાજો જ દંભ જેવા છે એવી માન્યતા ઊભી થઈ. કેટલાક જૂના રિવાજો જડ, ગંદા, અર્થહીન અને પ્રગતિરોધક થઈ ગયા હતા. તેનો વિરોધ કરવા જતાં રિવાજ માત્રની સૂગ ઊભી થઈ. સ્વતંત્રતાનો શોખ જાગતાં કેટલાકે રિવાજોને પણ નિરર્થક બંધન માન્યાં. અને કેટલાક હાલના જુવાનો રિવાજો તોડવામાં બહાદુરી સમજે છે. નવી કેળવણીમાં જૂના રિવાજોનો વારસો ઊતર્યો નહિ અને તેથી નવી કેળવણી-વાળા જૂના રિવાજોની કદર કરી શક્યા નહિ અને તેનું રહસ્ય સમજવાની તેમણે દરકાર કરી નહિ. આવાં અનેક સામાજિક કારણોથી રિવાજ રૂઢિ શિષ્ટાચાર બધાં છિન્નભિન્ન થઈ ગયાં અને કશામાં કોઈ પ્રકારનું ધોરણ ન રહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા અરાજકતાના જમાનામાં નવા રિવાજો, નવો શિષ્ટાચાર અમલમાં મૂકવા માટે વિચાર કરવો જોઈએ. શિષ્ટાચારનાં મૂળ સુધી જવું જોઇએ, અને એના મૂળમાં રહેલ રહસ્યને પકડી તે ઉપરથી નવો શિષ્ટાચાર ઘડાવો જોઈએ. શિષ્ટાચાર ઘડતાં, વ્યક્તિના સ્વાતંત્ર્યને અને તેની શોભા અને અલંકારબુદ્ધિને પણ જમાના પ્રમાણે અવકાશ મળવો જોઈએ. રૂઢ રિવાજોમાં વ્યક્તિને બહુ વિચાર કરવાની જરૂર રહેતી નથી. પણ આવા નવા શિષ્ટાચાર ઘડવાના જમાનામાં સમાજના દરેક વિચારકે વિચાર કરવો જોઈએ. આ પુસ્તકમાં એ પ્રમાણે વિચાર કરી આચારને શિષ્ટ ગણી શકાય એવું સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરેલો છે.

૨ સવારે ઊઠવું

આપણે દિવસે પહેલું કામ જાગીને ઊઠવાનું કરીએ છીએ. સ્વાભાવિક રીતે પહેલો પ્રશ્ન એ થાય છે કે સવારે ક્યારે, કેટલે વાગે ઊઠવું. આપણા પહેલાંના જમાનાના લોકોમાં વહેલા ઊઠવાનો રિવાજ જ હતો. સારા પ્રતિષ્ઠિત માણસો તો સવારમાં વહેલા ઊઠી, શૌચ જઈ આવી, દાતણ કરી, નાહી, દેવદર્શન જઈ આવી, સવારના છસાત વાગ્યામાં તો કામ પર ચડવાને તૈયાર થઈ જતા. એ લોકો સવારમાં નાહીને દેવદર્શન કરી આવવામાં પુણ્ય સમજતા. આપણે એ ક્રિયાઓમાં પુણ્ય માનીએ કે નહિ એ જુદો સવાલ છે. પણ સવારમાં વહેલા ઊઠવાની ટેવ તો ઘણી સારી છે તેમાં શંકા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ તો એ ટેવના ફાયદા જ ઘણા છે. વહેલા ઊઠવું એ માણસજાત માટે સ્વાભાવિક નિયમ લાગે છે. પશુપક્ષીઓ બધાં દિવસ ઊગ્યા પહેલાં ઊઠે છે, અને ઊઠીને તરત કેવો કલ્લોલ કરવા માંડે છે ! સવારની હવા સ્ફૂર્તિ આપનારી છે. જેમ સાંઝનો દેખાવ સુંદર હોય છે, અજવાળી રાતનો દેખાવ સુંદર હોય છે, તેમ મોટા પરોઢનો દેખાવ પણ ઘણો સુંદર હોય છે. અને ઊઠતાં વેંત એ સુંદર દેખાવ જોવાથી મનમાં જે પ્રસન્નતા આવે છે તે મોડા ઊઠવાથી પછી નથી આવતી. વળી ઘણા માણસોના અનુભવથી પણ જણાય છે, કે જે માણસ સવારમાં વહેલો ઊઠે છે તે એકંદરે મોડા ઊઠનાર કરતાં ઘણા વધારે કલાક કામ કરી શકે છે. આપણા ગરમ દેશમાં કામ કરવાને માટે બપોર બહુ અનુકૂળ નથી. અલબત, બધો વખત કામ કરવાની માણસે શક્તિ કેળવવી જોઈએ, પણ કામ કરવાનો ઉત્સાહ સવારમાં સ્વાભાવિક રીતે વધારે હોય છે, એ વાત ભૂલવા જેવી નથી. ઘણા એમ કહે છે કે સવારના વહેલા ઊઠવાથી જે કલાકો મળે તે અમે રાત્રે વધારે વખત જાગીને મેળવી લઈએ તો શું ખોટું ? પણ કામ કરનારા માણસોનો અનુભવ જોતાં સ્પષ્ટ જણાય છે, કે સવારમાં વહેલા ઊઠનારને કામ કરવાના કલાકો વધારે મળે છે. અને વધારે કામ કરનારા ઘણે ભાગે વહેલા ઊઠનારા જ મળી આવે છે.

પણ આપણે આચાર નક્કી કરવામાં માત્ર ફાયદાનો વિચાર નથી કરતા. મોડા ઊઠનારા આળસુ અને એદી જેવા દેખાય છે, અને આપણે એવાં ન દેખાવું જોઇએ. તમે મોડા ઊઠતા હો, અને તમારે ત્યાં કોઈ વહેલો ઊઠનારો ભાઈબંધ મળવા આવી ચડે, દિવસ ઊગી ગયો હોય, આસપાસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા માણસો પોતપોતાના કામે વળગી ગયા હોય, આસપાસ બધે હેરફેર થતી હોય, અને તમે એક માત્ર પથારીમાં પડી રહ્યા હો, તો તેનો દેખાવ કેટલો ખરાબ થાય તેનો વિચાર કરો ! આ પ્રમાણે પથારીમાં પડી રહેનાર માણસ આસપાસનું વાતાવરણ પણ પોતાના એદીપણાથી બગાડે છે. દિવસ ઊગી ગયા પછી, ચિમળાઈ ગયેલા ઓછાડવાળી પથારીમાં અસ્તવ્યસ્ત કપડાંવાળો ગમે તેમ સૂતેલો માણસ ખરાબ દેખાય છે ! અને બીજું કંઇ નહિ તો આ ખરાબ દેખાવાના એક જ કારણને લીધે માણસે નાનપણથી દિવસ ઊગ્યા પહેલાં ઊઠવાની ટેવ પાડવી જોઇએ. એ જ સાચો આચાર છે.

સવારમાં ઊઠીને તરત સ્ફૂર્તિમાં આવી જવું જોઈએ. ઘણા માણસો જાગ્યા પછી પથારીમાં ઘણી વાર પડી રહે છે. ઘણા ઊઠીને કંઈ પણ કર્યા વિના એક બાજુ બેસી રહે છે. એમ નહિ કરવું જોઈએ. જાગતાં વેંત પથારી છોડી ઊભા થઈ જવાની ટેવ રાખવી. શરીરસ્વાસ્થ્યની દૃષ્ટિએ ઊઠીને તરત બેચાર કોગળા કરી પાણી પીવાની ટેવ ઘણી સારી છે. એમ કરવાથી એકદમ સ્ફૂર્તિમાં આવી જવાય છે. સ્ફૂર્તિમાં ન અવાતું હોય તો એકાદ બે દંડબેઠક કરી નાંખવાં, પણ બીજા માણસોને આળસુ સુસ્ત મોં બતાવવું સારું નથી.

ઊઠીને તરત પોતાની પથારી ઉપાડી નાંખવાની ટેવ પાડવી. આપણા ગરીબ દેશમાં કાંઇ સૂવાના ઓરડા જુદા હોતા નથી. આપણે તો જે ઓરડામાં દિવસે કામ કરીએ તે જ ઓરડામાં રાત્રે સૂવાનું રાખવું પડે છે. એટલે ઊઠીને તરત પથારી કે ખાટલો જે હોય તે ઉપાડીને તેની જગાએ મૂકી દેવાં. દરેક વસ્તુ પોતાની જગાએ પોતાના સમય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરતી જ સારી લાગે છે. દિવસ કામ કરવાનો વખત છે. તેમાં પાથરેલી પથારી કે ખાટલો ખરાબ દેખાય. આપણાં ઘણાંખરાં કુટુંબોમાં તો નોકર હોતો નથી. એટલે આપણી પથારી અને ખાટલો જે કંઈ સરખું મૂકી શકીએ તે મૂકી દેવાં. આપણી કામ કરવા જેવડી ઉંમર થયા પછી આપણું કામ આપણાં માબાપ કે બીજાં મોટેરાં પાસે કરાવતાં આપણને શરમ આવવી જોઈએ. હંમેશાં પોતાનું કામ પોતે કરવાની ટેવ પાડવી.

૩ શૌચ

શૌચ સંસ્કૃત ભાષાનો શબ્દ છે અને તેનો મૂળ અર્થ શુદ્ધ થવું, પવિત્ર થવું એવો થાય છે. પણ અહીં તેનો અર્થ મલોત્સર્ગ, મલત્યાગ એટલે ઝાડે જવું એવો થાય છે. અને શૌચનો આ અર્થ ખરો છે, કારણ કે શરીરના મળનો ત્યાગ કરવાથી માણસ શુદ્ધ થાય છે. પણ ખરી રીતે તો ગંદવાડસૂચક કોઈ શબ્દનો ઉપયોગ ન કરવા માટે શૌચ શબ્દ વપરાય છે. તે જ રીતે પિશાબ કરવા જવા માટે લઘુશંકા શબ્દ વપરાય છે.

એક પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છેઃ સવારમાં ઊઠયા પછી નિત્ય આચારમાં પહેલાં દાતણ કરવાનું આવે કે પહેલાં શૌચ જવાનું આવે? અત્યારે તો આપણા દેશમાં એક જ તરેહનો આચાર રહ્યો નથી, પણ આપણો પરંપરાનો શિષ્ટાચાર તો પ્રથમ શૌચ જઈ આવી પછી દાતણ કરવાનો હતો. અત્યારે કેટલાક માણસોને શૌચ જવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ નિયમિત વખત જ હોતો નથી એ સારું નથી. એથી કાં તો દિવસનાં નિયમિત કરવાનાં કામોમાં શૌચ જવાનું ગમે ત્યાં આડું આવે છે અથવા કામની ખાતર શૌચનો વેગ વારંવાર અટકાવવો પડે છે. શૌચ જવા માટે જે મનની નિરાંત જોઈએ તે મળતી નથી. ઘણી વાર અણધારી અગવડ પડે છે. પારકે ઘેર શૌચ જવાનો વેગ આવે તો ઘણા શરમથી શૌચ જવાનું બોલી શકતા નથી અને વેગને રોકે છે. આથી ઘણા રોગો થાય છે. મોટા મોટા વૈદ્યો અને ડોકટરો કહે છે કે બધા રોગોનું મૂળ મલાવરોધ છે. માટે શૌચ જવાનો નિયમિત વખત રાખવો જોઈએ.

અને તેમાં પણ સવારમાં વહેલાં ઊઠીને શૌચ જઈ આવવાની ટેવ ઘણી સારી છે. ગામડામાં જ્યાં જાજરૂ હોતાં નથી અને જમીન પર ખુલ્લામાં બેસવું પડે છે, ત્યાં તો અંધારામાં જઈ આવવું એજ સારું છે. દિવસ ઊગ્યા પછી બધા કામ પર ચડી ગયા હોય, ત્યારે બહાર લોટે જવું એ અવિવેક છે. વળી લોકોની આવજાવ શરૂ થઈ ગયા પછી શૌચને માટે જે મનની નિરાંત જોઇએ તે પણ મળે નહિ. તેથી કબજિયાત થઈને શરીર બગડે. ગામડાંમાં જાજરૂઓ હોય તો સારું. પણ તે ન થાય ત્યાં સુધી તો દિવસ ઊગ્યા પહેલાં પાદર જઈ આવવાની ટેવ વધારે સારી છે.

પણ અત્યારે શહેરમાં ઘણા ઊઠયા પછી પહેલું દાતણ કરે છે, તેનું કારણ એ છે કે ઘણાને સવારમાં ચા, કૉફી કે એવું કંઈક પણ ગરમ પીણું પીને જ શૌચ જવાની ટેવ પડી ગઈ હોય છે. એવું પીણું ન મળે તો તેમને ઝાડો સાફ આવતો નથી. ચા પીવી સારી છે કે ખોટી એ પ્રશ્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં નથી. પણ શરીરની એક નિત્ય આવશ્યક ક્રિયા માટે આટલાં બધાં પરતંત્ર થઈ જવું એ ખરાબ છે. મને પોતાને આવી ટેવ છે, તેથી તેના ગેરફાયદા હું બરાબર જાણું છું. આ ટેવની પરતંત્રતા મને ઘણી જ સાલે છે અને માટે એ પરતંત્રતાથી બચવા સૌને ચેતવું છું. તંદુરસ્ત માણસને શૌચ જવાને માટે આવા કશાની જરૂર પડતી નથી. તેનાં આંતરડાં સ્વાભાવિક રીતે સવારમાં કામ કરે છે અને તે સવારમાં ઊઠીને શૌચ જઈ આવીને પછી જ દાતણપાણી કરી કામ ઉપર ચડે છે. સામાન્ય રીતે સવારમાં વહેલાં ઊઠી પાણી પીવાથી થોડી વારે શૌચ જઈ શકાય છે. એટલે તંદુરસ્તી અને નિયમિતતાની ખાતર સવારમાં શૌચ જઈ આવવાની ટેવ પાડવી.

આ કારણોથી આપણા જૂના શિષ્ટાચારને અનુસરીને નિત્યના આચારમાં ઊઠવાની ક્રિયા પછી શૌચ વિશે હું લખું છું.

ગામડાંમાં જાજરૂની સગવડ ન હોવાથી લોકો બહાર ખુલ્લામાં શૌચ માટે જાય છે. શૌચની ક્રિયા અપવિત્ર ગણાતી હોવાથી તે વખતે આપણા લોકો ઓછામાં ઓછાં અને ટૂંકામાં ટૂંકાં અને ઘણી વાર ગંદાં અને ફાટેલાં કપડાં પહેરે છે. પણ કોઈ પણ સામાન્ય પ્રસંગે વિવેકની મર્યાદાનો ભંગ થાય તેવાં કપડાં પહેરવાં એ ખરાબ આચાર છે. આપણા દેશમાં અંગ્રેજોની પેઠે આખે શરીરે અનેક કપડાં પહેરવાનો શિષ્ટાચાર નથી, તેની જરૂર પણ નથી, પણ સમાજની મર્યાદા સાચવવી જોઈએ. અને ઘણા આ ક્રિયા માટે ગંદો કે ફૂટેલો લોટો રાખે છે, તેમ નહિ કરવું જોઈએ.

ગામડાંમાં ખુલ્લામાં જવાનું હોય, ત્યાં લોકોનો અવરજવર ન હોય અને પસાર થતાં લોકોની નજર ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે, એવી જગા શૌચ માટે પસંદ કરવી જોઈએ, એ તો આ વાંચનાર બધા સમજતા હશે એમ માની લઉં છું. પણ આપણા દેશમાં સામાન્ય રીતે આ વિવેક સચવાતો નથી. ગામડાંમાં શેરીઓમાં પણ લોકો અસૂરસવાર શૌચે બેસી ગંદવાડ કરે છે. એ ગંદું છે, અનાચાર છે એટલું જ નહિ જંગલીપણું છે. માણસે પોતાના વસવાટથી દૂર શૌચ માટે જવું જોઈએ. સવારમાં એટલું ચાલવાથી સાફ આવે છે.

પૂજ્ય મહાત્માજીએ ગામડાંને સ્વચ્છ કરવા વિશે ઘણો વિચાર કર્યો છે અને સાફસૂફ રાખવાના કામમાં તેઓ ઘણા ચીવટવાળા છે. તેઓ કહે છે, કે શૌચનો મળ માટીથી ઢાંકી દેવો એ જ ગંદકીમાંથી બચવાનો ખરો ઇલાજ છે. પણ ગામડાંમાં આચારની, સગવડની, ચોખ્ખાઈની અને અર્થશાસ્ત્રની બધાયની દૃષ્ટિએ ખરો માર્ગ તો એ છે કે ચોખ્ખાં જાજરૂ થાય, અને તેના મળનું ખાતર બની તેનો ઉપયોગ થાય. માણસના મળનું સારામાં સારું ખાતર બને છે.

શૌચસમયે વાતો કરવી, જમીન ખોતરવી, ઢેફાં ભાંગવાં, ગાવું, જમીન ઉપર લીટા કરવા, જાજરૂમાં ભીંત ઉપર લખવું, લોટો વગાડવો, વારંવાર અવાજ કરી થૂંકવું, એ સર્વ અપલક્ષણો છે.

જાજરૂમાં ગયા હોઈએ તો જાજરૂમાં પણ બેસવાનો વિવેક રાખવો જોઈએ. મલમૂત્રને માટે જે જગાઓ કરેલી હોય ત્યાં જ મલમૂત્ર જાય, બેદરકારીથી બીજી કોઈ જગા બગડે નહિ, તેની સંભાળ રાખવી જોઇએ. પાણીનો લોટો પણ, સાફ થવાને જોઈએ તેટલું પાણી માય એવડો રાખવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ. ઘણા માત્ર નાનો પ્યાલો લઇને જાય છે તે કઢંગું છે. જાજરૂમાં, ખાળમાં બીડીઓનાં ઠૂંઠાં કે તણખલાં નાંખવાં તે પણ અપલક્ષણ છે. જાજરૂની બહાર નીકળતાં પહેલાં કપડાં પૂરાં પહેરીને, ઠીક કરીને પછી બહાર નીકળવું. ઘણા બહાર નીકળ્યા પછી જ કાછડી ઘાલે છે, કે નાડી બાંધે છે, કે ઘર નજીક હોય તો ઘર સુધી કાછડી હાથમાં ઝાલીને જાય છે, તે અવિવેક છે.

શૌચ જઈ આવ્યા પછી હાથ, પગ, મોં ધોવાં, કોગળા કરવા, એ આપણો જૂનો શિષ્ટાચાર સાચવી રાખવા જેવો છે.

શૌચને માટે જે આચારવિવેકની સંભાળ રાખવાનું કહ્યું છે તે લઘુશંકાને પણ ઘણુંખરું લાગુ પડે છે.

૪. સ્નાન

સ્નાન એ પણ એક નિત્યકર્મ છે. કેટલાક ઠંડા દેશોમાં કદાચ હમેશાં નહિ નાહી શકાતું હોય, કેટલાક દેશોમાં હમેશાં નાહવા જેટલું પાણી નહિ મળતું હોય, પણ આપણા હિંદમાં, અને ગુજરાતના ઘણાખરા ભાગમાં તો એમાંની એક પણ મુશ્કેલી નથી. શરીરના સ્વાસ્થ્ય માટે આપણે બધાએ દહાડામાં ઓછામાં ઓછું એક વાર તો નાહવું જોઇએ. બે વાર નાહીએ તો વધારે સારું—ખાસ કરીને પસીનો વધારે થતો હોય તેવી ઋતુમાં.

કયારે નાહવું એ બીજો પ્રશ્ન છે. આપણો જૂનો શિષ્ટાચાર તો સવારમાં વહેલાં ઊઠી શૌચ દાતણ કરી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાહી, સંધ્યાપૂજા, દર્શન વગેરે જે કરવું હોય તે કરીને, પછી જ કામ ઉપર જવાનો હતો. આપણામાં બ્રાહ્મમુહૂર્તે એટલે આશરે ચાર વાગે ઊઠવાનું કહ્યું છે. એટલે એ રીતે સવારે સૂર્ય ઊગતા પહેલાં માણસ નાહીને કામ ઉપર ચડવાને તૈયાર થઈ જતો. એ પ્રમાણે નિત્યકર્મો કરવાથી પુણ્ય મળે છે એમ મનાતું.

આપણે અત્યારે નિત્યકર્મો પુણ્યની દૃષ્ટિએ નથી વિચારતા, પણ આચારની દૃષ્ટિએ વિચારીએ છીએ. પણ આચારની દૃષ્ટિએ પણ બને તેટલાં વહેલાં નાહવું એ જ સારું છે. અત્યારે આપણે ધર્મદૃષ્ટિ દૂર રાખતાં સવારનાં નિત્યકર્મોનો ક્રમ આ પ્રમાણે કરીએ: શૌચ, દાતણ, કસરત, સ્નાન. આ બધી ક્રિયાઓ શરીરનો મલ કાઢવાની અને તાજગી મેળવવાની ક્રિયાઓ છે. આપણે કામે ચડવા પહેલાં આ ક્રિયાઓ કરી રહીને તાજા થઈ ગયા હોઈએ તો આપણાં કામો વધારે સારાં થાય. કામ કરવાનું શરૂ કર્યા પછી આપણને અનેક માણસોને મળવાના પ્રસંગ ઊભા થાય, ત્યારે આપણે સ્નાનથી પરવારી તાજા ન થયા હોઈએ તો ખરાબ દેખાય. આપણે ઘણે ભાગે નાહીને જ આગલા દિવસનાં કપડાં બદલીએ છીએ, એટલે નાહીને ધોયેલાં કપડાં ન પહેર્યાં હોય ત્યાં સુધી આપણો દેખાવ પણ ગંદો અને અણઘડ લાગે. દળદર, સુસ્તી, જડતા, થાંથાપણું, ગંદકી, અણઘડપણું, બીજાઓ આપણામાં જુએ તો તેમને આપણા તરફ સ્વાભાવિક રીતે તિરસ્કાર થાય. વળી આ સુસ્તીની—જડતાની સ્થિતિ ચેપી પણ છે. આપણી સુસ્તીનો ચેપ આપણે બીજાઓને ન લગાડવો જોઈએ. તેથી ઊલટું આપણે તાજા સ્ફૂર્તિવાળા થઈને સમાજની તાજગી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ફૂર્તિમાં આપણો ફાળો આપવો જોઈએ. તાજગી, સ્ફૂર્તિ, હર્ષ પણ ચેપી છે અને તેવા ગુણોનો વિકાસ કરી આપણે બીજાઓને પણ તાજા અને સ્ફૂર્તિવાળા કરવા પ્રયત્ન કરવો જોઈએ. જગતમાં સુખ, હર્ષ, ઉલ્લાસ જેમ બને તેમ વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

નાહવું એ મલ કાઢવાની ક્રિયા છે એટલે નાહવાનું પણ એકાન્તમાં રાખવું. નાહવાને માટે ખાસ જુદી ઓરડી હોય એ ઇચ્છવાયોગ્ય છે. નાહવામાં દરેક અંગને ચોળીને સાફ કરી શકાય એટલા માટે પણ એકાન્તની જરૂર છે. બીજાની હાજરીમાં આપણે દરેક અંગ વિના સંકોચે સાફ કરી શકીએ નહિ. નાહવાનું જુદી ઓરડીમાં હોય તો વસ્ત્ર વિના નાહવામાં કશું ખોટું નથી.

પણ જુદા સ્નાનગૃહની સગવડ ન હોય તો નહાતી વખતે મર્યાદા સાચવવાની સંભાળ રાખવી જોઈએ. ગામડામાં જ્યાં સ્નાનગૃહ હોતાં નથી ત્યાં પણ સ્ત્રીઓ તો ખાટલા ઊભા કરીને અથવા લોકોનો અવરજવર ન હોય ત્યાં અથવા થોડા વખત બંધ કરાવીને એકાંત મેળવીને જ નહાય છે. પણ પુરુષો તદ્દન ખુલ્લામાં નહાતા હોય ત્યારે તેમણે મર્યાદા સાચવવી જોઈએ. અત્યંત ઝીણાં કપડાં—પાણીમાં પલળ્યા પછી શરીર સાથે ચોંટી જાય અને આખું અંગ અને અવયવો દેખાય તેવાં કપડાં નહાતી વખતે પહેરવાં ન જોઈએ. હમણાં કેટલાક ભણેલા ગણાતા માણસો ખુલ્લામાં નહાતી વખતે માત્ર એક ટુવાલ શરીર ફરતો વીંટે છે, અને ઘણા વળી તેથી પણ પાતળું કપડું માત્ર વીંટે છે, તેમાં મર્યાદાભંગ થાય છે. પુરુષોએ કેડે ખોસવાનું કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ વસ્ત્ર પહેરતાં આગળ પાટલી ને પાછળ કાછડી ખોસાય એ રીતે જ તે પહેરવું જોઈએ. પંચિયું ટૂંકું હોય તો તેથી ઢીંચણ સુધીનો ભાગ ખુલ્લો રહે તેમાં મર્યાદાભંગ નથી થતો, પણ કાછડીપાટલી ન હોય તેમાં મર્યાદાભંગ થાય છે. સ્નાનાગારમાંથી ઘણા પુરુષો એકલો એક ટુવાલ જ ફરતો વીંટી બહાર નીકળે છે તે ખરાબ છે. એ આપણે અંગ્રેજોના ખોટા અનુકરણથી શીખ્યા છીએ. અંગ્રેજો સ્નાનગૃહમાં વસ્ત્ર વિના નહાય છે અને નાહીને તરત મોટો ટુવાલ શરીર ફરતો વીંટે છે. પણ અંગ્રેજોને ઘરમાં વસ્ત્ર પહેરવાનો જુદો ખંડ કે ઓરડી હોય છે અને પાટલૂન ખમીસ પહેર્યા વિના તેઓ કોઈને મળતા નથી—પોતાનાં ઘરનાં માણસોને પણ નહિ. તેમનામાં તો આપણા કરતાં ઘણાં વધારે વસ્ત્રો પહેરવાનો રિવાજ અને આચાર છે. આપણાં ઘરોમાં સામાન્ય માણસને આટલા બધા ઓરડાની સગવડ હોતી નથી. સ્નાનગૃહ જુદું હોય તોપણ વસ્ત્ર પહેરવાને જુદી ઓરડી બહુ જુજ ઘરોમાં હોય છે. એટલે આપણે ત્યાં મોટી ઉંમરના પુરુષે માત્ર ટુવાલ કે કંઈ પણ લુગડાનો કકડો કેડ ફરતો વીંટી બીજાના દેખતાં ફરવું એ મર્યાદાભંગ છે. ટૂંકું પહેરીએ તેનો વાંધો નહિ પણ ઉપર કહ્યું તેમ કાછડીપાટલી તો જોઈએ. આપણાં ધોતિયાંની પેઠે પહેરાતાં કપડાંની એ ખાસિયત છે. ચોરણી પહેરતા હોઈએ તો ચોરણી ઉપર લાંબું કેડ નીચે જતું પહેરણ પહેરીને જ બહાર નીકળવું જોઇએ. અંગ્રેજો પહેરે છે તેમ ઘૂંટણ સુધીની ચડ્ડી (shorts) હોય તો પણ સાથે પહેરણ જોઈએ જ. સ્ત્રીઓ સામાન્ય રીતે પૂરું પહેર્યા વિના બહાર નીકળતી નથી—પુરુષોએ જ આ મર્યાદાભંગ અનુકરણથી કરેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં કપડાં વિશે કહેવામાં જરા દૂર ચાલ્યાં જવાયું, કારણ કે સ્નાનની સાથે તેનો અહીં સંબંધ હતો, નહિતર કપડાં વિશે હું જુદું લખવાનો છું. સ્નાનને માટે ઈલાયદી ઓરડી હોય તો તેમાં પણ એટલી સંભાળ રાખવી જોઈએ કે નાહવાના છાંટાથી કશું બગડે નહિ. નાહવાના છાંટા પાછા નાહવાના પાણીમાં ન પડે, તેની પણ સંભાળ રાખવી જોઈએ. તે જ પ્રમાણે કૂવા પર નાહવાનો પ્રસંગ આવે—ખરી રીતે તો કૂવા પર નાહવાનું રાખવું જ ન જોઈએ, પણ છતાં કૂવા પર નાહ્યા વિના છૂટકો ન હોય, તો નાહેલું પાણી કૂવામાં ન જાય, તેની સંભાળ રાખવી એટલું બસ નથી, કૂવાથી દૂર જઈને નહાવું જોઈએ, જેથી કૂવા નજીક કચકાણ ને ગંદવાડ ન થાય. ખરી રીતે કૂવા જેવાં સાર્વજનિક સ્થળો દરેક ગામમાં સૌંદર્યનાં સ્થળો હોવાં જોઈએ, જ્યાં માણસ જાય તો તેને આનંદ થાય. તેને બદલે આપણે તો સાર્વજનિક સ્થળોને આપણાં ઘરો કરતાં ય ગંદાં રાખીએ છીએ. ઊલટા સાર્વજનિક સ્થળોએ કચરો નાંખીએ છીએ !

નહાતી વખતે થૂંક, બલગમ વગેરે ખાળમાં થઈને ચાલ્યું જાય તેની સંભાળ રાખવી જોઇએ. અને જોકે થૂંકવા વગેરેનો થોડો અવાજ અનિવાર્ય છે, પણ બને તેટલો ઓછો અવાજ થાય તેની સંભાળ રાખવી. સ્નાનગૃહ કે ખાળની ચોકડી બહાર પાણી ન જવું જોઈએ. બહાર ખુલ્લામાં નાહતા હોઇએ ત્યાં નાહી રહ્યા પછી થૂંક વગેરે ખરાબ દેખાય તેમ પડી રહેવા ન દેવું. શેરીમાં કે આંગણામાં નહાતા હોઈએ ત્યારે એકની એક જગાએ નાહીને કચરો કે કચકાણ ન થાય માટે જુદી જુદી જગાએ નહાવું. કેટલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ જગાએ કચરો ન થાય માટે આંગણામાં ફરતા ફરતા નહાય છે. આથી આંગણું આખું છંટકાઈ જાય એ બીજો ફાયદો પણ છે. પણ આ રીતે માત્ર ઠંડી ન હોય ત્યારે જ નાહી શકાય, અને આ રીતે નહાતાં શરીરને ચોળીને સાફ કરવાનું રહી ન જાય તેની સંભાળ રાખવી જોઈએ. ખરી રીતે જેમ મેં શૌચ સંબંધી કહ્યું કે ગામડાંમાં પણ જાજરૂ રાખવાં જોઈએ, તેમ જ હું માનું છું, કે એક સ્નાનગૃહ એ પણ ઘરનો જરૂરનો ભાગ ગણાવો જોઈએ. એ સાથે વિશેષ સૂચના પણ કરવા જેવી લાગે છે. આપણે જેમ દેરું, તળાવ, નવાણુ, ધરમશાળા, દવાખાનું, નિશાળ જેવાં સાર્વજનિક ઉપયોગનાં બાંધકામો કરાવવામાં પુણ્ય સમજીએ છીએ, તેમ સાર્વજનિક ઉપયોગ માટે ચોખ્ખાં જાજરૂ અને સ્નાનગૃહો કરાવવાં એ પણ પુણ્યનું કામ છે એમ સમજવું જોઈએ. અલબત જાજરૂ અને સ્નાનગૃહો હંમેશ ચોખ્ખાં રાખી શકાય તેટલી વ્યવસ્થા સાથે સાથે જોઈએ.

નહાતાં શરીરનો કોઈ પણ ભાગ જરા જેટલો પણ કોરો ન રહી જાય તેની સંભાળ રાખવી જોઈએ. દરેક કામ બરાબર ચોક્કસ કરવાની ટેવ પાડવી જોઈએ. હાથપગ ધોતાં પણ હાથ કે પગ જરા પણ કોઈ જગાએ કોરા રહી જવા જોઈએ નહિ. આપણામાં કહેવાય છે કે નળરાજાએ પગ ધોયા તેમાં થોડી જગા કોરી રહી ગઈ તેમાંથી કલિયુગે તેનામાં પ્રવેશ કર્યો. આપણે એવી વાતને હકીકત તરીકે માનતા નથી પણ કોઇ પણ કામ કરતાં તેમાં જરા પણ ખોડખાંપણ રહી જવા દેવી એ પ્રમાદ છે. અને પ્રમાદ માણસ જાતનો એક મોટો શત્રુ છે. એવી રીતે કામ કરવું એ સુરુચિનો અભાવ બતાવે છે. નાહી રહ્યા પછી નહાતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીનું થયેલું વસ્ત્ર ત્યાંને ત્યાં ગમે તેમ છોડીને ચાલ્યા જવું એ અવિવેક છે. એ વસ્ત્રને નિચોવીને સાથે લઈ જવું જોઈએ, અથવા નોકર લઈ જવાનો હોય તોપણ તેને સંભાળી એક બાજુ મૂકવું જોઈએ. આપણું નાહેલું કપડું આપણી પછી નાહવા આવનારને એક બાજુ મૂકવું પડે તે ખરાબ કહેવાય.

ખુલ્લામાં નહાતા હોઈએ ત્યારે નાહી રહ્યા પછી શરીર લૂછતાં કે જાતે નાહેલું કપડું કાઢી બીજું બદલતાં મર્યાદા સાચવવાની સંભાળ રાખવી જોઈએ.

આ શરીરનો મેલ કાઢવાને માટે આપણે સવારમાં અને જરૂર પડે તો સાંજે એમ બે વાર નાહીએ. પણ તે સિવાય તરવાની કસરત કરવાને અથવા નાહવાના અને તરવાના શોખની ખાતર પણ આપણે નાહીએ છીએ. આવું નાહવાનું નદીઓમાં, મોટાં તળાવોમાં, દરિયામાં કે ખાસ નાહવાને માટે કરેલા હોજોમાં થાય છે. અલબત, આમ નાહવાને માટે કૂવા જેવાં નાનાં નવાણો જેનું પાણી પીવાના કામમાં આવતું હોય, તેનો ઉપયોગ ન થાય. આ સ્નાન જાહેર જગામાં થાય છે, તથા તેનો મુખ્ય ઉદ્દેશ શરીરને સાફ કરવાનો નથી, એટલે સમાજની મર્યાદા જાળવવાને માટે પૂરતાં કપડાં પહેરીને નાહવું જોઈએ: એથી વિશેષ અહીં કપડાં વિશે લખતો નથી કારણ કે તે વિશે હવે પછી લખવાનો છું. આવી જગાએ નાહતી વખતે બીજાં ઘણાં માણસો નાહવામાં અને કાંઠે હાજર હોય છે એટલે આવા સ્નાનમાં કોગળાથી વિશેષ કશું—એટલે થૂંકવું કે એવું પણ ન કરવું જોઈએ. ટૂંકમાં સામાન્ય સમાજમાં વર્તતાં જેટલી સંભાળ લઈએ તેટલી અહીં અનુકૂળ હોય તેટલે અંશે લેવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નાન પછી હું ભોજનનો વિષય લઉં છું.

અત્યારે આપણામાં ભોજનનો એકસરખો આચાર રહ્યો નથી. કેટલાક અંગ્રેજોની રીતભાત સ્વીકારી ટેબલખુરશી પર છરીકાંટાથી ખાય છે, કેટલાક ટેબલખુરશી પર બેસે છે પણ જમે છે હાથથી, કેટલાક નીચે પાટલા પર બેસી જમે છે. નીચે બેસી જમવામાં પણ જૈનો અને જૈનેતરોની રીત જુદી જુદી હોય છે.

આ બધામાંથી કઈ રીત સારી તે આપણે કહી શકીએ તેમ નથી. સામાન્ય રીતે હાથથી ખાવા કરતાં ચમચા જેવા કોઈ સાધનથી ખાવું એ સ્વચ્છતા અને તંદુરસ્તીની દૃષ્ટિએ સારું છે. ડૉક્ટરો કહે છે કે હાથના નખમાં જંતુઓ ભરાઈ રહે છે અને તેથી હાથથી ખાવા કરતાં ચોખ્ખા ચમચા જેવાથી ખાવું વધારે સારું છે. પણ ચમચાથી ખાવું વધારે સારું હોય તોપણ આપણો દેશ એટલો બધો ગરીબ છે કે આપણો ઘણો મોટો વર્ગ એ રીત ગ્રહણ કરી શકશે નહિ. ટેબલખુરશી ચમચાકાંટા એ સાધનો આપણા સમાજમાં હજારે એક કુટુંબ પણ અત્યારે રાખી શકે એમ નથી, એટલે સામાન્ય ચર્ચા તો આપણે એવાં સાધનો વિનાનાં ભોજનોની જ કરીશું.

ઉપર કહ્યું તેમ હાથનાં આંગળાંમાં જંતુઓ અને મેલ ભરાઈ રહેવાનો સંભવ હોવાથી જમતા પહેલાં હાથ પગ મોં ધોવાનો આપણો શિષ્ટાચાર અક્ષરશઃ પાળવા જેવો છે એમાં સંદેહ નથી. જમતા પહેલાં હાથ ધોવા એટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસ નથી, મોં પણ ધોવું જોઈએ. માત્ર સ્વચ્છતાની ખાતર જ નહિ, પણ જમવામાં આપણે બીજાં માણસોના સંસર્ગમાં આવીએ છીએ, બીજાની નજીક બેસીએ છીએ એટલે તે વખતે પૂરાં સુઘડ રહેવું જોઈએ. મોં ધોવાથી માણસમાં તાજગી આવે છે અને મંડળીમાં આપણે હમેશાં તાજાં અને ઉલ્લાસવાળાં રહેવું જોઈએ. એટલું જ નહિ ખૂબ કોગળા કરીને દાંત પણ સ્વચ્છ કરવા જોઈએ, કારણ કે દાંતમાં મેલ રહે તો તેથી પાચનશક્તિને અને પછી આખા શરીરને નુકસાન થાય છે. પગ પણ ધોવા જોઈએ જેથી પલાંઠી વાળીને બેસતાં બીજાં લૂગડાં કે આસન મેલાં ન થાય તેમ તેને ડાઘ પણ ન પડે. એટલા માટે જ હાથ પગ ધોઈને નાના રૂમાલ કે ટુવાલથી હાથ પગ મોં ઘસીને લૂછી નાંખવાં જોઈએ.

સવારે જમતાં તો ઘણે ભાગે બધા તાજા નાહેલા અને ધોયેલાં વસ્ત્ર પહેરેલા હોય છે એટલે તે વિશે કહેવાની જરૂર નથી, પણ સાંજના જમતાં પણ કપડાં સ્વચ્છ હોય, પસીનાથી ગંધાતાં ન હોય તેની સંભાળ રાખવી જોઈએ. આપણામાં નવેણ અને શોળાના વિચારોથી કેટલાક ગમે તેવાં ફાટેલાં જૂનાં ધોયા વિનાનાં ગંદાં અબોટિયાં પહેરી જમવા બેસે છે તે ઘણું ખરાબ છે. આ જ બાબત રાંધનાર અને પીરસનારને પણ લાગુ પડે છે. તેમણે પણ સ્વચ્છ કપડાં પહેરીને કામ કરવું. જમવા વખતે પહેરવાનાં વસ્ત્રનો વિચાર કરીએ છીએ ત્યારે એ પણ ધ્યાનમાં રાખવું કે જે મંડળમાં અબોટિયાં પહેરીને જમવાનો રિવાજ હોય ત્યાં, આપણે એવો રિવાજ ન માનતા હોઈએ તોપણ, તેમના રિવાજને માન આપીને તે પ્રમાણે પહેરીને બેસવું. જાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈને રિવાજનો ભંગ કરીને બીજાઓને આઘાત ન આપવો. અબોટિયાં ન જ પહેરવાનો નિશ્ચય હોય તો પછી એવી મંડળી સાથે તેમની ઇચ્છા વિરુદ્ધ ન બેસવું, પણ જમતી વખતે આવા બાહ્ય આચાર કે રીતરિવાજોની બાબતમાં બીજાઓને માઠું ન લગાડવું.

જમવા વખતે બેસવા માટે પાટલા કે આસનિયાં કે એવું કંઇ હોય તો સારું. જૈનો પીરસવાની થાળી જમીનથી જરા ઊંચે પાટલા કે નાની લાકડાની ઘોડી ઉપર મૂકે છે તે જમવાની સગવડની દૃષ્ટિએ વધારે સારું છે. પણ અત્યારે એક જ રિવાજ સર્વત્ર નથી એ સ્થિતિમાં બન્ને રીતે જમવાની ટેવ રાખવી સારી છે.

જમવા બેસતાં એક બીજાથી અલગ બેસવું જોઈએ. જમતાં જમતાં એક બીજાને હાથ કે કોઈ પણ અંગ અડે નહિ એટલી બે માણસ વચ્ચે જગા જોઈએ. નાતમાં જ્યાં લાંબી પંક્તિઓ પડતી હોય ત્યાં આ બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ. એક જ ભાણામાં બે માણસે જમવા બેસવાનો કેટલીક નાતોમાં કે કુટુંબમાં રિવાજ હોય છે પણ તે છોડી દેવા જેવો છે.

પીરસાતાં પહેલાં ચોખ્ખા કપડાથી થાળી વાડકા સાફ કરવા જોઈએ. પતરાવળાં હોય તો તેને ધોઈને સાફ કરવાં જોઈએ. ટૂંકમાં જમવા પહેલાં આપણાં જમવાનાં પાત્રો સ્વચ્છ કરી લેવાં જોઈએ.

કેટલાક માણસો જેમ જેમ પીરસાતું જાય તેમ તેમ જમવા માંડે છે, અથવા વાનીઓ ચાખવી શરૂ કરે છે, તે ઘણું જ અશિષ્ટ છે. એક રીતે કહીએ તો જમવાની રીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुस्तकालय
गुरुकुल कांगड़ी

એ માણસના સંસ્કારીપણાની કસોટી છે. જંગલી પ્રાણીઓ ખાતી વખતે કશા જ નિયમો પાળતાં નથી એટલું જ નહિ પણ ખાવાને માટે લડે છે, અને ઘણાં જ ઉતાવળાં થઈને, અકરાંતિયાં થઈને ખાય છે. એવું જંગલીપણું માણસમાં પણ જંગલી દશામાં હતું. માણસજાતે, ધીમે ધીમે વિચાર કરી કરીને, કેળવાઈ કેળવાઇને એ જંગલીપણું, એ ઉતાવળાપણું, અકરાંતિયાપણું, કાઢી નાંખ્યાં અને તેને બદલે મંડળીમાં જમવાનો સુધરેલો રિવાજ વિકસાવ્યો. જમવું એ અત્યારે, એક જ માણસે અંગત પેટ ભરવાની ક્રિયા નથી, પણ મંડળીમાં કરવાની ક્રિયા છે. પરસ્પર ભાઇચારો, પ્રેમ વધારવાનું એક નિમિત્ત છે. મેં આગળ કહ્યું તેમ સંસ્કારીપણાની પહેલી નિશાની બીજાનો વિચાર કરવો એ છે. જમતી વખતે એ જોવું જોઈએ કે બધાને પીરસાઈ રહ્યું છે કે નહિ, અને બધાને પીરસાઈ રહ્યા પછી જ જમવાનું શરૂ કરવું. કેટલાક સમાજોમાં તો જમવા પહેલાં પાસે બેઠેલાની અનુજ્ઞા–રજા માગવાનો રિવાજ હોય છે. ઘણી જગાએ પીરસનાર જ કહે છે કે હવે પીરસાઈ રહ્યું છે, જમવાનું શરૂ કરો, અથવા પંક્તિનો કોઈ માણસ પીરસનારને એટલું પૂછી લે છે, અને પછી બધા જમવાનું શરૂ કરે છે. કોઈ કોઈ કુટુંબમાં અથવા સમાજમાં જમવા પહેલાં કોઈ શ્લોક બોલવાનો અથવા ઈશ્વરનું નામ લેવાનો રિવાજ હોય છે. આ શ્લોક કે નામસ્મરણ થઈ જાય એ એક રીતે જમવાની અનુજ્ઞા પણ ગણાય છે. જે સમાજમાં આપણે હોઇએ ત્યાંનો રિવાજ જાણી એ પ્રમાણે વર્તવું જોઈએ. ગમે તેટલા ભૂખ્યા થયા હોઈએ તોપણ કોઈ દિવસ જમવામાં અઘટિત ઉતાવળ ન કરવી. બહુ જ સ્વસ્થ થઈને, પ્રસન્ન થઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમવું. કલેશમાં જમવાથી આપણા આસપાસના માણુસોને પણ કલેશ થાય છે અને આપણી પાચનક્રિયા પણ બગડે છે.

જમતાં જમતાં બચકારા કે એવો કોઈ પણ પ્રકારનો ચાવવાનો કે ચાટવાનો કે પીવાનો અવાજ ન કરવો. મેં આગળ એક જગાએ કહ્યું હતું તેમ શરીરના અવાજો મંડળીમાં ન કરવા. જમતાં જમતાં થાળીની બહાર કશું વેરવું ન જોઈએ. તેમ જ દાળ કે એવું પ્રવાહી લેતાં ટીપાં પડીને થાળીની બહાર કે અંદર ગંદું ન દેખાય તેની સંભાળ રાખવી. ગમે તે જમતાં આંગળાં આખાં ખરડાય નહિ, હાથ પર રેલા ન ઊતરે તેની સંભાળ રાખવી. આ દૃષ્ટિથી જ હું એમ માનું છું કે, એક પ્રવાહી વાનીઓને માટે તો ચમચા વાપરવાનો રિવાજ દાખલ કરી શકીએ તો વધારે સારું. પણ આપણા અત્યારના સમાજમાં તો હાથથી ચોખ્ખી રીતે ખાતાં દરેકને આવડવું જોઈએ. આંગળાં બગડે તેને વારંવાર ચાટવાં કે થાળીના કાના પર ઘસવાં તે પણ ખરાબ દેખાય છે. ખાતાં ખાતાં બહુ મોટા કોળિયા ભરવા, બે દાઢે એટલે મોંમાં બન્ને બાજુ ચાવવું, મોંમાં ડૂચો દેખાય, મોંથી રગેડા ઊતરે, હોઠ ઉપર પીધેલ વસ્તુનો બહાર આંકો દેખાય એમ કદી ન થવા દેવું. બચકારા કે સબડકા પણ ન બોલવા દેવા જોઈએ. જમતાં જમતાં આપણા એઠાના છાંટા આપણી પાસેનાને ન ઊડે તેની સંભાળ રાખવી જોઈએ. જમતાં જમતાં છીંક કે ઉધરસ ઓચિંતા આવે તોપણ આપણા મોંમાંથી કોઈના ભાણામાં કે કોઈના શરીર ઉપર કંઈ ઊડીને ન પડે તેની ઘણી જ સંભાળ રાખવી. વધારે સારું તો એ છે કે ઉધરસ કે એવું કંઈ થયું હોય ત્યારે મંડળીમાં જમવા ન બેસવું, પણ જુદા બેસવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમતાં જમતાં વાતો ન કરવી એવો એક આપણી પહેલાંના જમાનાનો મત હતો. જમતાં જમતાં વાતો કરવી તેને તેઓ ગંદું માનતા. ઘણા તો જમતાં ન બોલવાનું વ્રત લેતા. અત્યારે એવો મત બહુ થોડાનો હોય તો હોય. અત્યારે આપણે ઘણાખરા જમવાને એક સામાજિક કાર્ય ગણીએ છીએ, મંડળીમાં બેસી પરસ્પરનો પરિચય વધારવાનો, મૈત્રીઓ કરવાનો અને મૈત્રીનો આનંદ લેવાનો પ્રસંગ ગણીએ છીએ. પણ એ સંબંધી ગમે તેવો મત આપણો હોય છતાં જો આપણા પાડોશીને જમતાં જમતાં બોલવાની ઇચ્છા ન હોય તો તે જાણી લઈને આપણે પણ મૌન રાખી જમવું, પણ જમતાં જમતાં બોલવાના રિવાજવાળી મંડળી હોય તો ત્યાં પણ બોલવામાં ઘણી સંભાળ રાખવી. પહેલું તો એ કે કોઈ પણ તકરારી વિષયની ચર્ચા જમતાં જમતાં ન કરવી, કારણ કે જમવાનો પ્રસંગ મૈત્રી વધારવાને માટે છે, તકરાર કરવાને માટે નહિ. વળી હું આગળ કહી ગયો તેમ જમતી વખતે ક્લેશ થાય તેવું કશું કરવું કે કહેવું ન જોઈએ અને જમતાં જમતાં વાત કરવી હોય તો અન્ન ચાવતાં ચાવતાં ન કરવી, પણ વાત કરવા જેવું મોં ખાલી હોય ત્યારે કરવી. વાત કરતાં મોંમાંથી છાંટા ઊડે કે એવું કાંઈ ન થાય તેની સંભાળ રાખવી. જમતાં જમતાં આપણું મોં ખુલ્લું કોઈને દેખાય એમ કદી ન થવા દેવું કારણ કે એ દેખાવ ઘણો ગંદો છે. બધાનો આનંદ વધે, કોઈને ક્લેશ ન થાય, મૈત્રી વધે, એવી વાતો જ કરવી. છાત્રાલયોમાં, નાતોમાં અને કોઈ કોઈ કુટુંબોમાં પણ જમતી વખતે જ ભેગા થનારા લડે છે તે ઘણું જ ખરાબ છે. તેના કરતાં ભેગાં ન બેસવું અથવા કશી જ વાત ન કરવી એ સારું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમતાં જમતાં દરેક ચીજ જોઇએ તેટલી જ લેવી, અને જેમ જેમ ચીજની જરૂર પડે તેમ તેમ લેતાં જવી, પણ પાછું પીરસનારને બહુ ધક્કા ખાવા પડે નહિ, તેની પણ સંભાળ રાખવી. મોટી મંડળીમાં બને ત્યાં સુધી વાની પીરસવા નીકળે ત્યારે જ માગી લેવી. ન જોઈતી ચીજ પીરસાવા આવે, પીરસનાર આગ્રહ કરી પીરસવા જાય તો તેને માઠું ન લાગે તેવી રીતે ના કહેવી. બને ત્યાં સુધી કશું પડયું ન મૂકવું. શરૂઆતમાં પીરસાયું હોય તે જ વધારે હોય તો જમવા માટે હાથ અડકાડયા પહેલાં ન જોઇતો ભાગ લઈ લેવાને નમ્રતાથી માગણી કરવી. જમતાં જમતાં પોતાને હાથે પીરસવાની જરૂર પડે તો એઠો, એટલે જમતા હોઇએ તે હાથ, કદી પીરસવા માટે વપરાય નહિ, બીજો હાથ વાપરવો જોઈએ. કુટુંબમાં જમતાં પાસે બેસનારને વાડકો કે થાળી દૂર ધરવાની જરૂર પડે તો તેને માટે પણ જમતાં એઠો થયેલો હાથ ન વપરાય. જમેલા ભાણાની ચીજ બીજાના ભાણામાં ન નંખાય અને એઠા કરેલા ભાણાની ચીજ પીરસનારના થાળમાં કે વાસણમાં તો હરગીજ ન નંખાય. ઘણી નાતોમાં કે કુટુંબોમાં બહુ જ આગ્રહ કરી પીરસવાનો રિવાજ હોય છે તે સારો નથી. સારાસાં સારું તો એ છે કે પીરસનાર દરેકને શું જોઇએ છે, કેટલું જોઈએ છે, તે ખૂબીથી જાણી જઈ તે પ્રમાણે પીરસે અને જમનાર પણ જરૂર હોય તો શરમાયા વિના બીજાને અગવડ ન પડે તેની સંભાળ રાખી માગી લે. કુટુંબમાં જમતા હોઈએ ત્યારે કોઈ પણ વાની માગતા પહેલાં તે ખૂટવા નથી આવી તે ખૂબીથી ખાતરી કરીને જ માગવું. જમતાં બીજાને પણ જોઇશે તેની ખબર રાખવી જોઇએ. આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજમાં તો પીરસનાર પોતાને માટે કંઈ ન રહે ત્યાં સુધી પીરસે છે અને એ જ એને માટે તો ઉદાર માર્ગ છે; પણ જમનારે બીજા જમનારનો વિચાર રાખવો જોઈએ. નાતોમાં કોઈ પણ વાની ખૂટવાની સાચીખોટી બૂમ પડે એટલે બધા જમનારા ઉતાવળા થઈ એ જ વાની જોઈએ તે કરતાં એકસામટી વધારે લઈ લે છે, એ ઘણી ખરાબ ટેવ છે; એવે પ્રસંગે તો ઊલટું એ વાની માગવી બંધ કરવી જોઇએ. નોકર રસોયો પીરસનાર હોય તો તેને માટે પણ પછવાડે બધી વાનીઓ પૂરતી રહે તેનો વિચાર રાખવો જોઈએ. નોકર છે એટલે ગમે તેમ ચલાવી લેશે એમ કદી ન માનવું.

જમતાં જમતાં કદી બીજાઓથી જુદાં પડી કશી ખાસ સગવડ લેવી કે માગવી નહિ. તેમ જ કોઈ ખાસ ચીજ ખાવી નહિ. મેં ઉપર કહ્યું તેમ જમવું એ સમાનતા અને મૈત્રી વધારવા માટે છે. તેમાં બધાં માણસોએ સરખી રીતે રહેવું જોઇએ. બધા નીચે બેઠા હોય તો કોઇ એકે પોતાની પાસે હોય તોપણ પાટલો કે એવું કશું ખાસ વાપરવું ન જોઈએ. પછી કોઇને પ્રમુખ જેવું સ્થાન હોય ને તેને માટે ઇલાયદી વ્યવસ્થા કરી હોય તો જુદો સવાલ, પણ કોઈ વ્યક્તિથી પોતા માટે જુદી વ્યવસ્થા કરાય કે મગાય નહિ. ખાવામાં પણ બધા ખાતા હોય તે જ ખાવું જોઇએ. પોતા માટે કોઈ ખાસ વાની મગાય નહિ. તેમ સાથે લાવીને બીજાની સાથે વહેંચ્યા વિના ખવાય નહિ. કરી કે પરહેજીને લીધે કે એવા કોઈ કારણથી કોઈ ખાસ સારી ચીજ ખાવી પડતી હોય તોપણ સાધારણ રીતે તે માણસે મંડળીમાં બીજાથી ભિન્ન પડી તેવી ચીજ ખાવી ન જોઈએ—પછી મિત્રોના આગ્રહને લીધે તેમ કરવું પડે તો જુદો સવાલ છે. પીરસવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એક કરતાં બીજાને સારી ચીજ વધારે આપવી કે એવો કશો પક્ષપાત કરવો તે અવિવેક છે એટલું જ નહિ, નીતિની દૃષ્ટિએ પણ ખરાબ છે. આપણામાં તેને પંક્તિભેદ કહે છે અને પંક્તિભેદ કરવો તેને પાપ ગણેલું છે.

આપણામાં જમવામાં સાધારણ વાનીઓના બે વિભાગો પડાય છે. પહેલાં મુખ્ય વાનીઓ દાળ અને શાક આવે છે. એ સર્વ જમી રહ્યા પછી ભાત પીરસાય છે. દક્ષિણીઓમાં પ્રથમ ભાત આવે છે અને છેવટ પાછા ભાત આવે છે. જ્યાં જે મંડળીમાં જમતા હોઇએ તેનો રિવાજ પાળવો જોઇએ અને પોતે મુખ્ય વાની જમી રહ્યા હોઈએ પણ બીજા હજી જમતા હોય તો તેમની ઉપેક્ષા કરીને ભાત ન માગવા જોઇએ. મંડળીમાં બધાએ સાથે જમવાનું શરૂ કરવું તેમ જ સાથે જમી રહીને ઊઠવું. આપણી પાસેનો માણસ જમતો હોય ને તેને છોડીને ઊઠી જવું એ અવિવેક છે. જમનારની પાસે ખાલી જમેલું એઠું ભાણું પડ્યું હોય એ દૃશ્ય ઘણું ગંદું અને જુગુપ્સાકારક છે. વહેલા ઊઠ્યા વિના છૂટકો જ ન હોય તો ઊઠીને ભાણું ઉપાડી લેવું અને ત્યાં ચોખ્ખું કરી નાંખવું. છેવટ બીજો કોઇ જ ઉપાય ન હોય તો એ અજીઠા ભાણા ઉપર ચોખ્ખી થાળી ઢાંકી દેવી કે ઉપર પાટલો ઢાંકી દેવો, પણ જમતા માણસ પાસે એવો ગંદો દેખાવ રહેવા દેવો નહિ.

જમી રહીએ એટલે થાળી સ્વાભાવિક રીતે જ સાફ થઈ રહે એમ કરવું. જમતાં જમતાં જ સંભાળ રાખવી જેથી કશું પડ્યું ન રહે. કેટલાક માણસો પડ્યું રહે તેમાં મોટાઈ સમજે છે, કેટલાક પડ્યું રહે એટલું પીરસવું એને જ ખરું પીરસવું માને છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ખોટું છે. જમી રહ્યા પછી થાળી ચોખ્ખી કરવી. પણ ચોખ્ખી કરવા માટે આંગળાંથી થાળી કે વાડકો ઘસી ઘસીને આંગળાં ચાટવાં નહિ. એ ગંદું દેખાય છે અને કોઈ પણ ધાતુને એમ ઘસીને ચાટવાથી કદાચ તેનો કાટ આવે તો શરીરને પણ નુકસાન થાય છે.

જમી રહ્યા પછી જે મંડળમાં જમ્યા હોઈએ તેના નિયમ કે રિવાજ પ્રમાણે ભાણાં લઈ જવાં, જગ્યા સાફ કરવી, ભાણાં માંજી નાંખવાં વગેરે જે કરવાનું હોય તે કરવું. મહેમાન તરીકે કશી ખાસ અપેક્ષા ન રાખવી. જમી રહીને મોં સાફ કરતાં બીજાની સમક્ષ બહુ અવાજ ન કરવો, કોઈને ગંદું લાગે તેમ થવા ન દેવું, બીજાની સગવડ સાચવવી, વગેરે સામાન્ય સભ્યતાના નિયમો પાળવા.

મુખવાસ લેતાં પણ મોંમાં ડૂચો દેખાય એટલી ચીજો એક સાથે મોંમાં ન ભરવી.

ટૂંકમાં, ભોજન એ માત્ર પેટ ભરવાને માટે નથી પણ માણસજાતમાં મૈત્રી, સમાનતા, મીઠાશ, બંધુભાવ, સંસ્કારિતા વગેરે કેળવવાનો એક સામાજિક પ્રસંગ છે એ ધ્યાનમાં રાખવું.

૬ પહેરવેશ

પહેરવેશ એ મનુષ્યજાતિએ પોતા માટે ખાસ યોજેલી મર્યાદા છે. પશુપક્ષીઓ, વાંદરાં વગેરે કોઈ પણ પ્રાણીઓમાં, માણસોમાં છે તેવી પહેરવેશની મર્યાદા નથી. માણસોના પહેરવેશો જાતિએ જાતિએ, કોમે કોમે, પ્રાન્તે પ્રાન્તે, જુદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. વળી જમાને જમાને તે બદલાતા જાય છે. તેમ છતાં, પહેરવેશની મર્યાદા છે, એ કદી ભૂલાવું ન જોઇએ. તેનું બાહ્યસ્વરૂપ આટલું બધું બદલાય છે માટે તેમાં કોઈ આંતરરહસ્ય જ નથી અને તેમાં ગમે તેમ સ્વચ્છંદે વર્તી શકાય, એમ કહી શકાય નહિ. ઇતિહાસમાં, પૂર્વકાળમાં દૂરમાં દૂર સુધી જતાં જણાય છે કે, દરેક સુધરેલ કે સંસ્કારી દેશે કે સમાજે પહેરવેશની મર્યાદા હમેશાં પાળેલી છે. દરેક દેશમાં એક જમાનો પછીના જમાનાને જે સંસ્કારોનો વારસો આપે છે તેમાં આ મર્યાદાના સંસ્કારો હમેશાં ઉતરી આવતા આપણે જોઈએ છીએ.

પહેરવેશનું સ્વરૂપ આટલું બધું બદલાતું હોવાથી તેના બાહ્યસ્વરૂપ વિશે આપણે બહુ ચોક્કસ નિયમો નહિ કરી શકીએ. આપણા દેશમાં પહેલાં તો દરેક નાત કે કોમના રીતરિવાજો ચોક્કસરૂપે હતા, તેમ ઘણી ખરી કોમોના પહેરવેશ પણ ચોક્કસ હતા. વાણિયા, બ્રાહ્મણો જેવી ઊજળી ગણાતી કોમોમાં પણ પહેરવેશનો ભેદ હતો અને ઠાકરડાં, કણબી, રબારી, ભરવાડ, વાઘરી વગેરે કોમોનો પહેરવેશ તો એટલો ચોક્કસ હતો કે તે કોમનાં સ્ત્રીપુરુષોને તમે દૂરથી ઓળખી શકો. પણ આપણામાંથી કોમીભાવ ધીમે ધીમે ઘસાતો જાય છે, તેની સાથે બીજી કોમી રૂઢિઓની પેઠે પહેરવેશની રૂઢિઓ પણ છૂટતી જાય છે. એટલે બાહ્ય સ્વરૂપ સંબંધી બહુ ચોક્કસ નિયમો આપણે નહિ શોધી શકીએ. અને છતાં પહેરવેશ એ આપણા સામાજિક જીવનની એક ઘણી જ મહત્ત્વની મર્યાદા છે, એટલે આપણે એના ઉપર ઘણું જ ધ્યાન આપવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેરવેશના બાહ્યસ્વરૂપ સંબંધી આપણે નિયમો ન કરી શકીએ, તોપણ તેની મર્યાદાના સિદ્ધાન્તોની ચર્ચા કરીને તેને સ્ફુટ કરી શકીએ. અને એ સિદ્ધાન્તોને જો આપણે સમજી લઇએ તો પહેરવેશો બદલાતા જતાં પણ આપણો આચાર આપણે શુદ્ધ અને અનિંદ્ય રાખી શકીએ.

આ ચર્ચામાં આપણે સૌથી પહેલો આ પ્રશ્ન લઈએ: અત્યારના સુધરેલા સમાજમાં કપડાં પહેરવામાં મુખ્ય કઈ વૃત્તિ કામ કરતી હોય છે? આનો સામાન્ય વિચાર કરતાં મુખ્ય બે વૃત્તિઓ સેળભેળ થઇ પ્રવર્તતી જણાશે. એ બેમાં એક જેને મેં આગળ મર્યાદાબુદ્ધિ કહેલી છે તે છે. આ શબ્દ બધાને સરખો પરિચિત કદાચ નહિ હોય, એટલે એને સ્ફુટ કરવા પ્રયત્ન કરું. માણસજાત શરીરના મલમૂત્રનો ઉત્સર્ગ કરવાના અવયવોને હમેશાં ગંદા અને જુગુપ્સાકારક ગણતી આવી છે અને તેથી તે અવયવોને બીજાઓને બતાવતાં તેને લાજ કે શરમ આવે છે. તે અવયવોને ઢાંકવા એવી મર્યાદા માણસે બાંધી છે. એ અવયવો બતાવવામાં મર્યાદા લોપાય છે એમ મનાય છે. આને હું મર્યાદાબુદ્ધિ કહું છું.

આ મર્યાદાપાલનમાં માણસજાત તરફ, સમાજ તરફ માનબુદ્ધિ રહેલી છે. જુગુપ્સાકારક દૃશ્યથી સમાજને ઉદ્વિગ્ન ન કરવો એવી વૃત્તિ રહેલી છે. આ બુદ્ધિ માણસજાતમાં જ છે, બીજાં પ્રાણીઓમાં નથી. માટે આપણે કહી શકીએ કે આ મર્યાદા સાચવવામાં માણસાઈ રહેલી છે. આ મર્યાદા-બુદ્ધિથી સુધરેલા દેશનાં માણસો અને સ્ત્રીઓ અને પુરુષો બધાં જ કટિ આસપાસનો ભાગ હમેશાં ઢાંકે છે. અંગો ઢાંકવાનું બીજું પણ એક કારણ છે. શરીરના જે અવયવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામવાસનાના ઉત્તેજક ગણાય છે તે અંગો પણ ઢાંકવાનો રિવાજ હોય છે. આ રિવાજને લીધે પુખ્ત ઉંમરની સ્ત્રી સામાન્ય રીતે કટિ ઉપરાંત, હાથ પગ મોં સિવાયનું લગભગ આખું અંગ અને ખાસ કરીને છાતીનો ભાગ હંમેશાં ઢાંકે છે. એ ભાગો દેખાય એમાં સ્ત્રીજાતિ પોતાની લજ્જાનો લોપ થયો માને છે.

કપડાં પહેરવામાં એક બીજી વૃત્તિ પણ જે કામ કરે છે તે અંગસંરક્ષણની વૃત્તિ છે. દરેક દેશમાં પહેરવેશમાં ઋતુ પ્રમાણે ફેરફારો થાય છે તેમાં ઘણીવાર અંગસંરક્ષણનું કારણ પણ હોય છે. શિયાળામાં આપણે ગરમ અને જાડાં કપડાં પહેરીએ છીએ તે અંગનું સંરક્ષણ કરવા. હિંદુસ્તાનમાં માથે પાઘડી પહેરવાનો રિવાજ છે તે માથાના રક્ષણને માટે છે. આરબ લોકો માથે અને ડોક ઉપર લાંબો રૂમાલ છૂટો રાખે છે તે ડોકના ભાગનું તડકાથી સંરક્ષણ કરવા માટે. પણ આ બેમાં પણ મર્યાદાબુદ્ધિ જ મુખ્ય છે, કારણ કે શરીરને કપડાંની બિલકુલ જરૂર ન હોય ત્યારે પણ મર્યાદા સાચવવા પૂરતાં કપડાં તો આપણે અવશ્ય રાખીએ જ છીએ.

પણ પહેરવેશના વિવિધ આકારો, રંગો, એ બધાંનો ખુલાસો આ બે વૃત્તિથી જ નહિ થઈ શકે. આ બે વૃત્તિ ઉપરાંત એક ત્રીજી વૃત્તિ પણ સાથે સાથે કામ કરતી હોય છે. એ વૃત્તિ છે, અલંકારની, શરીરને વધારે સુંદર વધારે આકર્ષક કે વધારે પ્રભાવશાળી બતાવવાની, કપડાંથી બીજાને આંજી દેવાની, કે શરીર શણગારનું કૌશલ બતાવવાની. આ વૃત્તિ વત્તેઓછે અંશે ઘણામાં હશે, કદાચ બધામાં હશે, પણ કપડાં પહેરવામાં એ વૃત્તિ પ્રધાન છે, એમ કહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય નહિ. દાખલા તરીકે માણસ વખામાં આવી પડે અને એની પાસે કપડાનો ઘણો જ નાનો ટુકડો રહ્યો હોય, તો તે તેનો ઉપયોગ મર્યાદા ન લોપાય માટે અંગ ઢાંકવામાં કરશે, શરીરની શોભાનો વિચાર એને એ વખતે આવશે નહિ. એટલે કપડાંનું પ્રથમ કામ શરીરની મર્યાદા સાચવવાનું છે.

પણ શરીરની મર્યાદા એક વાર સચવાઈ જાય પછી પહેરવેશમાં માણસની બીજી બીજી વૃત્તિઓ પણ કામ કરે છે અને એમાં કશું ખોટું નથી. માણસનું જીવન અનેક વૃત્તિઓવાળું અટપટું અને જટિલ છે, અને એ લક્ષણ તેના પહેરવેશમાં ઊતરી આવે છે. મર્યાદા સાચવવા સાથે માણસજાત સૌન્દર્યને માટે પણ કપડાં પહેરે છે, અને તે સૌન્દર્ય, ઉપર કહી તે તે મર્યાદા સાચવીને સાધી શકાય. પણ તે સૌન્દર્ય ટાપટીપના રૂપનું ન હોવું જોઈએ. શરીરની ટાપટીપ પાછળ વખત ગાળવો એ હલકી વૃત્તિ છે. એવી ટાપટીપનું અભિમાન કરવું, કે બીજાની એવી ટાપટીપનો મોહ થવો, એ મનની નિર્બલતા છે. માણસમાં ખરી વખાણવા જેવી વસ્તુ તે તેના હૃદય અને મનની ઉચ્ચ શક્તિઓ છે; માણસની સચ્ચાઈ, દયા, ન્યાય, ક્ષમા, સમાજસેવા, સમાજના પ્રશ્નો ઉકેલવા વગેરે, તેમ જ વિજ્ઞાનના સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોયડા ઉકેલવા, કુદરતના નિયમો સમજવા, એ સમજીને તેને માણસના ઉપયોગમાં લેવા, આ બધી શક્તિઓ તે ખરેખરી ઉત્તમ શક્તિઓ છે. અલબત, સ્થૂલ શરીર પણ જીવન ધારણ કરવાનું સાધન છે, માટે તેને પણ બળવાન દઢ તંદુરસ્ત કાર્યસાધક કરવાની જરૂર છે. તેમ જ શરીરમાંથી જ શરીરની ઉત્પત્તિ છે તેથી પેઢી દર પેઢી શરીરો સુધરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય માટે, શરીરને સુદૃઢ, સપ્રમાણ, ખોડ રહિત અને સુંદર કરવાની પણ માણસની ફરજ છે; પણ એકલી શરીરની જ ટાપટીપ કરવી, એ વર્તન એવું બતાવે છે, કે જાણે એ માણસને જીવનની ખરી ઉચ્ચ વસ્તુઓની કદર નથી, જાણે તેનામાં ખરી માણસાઇ ખીલી નથી. સૌન્દર્યમાં ઔચિત્ય હોઈ શકે, પણ ટાપટીપમાં ઔચિત્ય નથી.

કપડાં દ્વારા પોતાના પૈસાનો કે એવી કશી બાબતનો દેખાડો કરવો એ તો શણગાર કરતાં પણ વધારે ક્ષુદ્ર પ્રકારનું અભિમાન છે. હું નથી ધારતો કે આથી વધારે આને માટે કંઇ કહેવાની જરૂર હોય.

કપડાં એ મુખ્યત્વે સમાજમાં શરીરની મર્યાદા સાચવવા માટે છે એમ એક વાર જોયા પછી તે સંબંધી આચારની કેટલીક વિગતો તરત-જ નજરે ચડશે. કપડાં શરીર ઢાંકવાને માટે છે, તેથી બેસતાં, ઊઠતાં, સૂતાં, હરતાંફરતાં, તે તે અંગ ઉપરથી તે ખસી ન જાય તેની સંભાળ રાખવી જોઇએ. બેસે ત્યારે કપડું ખસી જાય તેની ઘણાને સરત રહેતી નથી. ઘણા પાટલૂન કે લેંઘો બદલાવતાં વચમાં એટલો વખત એકલા ખમીસભેર રહેવામાં બાધ સમજતા નથી. આપણા રીતરિવાજો જોતાં એ મર્યાદાભંગ છે. અંગ્રેજો એવી રીતે કપડાં બદલાવે છે પણ આપણે માટે એ યોગ્ય નથી. ઘણા વળી ફેશનથી કે ટેવથી ધોતિયાની આગળની પાટલીનો લટકતો છૂટો છેડો એક હાથથી ઊંચો ઝાલી ચાલે છે. ઘણા એ છેડો ઠેઠ એક બાજુના ખભા ઉપર ચડાવી દે છે. આમ કરતાં ઘણી વાર મર્યાદાભંગ થાય છે તેની સરત રહેતી નથી. સ્ત્રીઓએ પણ હરતાંફરતાં સાળુની સંભાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવી જોઇએ. ખરું તો વસ્ત્રનો જે ભાગ અમુક અંગને ઢાંકવા માટેનો હોય તે અંગને તે ઢાંકે તેમાં જ ઔચિત્ય રહેલું છે. જે બટન ભીડવા માટે હોય તે ભીડેલાં હોવાં જોઇએ. જેમ દરેક વસ્તુ પોતાને સ્થાને જોઇએ તેમ વસ્ત્ર અને તેના ભાગો પોતપોતાને સ્થાને જ હોવાં જોઇએ.

બીજું, વસ્ત્રો ચોખ્ખાં રાખવાં જોઇએ. માણસ સમાજવર્તી કે સંઘવર્તી છે. સમાજમાં કે મંડળીમાં કોઇની મર્યાદા-વૃત્તિને કે ચોખ્ખાઈની વૃત્તિને કે સુરુચિને આઘાત ન લાગે તેની દરેક માણસે સંભાળ રાખવી જોઇએ. એમ ન કરીએ તો માણસ સમાજમાં કે મંડળીમાં રહી શકે નહિ, અને સંઘવૃત્તિથી કામ કરી શકે નહિ. તેથી કોઈની વૃત્તિ દુભાય નહિ, સમાજનાં દૃશ્યો કે મંડળીઓ મેલાપણાથી કલુષિત થાય નહિ તેવી રીતે આપણે વર્તવું જોઈએ. આપણો દેશ એટલો નિર્ધન, સાધનહીન છે કે કપડાં સ્વચ્છ રાખવા સાબુ તો શું પણ પાણી પણ ઘણી જગાએ મળતું નથી. પણ તોપણ દરેક માણસની ફરજ છે કે સાધનો હોય તેનો પૂરો ઉપયોગ કરી સ્વચ્છ રહેવા પ્રયત્ન કરવો. બીજી તરફથી દરેક માણસને સ્વચ્છતાની આ પ્રાથમિક જરૂરિયાત પૂરી પાડવાનાં સાધન સહેલાઈથી મળી રહે તે પ્રમાણે વ્યવસ્થા કરવા આખા સમાજે પ્રયત્ન કરવો જોઈએ.

અત્યારે મેં આગળ કહ્યું તેમ પહેરવેશ સંબંધી જૂની રૂઢિઓ લુપ્ત થતી જાય છે. તેનું કારણ આપણામાં રહેલી કોમીભાવના, નાની નાની નાતો પ્રદેશો વગેરેની ભાવના છૂટતી જાય છે તે છે. એ આપણા જીવનનું પરિવર્તન ઇષ્ટ છે, અને તેના પરિણામે જૂની રૂઢિઓ લુપ્ત થાય તે સ્વાભાવિક છે. પણ આ પરંપરાલોપના સમયમાં સમાજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનવસ્થા કે સ્વચ્છન્દ ચાલે તે ઇષ્ટ નથી. પહેરવેશમાં અત્યારે અનવસ્થા જ ચાલે છે. આપણો ઘણોખરો વર્ગ પહેરવેશમાં આપણા રાજ્યકર્તા અંગ્રેજોનું જ અનુકરણ કરે છે અને તેમ કરવામાં કશો સિદ્ધાન્ત કે ધોરણ રાખતા નથી. ઘણા, વિચાર કર્યા વિના ગમે તેવી ચાલતી ફેશનને પકડી લઈ તેનું અંધ અનુકરણ કરે છે. ઘણાં, સિનેમાનાં નટનટીઓનું અનુકરણ કરે છે. આ, બુદ્ધિની નિર્બલતા, સ્વતંત્ર નિર્ણય કરવાની અશક્તિ, ગાડરિયા પ્રવાહપણું, અસ્થિરપણું અને બુદ્ધિનું દાસત્વ બતાવે છે. ફેરફારો કરતાં પણ આપણે આપણા મુખ્ય સિદ્ધાન્તો ધ્યાનમાં રાખવા જોઈએ. કપડાં શરીરમર્યાદા માટે છે તો એ મર્યાદાનો લોપ ન થાય તેની, કપડાંમાં ફેરફાર કરતાં સરત રાખવી જોઈએ. દાખલા તરીકે ઘણાં કુટુંબો નાની ઉંમરની છોકરીઓને ચડ્ડી અને ફ્રોક પહેરાવે છે. તેમાં કશું ખોટું નથી. પણ પછી છોકરી મોટી થતાં તેનામાં મર્યાદાબુદ્ધિ વધારે નાજુક થાય છે ત્યારે ચડ્ડી અને ફ્રોક તેને કઢંગાં પડે છે. મેં જોયું છે કે ઘૂંટણ ઉપરના ઉઘાડા ભાગો ઢાંકવા છોકરી વારંવાર ફ્રોક ખેંચ્યા કરે છે. આ ઉંમરે આપણા જૂના રિવાજ પ્રમાણે છોકરીને ઓઢણી–ચણિયો પહેરવા આપતા, તે રિવાજ ગ્રહણ કરવા જેવો છે. ઓઢણી–ચણિયો સુંદર પણ છે. નાહવાના પ્રકરણમાં મેં લખેલું કે આપણા સંસ્કારો પ્રમાણે, નાહીને રૂમાલ વીંટીને ફરવું એ આચારવિરુદ્ધ છે. ગમે તેવું પને ટૂંકું પંચિયું કાછડી પાટલી સાથે પહેરવું તેમાં મર્યાદાભંગ નથી, પણ લાંબા પનાનો ટુવાલ એકવડો વીંટવામાં મર્યાદાભંગ છે. ખરું તો નાહ્યા પછી ઘરમાં જે સાધારણ વસ્ત્રમાં ફરતા હોઈએ તેટલાં વસ્ત્રો પહેરીને જ ઓરડી બહાર નીકળવું સારું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનવસ્થાના સમયમાં ઘણા ફેરફારો સુંદર દેખાવા માટે કરવામાં આવે છે. સુંદરતા અને લાલિત્ય સામે વાંધો નથી. કિશોર અવસ્થામાં અને જુવાનીમાં એ ભાવ સ્વાભાવિક છે. પણ ઘણાં સુંદરતાના ખોટા ખ્યાલથી જુદી જુદી રૂઢિઓના પોશાકોમાંથી જુદી જુદી વસ્તુઓ લઇ તેનો ખીચડો કરે છે. જુદા જુદા પહેરવેશોમાંથી ચૂંટણી કરવા સામે પણ વાંધો નથી. આપણા પહેરવેશનો ઈતિહાસ જોઈએ તો તેમાં એવી ચૂંટણી દેખાશે, પણ એ ચૂંટણી સુરુચિથી થયેલી હોવી જોઇએ. એ ચૂંટણીથી લીધેલાં વસ્ત્રો એકમેક સાથે મળી રહેવાં જોઈએ, તે બધામાંથી એક સંવાદ ઉત્પન્ન થવો જોઇએ. જેમ રંગોની ચૂંટણી આપણે એકબીજા સાથે શોભે તેવી જ કરીએ તેમ જ જુદા જુદા આકારનાં વસ્ત્રોનું પણ છે. એ કઢંગા ખીચડા જેવું ન લાગવું જોઇએ. બધાનું સુભગ મિશ્રણ થવું જોઇએ. વરઘોડામાં કેટલાંક માણસો દેશી અંગ્રેજી બધાં વાજાં એક સાથે વગડાવે છે એ જેવું કઢંગું દેખાય છે તેમ જ અનેક જાતના પહેરવેશો કઢંગા ન થાય તે ધ્યાનમાં રાખવું જોઈએ.

પહેરવેશમાં ફેરફાર કરવો હોય તો તે આપણાં હવા-પાણી, આપણાં સાધનો અને અંગસંરક્ષણની દૃષ્ટિએ કરવાં જોઈએ. આ બાબતમાં ખોરાકમાં કરવાના ફેરફારો અને પોશાકમાં કરવાના ફેરફારોના સિદ્ધાન્તો વચ્ચે ઘણું સામ્ય છે. ખોરાકના ફેરફાર શાસ્ત્રીય દૃષ્ટિએ કરવા જોઇએઃ એટલે કે તેમાં, કયાં કયાં અનાજો અને ખાદ્ય પદાર્થો બધાને સુલભ છે એ જોઇને તેમાંથી પૌષ્ટિક અને સુપચ વાનીઓ બનાવવા તરફ ખોરાકનો સુધારો કરવો જોઈએ. ખોરાકના ફેરફારોમાં શું વધારે સ્વાદિષ્ઠ લાગે છે, એ દૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાન ન હોઈ શકે, તેમ નવી બનાવટો અને વાનીઓ બેસ્વાદ પણ ન હોવી જોઈએ; પણ તે સાથે એ પણ યાદ રાખવું જોઇએ કે સ્વાદ પણ કેળવી શકાય છે. પહેલાં ન ભાવતી ચીજો પછી અભ્યાસથી ભાવવા માંડે છે. તેમ જ પહેરવેશમાં પણ. આપણને કયા પ્રકારનું કાપડ સુલભ છે, કેવો પહેરવેશ ધૂળમાં રગદોળાઇ મેલો ન થાય અને ધોવામાં સહેલો છે, અને ઓછો ખરચાળ છે[1], અને કયો આપણા અંગસંરક્ષણને માટે વધારે લાયક છે, એ દૃષ્ટિને આપણે શાસ્ત્રીય દૃષ્ટિ ગણવી જોઈએ. સૌન્દર્યની દૃષ્ટિ પણ રાખવી જોઇએ, પણ સાથે સાથે યાદ રાખવું જોઈએ કે ઘણી ચીજો માત્ર આંખને ટેવ નથી પડી માટે જ કઢંગી લાગે છે, અભ્યાસથી કઢંગી લાગતી નથી. પૂજ્ય ગાંધીજીએ પોતાના વ્યક્તિત્વને બળે આપણા સમાજને અંધ અનુકરણની દિશામાંથી વાળી લીધો, તેમની અસરથી આપણો પોશાક સાદો અને સહેલાઇથી ધોઈ શકાય એવો, સ્વદેશી વસ્તુમાંથી સ્થાનિક સાધનોથી પેદા કરી શકાય એવો થયો, પણ આપણાં હવાપાણીમાં અંગ-સંરક્ષણને માટે તેને યોગ્ય બનાવવાનું કામ હજી ઘણું બાકી રહ્યું ગણાય. આપણા દેશમાં તડકો સખત પડે છે તેથી માથાનું સંરક્ષણ કરવાની જરૂર છે. અસહકારમાં અસ્તિત્વમાં આવેલ ટોપી સાદી છે, સોંઘી છે, પણ માથાના સંરક્ષણ માટે પૂરતી છે એમ કહી શકાય નહિ. અંગ્રેજ લોકોએ એને માટે ખાસ સોલા હેટ યોજી, પણ આપણે ત્યાં એ

---

૧ અત્યારના જુવાનો લેંઘો પહેરે છે, તે શીવવામાં સાદો છે, ધોવામાં સહેલો પણ છે, પણ ફેશનવાળા લેંઘાની બાંયો ઘણી જ પહોળી કરાય છે તે કપડાનો દુર્વ્યય છે, અને લેંઘો એટલો લાંબો રખાય છે કે તેની બાંયોના છેડા જમીનને અડીને તરત મેલા થાય છે, તે એનો દોષ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધી પૂરતો વિચાર હજી નથી થયો. ઊલટું, આપણા યુવાનો, એક ફૅશનથી, ઘણે ભાગે માથાં ખુલ્લાં જ રાખે છે. તે જ પ્રમાણે આપણે મેલેરિયા કરનારાં મચ્છરોથી બચવાને માટે પણ પહેરવેશ કેવો કરવો તે સંબંધી વિચાર કરવો જોઈએ. કામકાજ કરવામાં કપડાં આડાં ન આવે, લફ્ફડફફ્ફડ ન થાય,[1] તેમ જ આરામ વખતે પૂરો આરામ લાગે એ દૃષ્ટિ પણ રાખવી જોઇએ. આમ અનેક દૃષ્ટિથી પહેરવેશ વિશે આપણે વિચાર કરવો જોઇએ.

હું ધારું છું જેને આપણે ગણવેશ કે યુનિફૉર્મ (uniform) કહીએ છીએ એનો અહીં જ વિચાર કરી લેવો યોગ્ય છે. કેટલાંક સામાજિક પ્રયોજનો માટે ખાસ વેશ નક્કી કરવામાં આવેલો હોય છે, જેમ કે પોલીસનો, ગાડીવાળાનો, સ્ટેશન માસ્તરનો, ગાર્ડનો, જજનો, નર્સનો વગેરે. એક રીતે આ ગણવેશની પ્રથાને પહેરવેશના આચારનો અપવાદ ગણીએ તો ખોટું નથી. યોગ્ય સ્થાને યોગ્ય વખતે તે તે વ્યક્તિ પોતાનો ગણવેશ પહેરે એટલે આચારની જરૂરિયાત ત્યાં જ પૂરી થાય છે. આવા વેશોમાં મર્યાદાભંગ થવાનો ભાગ્યે જ સંભવ હોય છે. આ વેશો અમુક સામાજિક પ્રયોજન સિદ્ધ થાય, તે માટે યોજવામાં આવે છે. ઘણે ભાગે આમાં પ્રયોજન એ જ હોય છે કે તે તે વ્યક્તિને પોતાનું

---

૧ આપણું ધોતિયું આરામ માટે સારું છે, એને સીવવું પડતું નથી, તેના ટુકડા પણ કામ આવે છે, એ રીતે કરકસરવાળું છે, પણ છૂટું હોવાથી લફ્ફડફફ્ફડ થાય છે, કામમાં આડું આવે છે, એ એનો દોષ છે, પણ કચ્છો વાળવાથી એ દોષ કંઈક ટાળી શકાય છે. આપણી સ્ત્રીઓનો પહેરવેશ સુંદર છે, પણ કામ કરવામાં આડો આવે છે અને રાંધતાં કેટલી ય સ્ત્રીઓ સળગીને મરણ પામે છે એ દૃષ્ટિએ મોટી ખામીવાળો છે. તેનો ઉપાય થવો જ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ કરવામાં વેશ સગવડવાળો થાય અને તે ઉપરાંત અને તેથી ય વિશેષ, એ વ્યક્તિ એ કામ કરવાને નિમાયેલ છે એ તરીકે દૂરથી પણ તરત ઓળખાય. સ્ટેશનમાસ્તર, ગાર્ડ વગેરેનો ગણવેશ દૂરથી ઓળખાય એટલા માટે મુખ્ય-પણે યોજાયેલો હોય છે. પોલીસનો ગણવેશ તે દૂરથી ઓળખાય તે ઉપરાંત તેને પોતાની ફરજ બજાવવામાં પણ સગવડકર્તા થાય એ માટે યોજવામાં આવ્યો હોય છે. આમાં વેશનો આકાર અને રંગ બન્ને યોજવામાં આવે છે. પણ કેટલાક ગણવેશો અંદર અંદરના મતભેદો ટાળવા અને એક સમાન ભાવના નિષ્પન્ન કરવા યોજવામાં આવે છે જેમ કે અમુક શાળાના ગણવેશો. પ્રયોજન માટે ગણવેશ યોજવામાં આવ્યો હોય તો પ્રયોજન સિદ્ધ કરવાને જે આકાર અને રંગ સૌથી વધારે કાબેલ હોય તે જ યોજવો જોઈએ. દવાખાનાની નર્સોનો પહેરવેશ તરત ઓળખાય તે ઉપરાંત તે મેલો થાય તો તરત ખબર પડે તેવો, એટલે તદ્દન સફેદ રંગનો યોજવામાં આવે છે. તેમાં અંગ્રેજી પોશાક ઐતિહાસિક પદ્ધતિએ ઊતરી આવ્યો છે, કારણ કે આ ધંધો પહેલો યુરોપમાં અસ્તિત્વમાં આવ્યો અને પછી અહીં પ્રયોગમાં મૂકાયો.

કેટલાક પહેરવેશો અમુક પ્રયોજન પૂરતા જ યોજવામાં આવેલા હોય છે, જોકે તેને ગણવેશ ગણવાની જરૂર નથી, કારણ કે એ પ્રયોજન કોઈ નક્કી કરેલ વ્યક્તિનું નથી, સર્વને યથેચ્છ લેવાના અધિકારવાળું હોય છે. જેમ કે કુસ્તી કરવા વખતનો પોશાક, એટલે કે ચડ્ડી. આને ગણવેશ કહેવાની જરૂર નથી. આ પહેરવેશ એના પ્રયોજન પૂરતો, અને પ્રયોજનને સ્થાને એટલે કે અખાડામાં તદ્દન ઉચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેરવેશ છે. તે જ પ્રમાણે નદીએ કે દરિયે કે તરવાના કુંડો કે હોજો ઉપર તરવા માટે ખાસ કરેલો પહેરવેશ. એ પહેરવેશ તે પ્રયોજન પૂરતો તે સ્થાનપરત્વે ઉચિત છે, પણ એ પહેરીને શહેરમાં, બજારમાં કે કોઇ પણ બીજા સાર્વજનિક સ્થાને ન જવાય. અને આપણા દેશની રૂઢિ પ્રમાણે સ્ત્રીઓએ એ પહેરવેશ સાથે પુરુષોની નજરે ન પડવું જોઇએ, એવી મર્યાદા છે. આ પ્રમાણે સ્ત્રીપુરુષો પરત્વે પ્રયોજનનિયુક્ત પહેરવેશમાં પણ ભેદ રહેલો છે.

ખાસ કરીને ગણવેશમાં ન ગણાય તેમ છતાં અહીં જ સમજવું જોઇએ કે દરેક કોમમાં અને પ્રજામાં શોક જેવા પ્રસંગો માટે અમુક જ પહેરવેશ, ખાસ કરીને અમુક રંગનો પહેરવેશ નક્કી થયેલ હોય છે. ત્યાં તેવે પ્રસંગે જવાનું થાય તો એ રૂઢિ પ્રમાણે પહેરવેશ રાખવો જોઈએ. એમ કરવું એ મરનારને અને મરનારનાં સગાંને માન આપવા બરાબર છે. તેથી ઊલટી રીતે કોઇને ત્યાં શોક હોય ત્યારે ઝાકઝમાળ વસ્ત્રો પહેરી જવું એ અવિવેકછે.

ધર્મસંપ્રદાયોના સાધુસંઘો, પાદરીસંઘો, સંન્યાસીઓ, ફકીરો વગેરે માટે પણ તે તે ધર્મમાં ગણવેશ નક્કી થયેલ હોય છે, પણ તે ઉપરાંત, તેમાં સાદાઈ હોય કે ભવ્યતા હોય કે એવું કોઇ બીજું પ્રયોજન પણ ભળેલું હોય છે. શરીરસંરક્ષણની દૃષ્ટિ અને ઉપયોગિતાની દૃષ્ટિ પણ તેમાં રહેલી હોય છે. આ બધા ભાવો ઉપરાંત તે તે પહેરવેશ સાથે અમુક ધાર્મિક બુદ્ધિ સંકળાઈ ગયેલી હોય છે.

આ સંબંધી એક દૃષ્ટિ વિચારવા માટે રજૂ કરું છું અને તે દાખલાથી વધારે સ્ફુટ થાય એવી છે માટે દાખલાથી જ તેની ચર્ચા શરૂ કરું છું. આપણામાં બ્રાહ્મણો જમતી વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબોટિયાં પહેરે છે. એ મૂળ રિવાજ સાથે ધર્મની અને પવિત્રતાની ભાવના સંકળાયેલી છે. ઘણી જગ્યાએ ગામડામાં જમવા જતી વખતે બ્રાહ્મણો ઘેરથી નાહી અબોટિયાં પહેરી જમવા જાય એવો રિવાજ પડી ગયો છે અને ગામડાંમાં તેમાં કશું અનુચિત દેખાતું નથી. પણ શહેરમાં એ રીતે પોતાને ઘેરથી નીકળી સરિયામ રસ્તે થઇ અબોટિયાં પહેરી નીકળવું એ ઉચિત નથી. ગામડાંમાં ઘણે ભાગે બ્રાહ્મણો એક લત્તા કે ગામમાં રહે છે અને પોતાના જ લત્તાના, એ રિવાજને ઉચિત માનનારા સમાજમાં એ પ્રમાણે ફરવામાં કશું ખોટું નથી. પણ શહેરનો સમાજ જુદો છે. ત્યાં આવા વિચિત્ર વેશથી સરિયામ રસ્તે નીકળવું એ ઉચિત નથી. એથી જરા જુદી જાતનો બીજો દાખલો આપું. હિંદુઓમાં ઘણીખરી નાતોમાં સગાના મરણ પછવાડે જાહેરમાં સ્ત્રીઓને વિચિત્ર વેશે રોવાકૂટવાનો રિવાજ છે. એ રિવાજ જ ખરાબ છે અને ધીમે ધીમે નીકળી ગયો છે તે સારું થયું છે, પણ કપડાં સંબંધી આચારની દૃષ્ટિએ પણ એ વાંધાભરેલો હતો. આ દૃષ્ટિએ કોમી પહેરવેશો અને રિવાજોનો વિચાર કરવો જોઈએ. આપણા સમાજમાં હજી એટલું એકત્વ અને પરસ્પર સાલસાઇ નથી આવી કે સમાજનો ગમે તે માણસ ગમે તે કોમ કે સંઘના રિવાજો ઉપર ટીકા કરી શકે, એટલે હું પોતે બ્રાહ્મણ અને હિંદુ હોઇ માત્ર મારી કોમના રિવાજો વિશે આટલું કહું છું, પણ આ દૃષ્ટિએ વિચાર કરવાની દરેક કોમની ફરજ છે એમ હું માનું છું.

જુદા જુદા પ્રદેશોમાં કોમોમાં જુદે જુદે સમયે કપડાંની મર્યાદા સંબંધી જુદી જુદી રૂઢિઓ હોય છે. પણ તે બધીમાં એક તત્ત્વ સમાન માલૂમ પડે છે. તે એ છે કે જાહેરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાર્વજનિક સ્થાનોએ અને જાહેર મેળાવડાઓમાં સંપૂર્ણ પહેરવેશ એટલે એ રૂઢિમાં જે પહેરવેશ અંગોને વધારેમાં વધારે ઢાંકે છે તે પહેરવેશ પહેરાય છે. અને તેથી ઊલટું ખાનગીમાં, જે પહેરવેશ અંગોને ઓછામાં ઓછાં ઢાંકે છે તે પહેરવાની છૂટ હોય છે. અને તે સાથે, પુરુષો પુરુષોમાં, અને સ્ત્રીઓ સ્ત્રીઓમાં ઓછાં કપડાં પહેરવાની જે છૂટ હોય છે તે છૂટ ખાનગી મંડળીમાં પણ, પુરુષોએ સ્ત્રીઓની હાજરીમાં અને સ્ત્રીઓએ પુરુષોની હાજરીમાં ઓછામાં ઓછી લેવી જોઇએ એવો નિયમ છે. અર્થાત્ સ્ત્રી-પુરુષોએ એકબીજાંની હાજરીમાં કપડાંની મર્યાદા વધારે ચીવટથી સાચવવી જોઇએ, એવો નિયમ હોય છે.

સંપૂર્ણ પહેરવેશ કોને ગણવો એ દરેક સમાજમાં લગભગ પ્રસિદ્ધ હોય છે. દરબારી મેળાવડાને કે એવે પ્રસંગે સંપૂર્ણ પહેરવેશ કોને ગણવો એ સંબંધી નિયમો હોય છે અને બહુ જ ચોકકસ રૂઢિઓ હોય છે. આવે પ્રસંગે સંપૂર્ણ વેશથી હાજરી આપવી એ એક રીતે એ પ્રસંગે હાજર રહેતી મુખ્ય વ્યક્તિને માન આપવાની રીત ગણાય છે અને એથી ઊલટું વર્તન એ વ્યક્તિનું અપમાન કરવા બરાબર છે.

સંપૂર્ણ પોશાકમાં મોં હાથ પગ સિવાયનાં બધાં અંગો ઢાંકવાનાં હોય છે. કેવાં વસ્ત્રોથી કયાં સુધીનાં ઢાંકવાં એ પ્રાદેશિક કે કોમી રૂઢિ ઉપર આધાર રાખે છે, પણ સર્વત્ર સંપૂર્ણ પોશાકમાં બધાં અંગો લગભગ પૂરાં ઢાંકવાનાં હોય છે, જોકે તેમાં પણ જમાને જમાને ફેરફાર થતા રહે છે. ખાનગી પોશાક સંબંધી સર્વત્ર એકસરખો મત નહિ મળે. આપણા દેશમાં ઘરમાં પુરુષો માત્ર ધોતિયું કે પંચિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પહેરીને બાકીનાં અંગો ઉઘાડાં રાખીને બેસે તો તે અજુગતું ગણાતું નથી. ખાનગીમાં મર્યાદા પૂરતું શરીર ઢંકાયું એટલે પછી શરીર અને મન બન્નેને આરામ માટે જેને જે પહેરવેશ અનુકૂળ લાગે તે રાખવાની છૂટ છે. માણસને પોતાના જીવનમાં, વ્યવહારનાં કામકાજ માટે બાંધેલા શરીર અને મનના બધા તંગો ઢીલા કરી આરામ લેવાની જરૂર હોય છે, અને તેને એવા આરામનો હક છે. એવા આરામ માટે ખાનગી જીવન છે. કેટલાક અંગ્રેજોની દેખાદેખી આપણા ખાનગી જીવનમાં પણ પુરુષોએ વધારે કપડાં પહેરવાં જોઇએ એમ માને છે. પણ અંગ્રેજોનો દેશ ઠંડો છે એટલે એમને ત્યાં વધારે પહેરવાનો ચાલ હોય એ સ્વાભાવિક છે. પણ આપણે ત્યાં ખાનગી જીવનમાં પુરુષને માત્ર પંચિયા સાથે બેસવામાં કશું અજુગતું ગણાવું ન જોઈએ. માત્ર પોતાના ઘરમાં જ નહિ, પણ એક મિત્ર બીજા મિત્રને ઘેર ગયો હોય અને બન્ને વચ્ચે મૈત્રી એટલી ગાઢી હોય કે એકબીજાની હાજરીમાં મનને સંકોચ ન રહે, તો આગન્તુક મિત્ર પણ ખાનગી વખત પોતાના ઘરમાં ગાળતો હોય તેવા વેશથી જ, મિત્રને ઘેર પણ બેસી શકે, રહી શકે; એક નહિ, અનેક મિત્રો એવી રીતે બેસી શકે. પણ એ જ મિત્રો કોઈ ખાસ કામ કરવા ભેગા થયા હોય, અથવા આરામ પૂરો કરીને કોઈ ખાસ કામ કરવા બેસે, તો તે જ વખતે તેમાં ઉદ્દેશની દૃષ્ટિ પ્રવેશ પામે અને દરેક થોડે ઘણે અંશે એક સભાના ભાનથી ત્યાં ઉપસ્થિત થાય. જોકે આવી સભામાં પણ પરસ્પર સંબંધને અનુકૂળ રીતે અને પ્રયોજનને હાનિ ન થાય એવી રીતે પરસ્પરની બુદ્ધિપૂર્વક નિર્ણીત કરેલી કે અકસ્માત થઈ ગયેલી સમજૂતિ પ્રમાણે હજી ખાનગી વેશમાં બેસી શકે. આ પ્રમાણે કપડાંની મર્યાદાબુદ્ધિ પ્રયોજન ઉપર પણ આધાર રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડામાં પુરુષો બહાર પણ એક પંચિયા ઉપર માત્ર માથાપર પાઘડી કે ફેંટિયું બાંધીને ફરે તેમાં ખોટું ગણાતું નથી. એક દૃષ્ટિએ કહી શકીએ કે આખા ગામડાના સમાજમાં એક પ્રકારનો ખાનગી સંબંધ આખા જીવન ઉપર વ્યાપ્ત હોય છે. એથી ગામડામાં માત્ર દિવાળી, દશેરા જેવા સભાના દિવસે જ કે વરઘોડામાં કે એવા પ્રસંગે જ પુરુષો માટે આખા શરીરને ઢાંકનારો પોશાક આવશ્યક મનાય છે. પણ શહેરમાં ગામડા જેટલી છૂટથી ન ફરી શકાય. શહેરમાં પણ અમુક માળામાં કે અમુક લત્તામાં અમુક જ કોમ કે એવા કોઈ ખાનગી સંબંધના ભાનવાળી વસતી હોય તો એટલા લત્તામાં અર્ધ ખાનગી પહેરવેશ ચાલે. જેમકે અમદાવાદમાં અમુક સોસાઇટીમાં માત્ર દક્ષિણીઓ જ રહેતા હોય, અને તેમનામાં સારો પરિચય થઈ ગયો હોય તો તેઓ પોતાની સોસાઇટીમાં અર્ધ ખાનગી પહેરવેશમાં હરીફરી શકે. પણ એક જ લત્તામાં પચરંગી વસતી હોય તો પોશાકની મર્યાદા જાહેર સ્થાન જેટલી સાચવવી એ જ ઉચિત છે.

એક જ ઑફિસમાં કામ કરતા કારકુનોની વચ્ચે પણ કામ કરવાના કલાકો દરમિયાન એક જાતનો અર્ધખાનગી સંબંધ અસ્તિત્વમાં આવે છે. તેઓથી ધોતિયા કે લેંઘા ઉપરાંત પહેરણ કે ખમીસ પહેરીને ઉઘાડે માથે બેસી શકાય. કામ કરતાં દરમિયાન ઉપરી અધિકારીને આવવાનો રિવાજ હોય તો તેના આવતાં કારકુનોએ પૂર્ણ વેશ પહેરવાની જરૂર નથી. ત્યાં એક જાતની ગણવેશબુદ્ધિ અસ્તિત્વમાં આવે છે. પણ ખાસ કારણસર કોઈ કારકુને ઉપરીને તેના ખંડમાં મળવા જવાની જરૂર હોય તો તેણે પૂર્ણ વેશમાં જવું જોઈએ એવી કેટલીક ઑફિસોમાં રીત હોય છે, કારણ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણવેશ એ માન આપવાની રીત છે. પણ તે દરેક ઓફિસની પરંપરા ઉપર પણ આધાર રાખે છે.

જાહેરમાં ફરતાં વાહનો, જેવાં કે ગાડી, ટ્રામ, બસ વગેરેમાં માણસોએ પૂર્ણવેશમાં જ રહેવું જોઇએ. પણ લાંબી મુસાફરી માટે ટ્રેનમાં કે આગબોટમાં ભેગાં થયેલાં માણસો ખાવા વખતે, કે દિવસમાં આરામથી બેસવા વખતે કે ઊંઘવા જતી વખતે તે તે પ્રયોજનને યોગ્ય અર્ધખાનગી પહેરવેશ રાખી શકે. અલબત દરેક સમયે, સ્ત્રીપુરુષોની મિશ્ર મંડળી હોય તો મર્યાદા વધારે ચીવટથી સાચવવી જોઈએ.

આપણે જોયું કે પહેરવેશમાં મુખ્ય મર્યાદાબુદ્ધિ કામ કરતી હોય છે. તો તે ઉપરથી આપણે કહી શકીએ કે જે બાળકોમાં મર્યાદાબુદ્ધિ હજી પ્રવૃત્ત થઈ નથી, તેવાં નાનાં બાળકોને ઘરમાં વસ્ત્રો પહેરાવવાની જરૂર નથી; હું તો શરીર-વિકાસની દૃષ્ટિએ પણ નાનાં બાળકોને સમધારણ હવામાનમાં વસ્ત્રોની જરૂર નથી એમ માનું છું. આગન્તુકોની હાજરીમાં પણ તેમને એક ચડ્ડી બસ થાય. બાળકમાં એ બુદ્ધિ આવતી જાય તેમ તેમ તેને વસ્ત્રો પહેરાવવાં જોઇએ. એ દૃષ્ટિએ મેં કહ્યું કે છોકરી મોટી થાય, તેની મર્યાદાબુદ્ધિ વધતી જાય તેમ તેમ તેનું શરીર વધારે ઢંકાય એવો પહેરવેશ તેને આપતાં જવો જોઇએ. તે જ પ્રમાણે કિશોર અને યુવાન સ્ત્રીપુરુષોમાં શણગારની વૃત્તિ પ્રબળ હોય છે માટે તેમનો પોશાક મર્યાદાશીલ રહેવા ઉપરાંત તેઓ તેને યથેચ્છ રીતે શરીરના અલંકાર તરીકે વાપરે તેની તેમને છૂટ રહેવી જોઇએ, એટલું જ કે ખોટી ટાપટીપમાં એ ન ઊતરી પડવો જોઈએ. અને તે જ પ્રમાણે માણસ ઘરડો થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે એનામાંથી અલંકારનો મોહ ઊતરી જાય એ સ્વાભાવિક છે. એટલે ઉંમર થતાં માણસનો પોશાક વધારે સાદાઈ તરફ જવો જોઈએ.

આ પ્રમાણે પોશાકનું સ્વરૂપ અનેક બાબતો ઉપર આધાર રાખે છે. તેમાં મુખ્ય દૃષ્ટિ મર્યાદાની છે અને તે પછી તેમાં અનેક દૃષ્ટિબિન્દુઓ ભળે છે, જેવાં કે મળવાનું સ્થાન, મળવાનું પ્રયોજન, મંડળીનો અંદર અંદરનો સંબંધ તથા અંદર અંદરની અપેક્ષા. અને આ મર્યાદાબુદ્ધિ માણસમાં સ્વાભાવિક છે તેમ છતાં મનુષ્યકૃત છે અને તેથી માણસ તેમાં બુદ્ધિપૂર્વક ફેરફાર કરી પણ શકે. અસહકારના પ્રચાર સાથે થયેલો પહેરવેશનો ફેરફાર એવો બુદ્ધિપૂર્વક કરેલો ફેરફાર છે. જીવનને સાદું બનાવવા અને અનેક નાનાં નાનાં ઘોળો કોમો નાતો વગેરેને ભેદી એકત્વની ભાવના પ્રસરાવવા તે યોજાયેલો છે. તે પોશાક સરકારે માન્ય કરેલો નથી એવો વાંધો કેટલીક કોર્ટોએ થોડો વખત અસહકારી પોશાકવાળા વકીલો સામે લીધો, પણ હવે તો કોઈ કોર્ટ એવો વાંધો લેતી નથી. એ પ્રમાણે સમાજ અમુક પ્રયોજનની ખાતર ફેરફાર કરી શકે છે.

તેમ જ આ મર્યાદાબુદ્ધિને પણ મર્યાદા છે. જીવનના કેટલાક પ્રસંગે, કે કેટલાંક પ્રયોજનોમાં તે નિરવકાશ બને છે, જેમ કે ડાક્તર કે વૈદ્યની સલાહ માટે શરીર તપાસાવવું હોય કે શરીરની સારવાર કરવાની હોય ત્યારે. એવે પ્રસંગે મર્યાદા-બુદ્ધિની નાજુકાઈ અગવડકર્તા થઈ પડે એટલું જ નહિ, કોઈ વાર જીવલેણ પણ નીકળે. ઇંગ્લેંડમાં સ્ત્રીઓની પ્રસૂતિનું કામ સામાન્ય રીતે પુરુષ ડોકટરો જ કરે છે. આપણે ત્યાં સાધારણ રીતે પ્રસૂતિને સમયે દાયણો જ હાજર રહે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આમાં મર્યાદાબુદ્ધિનો પ્રશ્ન નથી, ન હોવો જોઇએ. આવે પ્રસંગે રૂઢિને એક બાજુ મૂકીને હિતદષ્ટિથી કામ કરવું જોઇએ. આપણામાં પહેલાં સ્ત્રીઓ પુરુષોની મદદ ન લે એવો રિવાજ હતો પણ તે હવે નીકળી ગયો છે, મુંબઇમાં અને બીજી ઘણી જગાએ હિન્દુ સ્ત્રીઓ પુરુષ ડૉક્ટરોની મદદ લે છે અને તેમાં કશું ખોટું નથી. એવી નાજુકાઈ નીકળી જવી જોઈએ. એ મર્યાદાબુદ્ધિનો અતિરેક છે.

૭ સ્વચ્છતા: વ્યવસ્થા: શોભા: અલંકાર

પહેરવેશના પ્રકરણમાં આ ચારેય સંબંધી છુટાછવાયા વિચારો આપેલા છે તેથી એની પછી આ વિષય ઉપર કહેવું અનુકૂળ પડશે. ત્યાં મેં કહેલું હતું કે મર્યાદાબુદ્ધિ એ માનવતાની જ વિશેષતા છે, પશુપક્ષીઓમાં એ નથી. આપણે આ પ્રકરણમાં લીધેલા વિષયો પણ વત્તેઓછે અંશે માનવની વિશેષતા છે, જોકે મર્યાદાબુદ્ધિ જેટલી નહિ. પશુઓમાં બિલાડીઓ હમેશાં સ્વચ્છ રહે છે. 'માર્જાર'નો અર્થ જ સાફ કરનાર એવો થાય છે. ઊધઈનો કે મધમાખોનો વસવાટ જુઓ તો તેમાં માણસનાં ઉત્તમમાં ઉત્તમ મ્યુનિસિપાલિટીવાળાં શહેરો કરતાં પણ વધારે સારી વ્યવસ્થા જણાશે. પશુપક્ષીઓ ઘણી વાર શોભાના ભાનથી એકબીજા પાસે પોતાના શરીરનો દેખાવ કરતાં માલૂમ પડશે, અને જો કે કોઇ પશુ કે પ્રાણી પોતાની મેળે પોતાના શરીરને અલંકાર લગાડતું જણાશે નહિ પણ કુદરત પોતે જાણે અમુક અમુક પ્રાણીઓને અલંકાર પહેરાવતી જણાય છે અને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પ્રાણીના વર્તનમાં એ અલંકારનું અભિમાન અને મોહ હોય એવું જણાય છે, અને તેમ છતાં માનવ સિવાયનાં પ્રાણીઓ આ બધું જાણે આપણે કરીએ છીએ તેમ વિચારપૂર્વક કરતાં જણાતાં નથી. જાણે જન્મથી જ સ્વભાવમાં ઊતરેલી વૃત્તિના બળે કરતાં હોય એમ જણાય છે. માત્ર માણસ જ આ વૃત્તિઓને બુદ્ધિની ભૂમિકા ઉપર જોઈને ઓળખીને તેની પ્રવૃત્તિ કરી શકે છે.

આ ચારેય ગુણોમાં આપણે સ્વચ્છતાને પ્રથમ સ્થાન આપવું જોઈએ. સ્વચ્છતા શું છે તે સમજાવવાની જરૂર નથી. દરેક સમજણું માણસ સમજે છે કે એ શું છે. એક સ્વચ્છ કપડું અને એક મેલું કપડું કોઈની પણ પાસે મૂકો તો તે તરત કયું સ્વચ્છ તે કહી આપશે અને સ્વચ્છ એને ગમશે પણ ખરું જ. બીજો ગુણ વ્યવસ્થાનો એ સમજાવવો જરા અઘરો છે. છતાં વ્યવસ્થાના ઉત્તમ દાખલા અને તેની પડખે ગેરવ્યવસ્થાના ખરાબ દાખલા સરખાવવાથી વ્યવસ્થા શું છે તે તરત સમજાશે. કોઈ ઘરમાં કપડાં ગમે ત્યાં પડ્યાં હોય, વાસણ ગમે ત્યાં પડ્યાં હોય, પેટીઓ આડી-અવળી પડેલી હોય, ગાદલાં, ગોદડાં, ખાટલા, પાટલા બધું ઘરમાં વેરણછેરણ પડેલું હોય તો એ દૃશ્યથી આપણને ઘણો જ અણગમો થાય. અવ્યવસ્થાને લીધે ત્યાં સ્વચ્છતા પણ ઘણે ભાગે નહિ જ હોય. તેથી ઊલટું ભલે ગરીબનું ઘર પણ ચોખ્ખું હોય, ઠામ વાસણ ભલે ઠીંકરાનાં જ પણ દરેક જગાએ હોય, ઉપર ગણાવી તે દરેક ચીજ પોતાની જગાએ હોય, ક્યાંય કચરો ન પડ્યો હોય, દરેક ચીજ શોધવી હોય તો અંધારે પણ તરત હાથ લાગે એમ મૂકેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, કામ કરવામાં કોઈ ચીજ આડે આવે એવી રીતે પડેલી ન હોય, એવા ઘરને આપણે વ્યવસ્થિત કહીએ.

ત્રીજા ગુણ તરીકે ગણાવેલી શોભાનો હું જરા વિસ્તૃત અર્થ કરું છું. શોભાનો અર્થ અહીં હું સુંદર દેખાવા માટે કોઇ સુંદર ચીજ ઘરમાં લાવીને મૂકી હોય, કે શરીરને ઘરેણું લગાડેલું હોય એને અહીં હું શોભા કહેવા માગતો નથી. તેને હું અહીં અલંકાર કહીશ. શોભાનો અર્થ અહીં હું એવો કરવા ઇચ્છું છું કે જે કંઇ કામ કરીએ તે એવી રીતે કરીએ કે તે શોભે, ખરાબ કે કઢંગું ન દેખાય. આ કંઈક અંશે કુદરતી બક્ષિસ છે એમ કહી શકાય. કોઇ કોઈ માણુસ અમુક અમુક ક્રિયાનું કઢંગાપણું સુધારી શકતા નથી. છતાં નાનપણુથી સરત રાખી હોય તો માણુસ ઘણી ખરી ક્રિયામાંથી કઢંગાપણું કાઢી નાખી શકે અને જરા શોભે એવી રીતે એ ક્રિયા કરી શકે. અને અલંકાર એટલે કેવળ સુંદરતાને માટે જ કોઇ ચીજ કે વસ્તુ બનાવી હોય તેનો ઉપયોગ. એ અર્થમાં હું અહીં આ ચાર વિષયોની ચર્ચા કરવા ઇચ્છું છું.

માણુસમાં ઉપર કહ્યું તેમ શોભાની શક્તિ કે આવડત ઓછી હોય, તેની પાસે અલંકાર વસાવવા જેટલાં નાણું ન હોય, અને કદાચ વ્યવસ્થા આણવાની શક્તિ પણ ઓછી હોય, પણ સ્વચ્છતાની શક્તિ કોઇનામાં જન્મથી નથી એમ ન કહી શકાય. બીજી શક્તિઓના પ્રમાણુમાં સ્વચ્છતાની શક્તિ માણુસ પોતે કેળવી શકે છે. સ્વચ્છતા ઓળખી ન શકાય એવી વસ્તુ નથી. સ્વચ્છતાના સામાન્ય ઉપાયો સમજવા મુશ્કેલ નથી. છતાં માણુસ અસ્વચ્છ કેમ રહે છે? તેનો સીધો જ જવાબ છે: પ્રમાદથી અને પ્રમાદથી પડેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેવથી. લાંબી ટેવથી પછી તેને અસ્વચ્છતાની સૂગ પણ ઓછી થઈ જાય છે અને પોતે વસ્તુઓને અસ્વચ્છ કરે છે, થવા દે છે, તેનું પણ તેને ભાન રહેતું નથી. અસ્વચ્છતા જેમ વ્યક્તિનું દૂષણ છે, તેમ જ તે એક સામાજિક ગુનો છે, સમાજનું અપમાન છે, તેનો દ્રોહ છે.

સ્વચ્છતા કેવી રીતે રાખવી એ તો એક વાર માણસ નિશ્ચય કરે તો પોતાની મેળે રાખી શકે છે. છતાં આપણે આ વિષયની થોડી ચર્ચા કરીએ. સ્વચ્છતામાં આપણે પ્રથમ માણસના શરીરની સ્વચ્છતા વિશે વિચાર કરીએ. દાતણ, કોગળા, સ્નાન, મોં ધોવું, હાથપગ ધોવા વગેરે ક્રિયાઓથી આપણે શરીર સાફ રાખીએ છીએ. આ ક્રિયાઓ કરતાં શરીરના અમુક અમુક અવયવો જ્યાં મેલ એકઠો થવાનો સંભવ છે અને જે નહાતાં ધોતાં સાફ થવા રહી જવા સંભવ છે તે તરફ ખાસ ધ્યાન દેવું જોઇએ. માબાપોએ છોકરાંને નહાતાં અને સાફ થતાં પણ શીખવવું જોઈએ. શરીરના બધા સાંધાઓ, અંગ અંગ વચ્ચેની સંધિઓ, બગલ, જાંગનાં મૂળ, એ બધા મેલ ભેગો થવાનાં, અને પસીનો ભેગો થઇ ગંધાવાનાં સ્થાનો છે. કાન પછવાડેની જગા, એ પણ એવું સ્થાન છે. પણ એક જગા જ્યાં વારંવાર મેલ ભરાયા કરે તેવી છે, તે છે આંગળાંના નખ. હાથથી કામ કરીએ છીએ, પગથી ચાલીએ છીએ, એટલે એ હાથપગનાં આંગળાંના નખમાં તરત મેલ ભરાય છે. મહાત્માજી તો બાળકોની ચોખ્ખાઇની પરીક્ષામાં હમેશાં નખ તપાસે છે. અહીં એ કહેવું જોઈએ કે આપણી કેટલીક સ્ત્રીઓ પશ્ચિમના અનુકરણથી શોભાને ખાતર હાથનાં આંગળાંના નખ લાંબા વધારે છે તે શરીરમાં મેલના સ્થાનોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારો કરે છે એટલું જ નહિ, એ ઝેરનાં સ્થાનો પણ વધારે છે. કેટલાંય વિષો અને ઝેરી જંતુઓ એમાં સંતાઈ રહે છે. હાથ એ સાફ કરવાનું સાધન છે, અને એ જ ખાવાનું સાધન છે એટલે હાથ મારફત કોઇ પણ વિષ તરત પેટમાં જાય છે. મને યાદ છે કે એક કેસમાં રાસાયનિક શોધ કરતાં દાક્તરને જણાયેલું કે દરદીના મેલનું જ વિષ તેના નખ મારફત તેના પેટમાં જવાથી તેને અમુક વ્યાધિ થયો હતો અને નખ વધાર્યા હોય તો સાધારણ કામ કરનાર માણસને તો વારંવાર નખમાં મેલ ભરાયા કરવાનો સંભવ છે જ. માત્ર કામ ન કરનાર પૈસાદારોને જ આ શોભા પોસાય એમ હું તો માનું છું. પણ શોભા ખાતર આ રીતે મેલનાં સ્થાનો થવા દેવાં એને હું અશાસ્ત્રીય વૃત્તિ ગણું છું.

જેમ શરીર સ્વચ્છ રાખવું તેમ પહેરવાનાં કપડાં પણ સ્વચ્છ રાખવાં. જેમ શરીરના અમુક અવયવોમાં મેલ ભરાવાનો સંભવ છે તેમ જ કપડાંમાં પણ તરત મેલ લાગવાનાં સ્થાનો છે. દાખલા તરીકે કોટ કે પહેરણના કાંઠલા તરત મેલા થાય. બાંયનો કાંડા ઉપરનો ભાગ તરત મેલો થાય. શરીરમાં બગલ મેલી થાય છે તેથી વસ્ત્રોનો પણ એ સાંધો વહેલો મેલો થાય અને વસ્ત્ર મેલું છે કે નહિ એની પરીક્ષા આ ઝટ મેલાં થનારાં સ્થાનોથી કરવી જોઈએ.

વસ્ત્ર પછી ઘર અને આંગણું આવે. ઘરમાં પણ એવા ભાગો છે જ્યાં કચરો ભરાઈ રહેવાનો સંભવ ઘણો જ છે. ઘરના ખૂણા, પેટીઓ અને કોઠીઓનાં વચાળાં, કબાટ અને ભીંત વચ્ચેની સાંકડી જગાઓ, ખાળો વગેરે તરત ધ્યાનમાં આવશે. અલબત જાજરૂ તો ગંદવાડનું જ સ્થાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પુસ્તકાલય ગુરુકુલ કાંગડી
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાત્માજી જેમ બાળકોની ચોખ્ખાઇની પરીક્ષા તેમના નખ તપાસીને કરે છે તેમ જ ઘર કે મકાન કે સંસ્થાની ચોખ્ખાઇની પરીક્ષા તેના જાજરૂથી કરે છે. આ બાબત તરત લક્ષમાં આવે એવી છે એટલે એ ઉપર વધારે લખતો નથી. પણ એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ. ઘર સાફ કરીને તેનો કચરો બીજાની હદમાં કે જાહેર રસ્તા ઉપર ફેંકી દઇ કૃતાર્થ નહિ થવું જોઇએ. ગુજરાતીઓની આ ઘણી ખરાબ ટેવ છે. બધા ટીકા કરે છે કે ગુજરાતીઓ પોતાનાં ઘર અંદરથી સ્વચ્છ રાખે છે પણ ઘરનો કચરો જાહેર જગાએ નાંખતાં તેમને જરા પણ શરમ આવતી નથી. ગુજરાતમાં અનેક સુંદર જગાઓ છે અને ત્યાં લોકો ઉજાણી કરવા અથવા દર્શન નિમિત્તે એકઠાં થાય છે. આવાં સ્થાનોમાં થોડો વખત ગાળવો, ખાવું, પીવું, રમવું, આરામ કરવો એ જીવનમાં એક આનંદનો પ્રસંગ છે. પણ ઘણાએ જોયું હશે કે આપણા લોકો ત્યાં જમી રહ્યા પછી જગા સાફ કરવાની જરા પણ ચિંતા રાખતા નથી. એથી આપણાં સુંદર સ્થાનો છાંડેલા સડતા ધાનથી પતરાવળાંથી અને માણસોના બીજા પણ ગંદવાડથી હમેશાં દૂષિત થયેલાં રહે છે. આમ કરવાથી પરિણામ એ જ આવે છે કે દરેકને પોતાની આગળ ગયેલાનો ગંદવાડ સાફ કરવો પડે છે. સાફ કરવામાંથી કોઇ બચી તો નથી જ જતું. મારા એક મિત્ર ઇંગ્લેંડ જઈ આવેલા તે કહેતા હતા કે તેઓ ઇંગ્લેંડમાં કોઈ સરોવરે કે એવી કોઈ સુંદર જગાએ કેટલાક મિત્રો સાથે ઉજાણી કરવા ગયેલા. ખાવાની ચીજો ઉપાડવા સ્ટેશનેથી એક બાઇને મજૂર કરી લઈ ગયેલા. પડીકાં ખોલ્યા પછી એ બાઈ પડીકાંના બધા કાગળના ડૂચા સાથે લેતી ગઈ, "એમ ડૂચા પડી રહેવા દઇએ તો જગાની સુંદરતા લોપાય ને!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો સામાજિક ગુણ વ્યવસ્થાનો છે. વ્યવસ્થાની વ્યાખ્યા કે સમજૂતિ આપવી મુશ્કેલ છે, જોકે સારી વ્યવસ્થાવાળું ઘર અને ખરાબ વ્યવસ્થાવાળું ઘર તરત જણાઈ આવશે. અહીં હું વ્યવસ્થાનો અર્થ કંઈક બાહ્ય વસ્તુઓની વ્યવસ્થા એવો જ કરવા ઇચ્છું છું. ધંધાની કે ધંધાને અર્થે ચાલતાં કાર્યાલયોની વ્યવસ્થાનો અહીં સમાવેશ કરવા ઇચ્છતો નથી, જોકે માનસિક શક્તિ તરીકે બન્ને એક જ છે એમ કહી શકાય. અહીં વ્યવસ્થા એટલે દરેક ચીજને માટે નિશ્ચિત સ્થાન હોય અને દરેક ચીજ તે જ સ્થાને હોય અને એ સ્થાનો એવી રીતે નક્કી કર્યાં હોય કે જુદી જુદી આવશ્યક ક્રિયાઓમાં એ વ્યવસ્થા સહાયક બને અને ઓછામાં ઓછું નડતર કરે. તમે અભ્યાસ માટે એવી રીતે બધું ગોઠવો કે લખવાનાં સાધનો અમુક જગ્યાએ જ હોય, ખડિયો એવી જગાએ ગોઠવો કે લખતાં હાથ પહોંચાડવો સહેલો પડે અને તેની સાથે સાથે તે લખવાનું કે બીજું કાંઈ પણ કામ કરતાં ઢળી ન જાય, ચોપડીઓ એવી રીતે ગોઠવો કે તરત હાથ આવે અને લખવા વાંચવાનું રાચરચીલું એવી રીતે ગોઠવો કે જોઇતો પ્રકાશ મળે, ઘરમાં હરતાં ફરતાં આડું ન આવે, વધારેમાં વધારે ત્યાં શાન્તિ સચવાય, કચરો કાઢતાં ભરાઈ ન રહે, વગેરે વગેરે. આ તો મેં વિદ્યાર્થીને ઝટ સમજાય તેવો લખવા વાંચવાનો દાખલો આપ્યો પણ રાંધવાનાં સાધનો પણ ઉપરની જ રીતે ગોઠવવાં જોઇએ. બધાં કામ કરવાનાં સાધનો પણ એવી જ રીતે ગોઠવવાં જોઇએ. વ્યવસ્થાનો ગુણ માનવજીવનમાં સદોપયોગી છે, દરેક કામમાં તે ઉપયોગી છે. માણસ જાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ જેમ પ્રગતિ કરે છે તેમ તેમ વ્યવસ્થા સુધરતી જાય છે. મોટી મોટી ઑફિસો કે કાર્યાલયોમાં, રસ્તા અને વાહનોની આવજામાં, રેલ્વે અને તેનાં ટાઇમટેબલોમાં સર્વત્ર વ્યવસ્થાનું જ સામ્રાજ્ય નજરે પડશે. વ્યવસ્થાથી આપણી કાર્યશક્તિ વધે છે એટલું જ નહિ તેથી એક જાતની શક્તિનું અને સ્વસ્થતાનું વાતાવરણ પેદા થાય છે.

આની સાથે જ હું શોભાનો પણ ઉલ્લેખ કરીશ. દરેક કામ સ્વચ્છ રીતે કરીએ, વ્યવસ્થાપૂર્વક કરીએ, તે ઉપરાંત તે શોભે એવી રીતે કરી શકીએ તો ઘણું સારું. એથી એક પ્રકારનો સામાજિક આનંદ અને સુખમાં વધારો થાય છે. આ વાત એક કે બીજા રૂપે, એક કે બીજા શબ્દોમાં દરેક સુધરેલા સમાજે સ્વીકારેલી હોય છે. દરેક કામ રૂડી રીતે કરવું એમ આપણે કહીએ છીએ. દરેક કામ ઠાવકાઈથી કરવું, સર્વની સાથે ઠાવકાઇથી વર્તવું, એમ પણ આપણે કહીએ છીએ. સ્ત્રીઓ જેને કામ કરવાનો વળોટ કહે છે તે પણ આ શોભા કે ઠાવકાઇ જ છે. કોઈ પણ એક જ શબ્દથી મારું આખું વક્તવ્ય હું કહી શકતો નથી, પણ એ સમજાશે કે દરેક કામ સ્વચ્છતાથી વ્યવસ્થાથી કરવા ઉપરાંત તે શોભે તેવી રીતે કરી શકાય છે. મેં આગળ કહ્યું તેમ એ ગુણ બધામાં એકસરખો હોતો નથી, કેટલાકમાં તે નૈસર્ગિક હોય છે, છતાં એ તરફ ધ્યાન રાખ્યાથી કંઈક ઠાવકાઇ કેળવી શકાય છે.

કોઇને લાગશે કે આ શોભાને આચારમાં શા માટે સ્થાન આપ્યું છે ? પણ શોભાથી ઊલટું કઢંગાપણું તો આચારદોષ છે, અથવા એ ટાળવા પ્રયત્ન કરવો જોઇએ એ તો દરેક કબૂલ કરશે. અને અભ્યાસથી કઢંગાપણું બધુંય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ તો થોડું પણ ટાળી શકાય છે. કઢંગાપણાની થોડીક ટેવોમાંથી તો સંભાળથી બચી શકાય. ખાતાં ખાતાં વેરાય, હાથનાં આંગળાં આખાં બગડે, પીતાં પીતાં મોં પર પીણાનો આંકો પડે, પીતાં પીતાં ઢોળાય, કપડાં બગડે, લોટામાંથી પ્યાલામાં પાણી લેવા જતાં પાણી ઢોળાય, કોઇ એક ચીજ લેવા જતાં વચમાં આવતી ચીજ હડફેટમાં આવે, કોઈ વાસણ લેવા જતાં હાથમાંથી પડી જઇને અંદરની વસ્તુ ઢોળાય, વાસણ ફૂટે, હાલતાં ચાલતાં કોઇને આપણું અંગ અથડાય કે ઘસાય, ઊઠવા જતાં કપડાં ખોટી રીતે તણાઈને ફાટે કે ખસી જાય, ચાલતાં ભોંય પર ઢસડાય, આવી કુટેવો તો વિશેષ ધ્યાન આપીને સુધારી શકાય. લખતાં આંગળાં શાહીવાળાં થાય, શાહી ઢળે, હોલ્ડર બગડે, ટાંક બગડે કે ભાંગે, શાહીનાં ટીપાં પડે, એ પણ સુધારી શકાય એવું છે. ઘણા લોકો ચોપડીઓનો ઉપયોગ એવી ખરાબ રીતે કરે છે કે એમના વાપર્યા પછી એ ચોપડી વાંચવા માટે લગભગ નિરુપયોગી થઈ જાય. વાંચતાં ચોપડી ફાટી જાય, પાનાં વળી જાય, પૂંઠાં મેલાં થાય, તેના પર ડાઘ પડે એ બધાની સંભાળ રાખવી જોઇએ, ચોપડી પોતાની હોય તોપણ — પારકી હોય તો વિશેષે કરીને. આ રીતે દરેક કઢંગાપણું ગણાવ્યે પાર ન આવે. માણસે પોતે પોતાના ટીકાકાર થવું જોઇએ અને પોતાની રીતભાત સુધારવી જોઇએ. બીજાના દોષો નજરે પડે તો એ દોષ પોતામાં છે કે કેમ તે વિચારવું જોઈએ અને મિત્રો સાથે એવો સંબંધ રાખવો જોઇએ કે આવી કોઈ કુટેવ હોય તો મિત્રો તે તરફ આપણું ધ્યાન દોરી શકે.

અહીં જેને મેં કામ કરતાં નજરે પડતી શોભા કહી તે અનેક બાબત ઉપર આધાર રાખે છે. એ કામની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વચ્છતા અને વ્યવસ્થા ઉપર આધાર રાખે છે જ. પણ તે ઉપરાંત કામની ફાવ, કે સૂરત તરફ જેને કામની ફાવટ કહે છે, તે ઉપર પણ આધાર રાખે છે. ફાવ કે ફાવટ એટલે જે કામ કરતા હોઈએ તેને માટે સૌથી વધારે ઉચિત શરીરની સ્થિતિ અને ચલનવલન. એ ફાવટ કંઈક શરીર-સ્ફૂર્તિ ઉપર આધાર રાખે છે. પણ તે ઉપરાંત તેમાં શરીરની સ્થિતિ અને ગતિની સુઘડતા અને સુંદરતા પણ રહેલી હોય છે. અહીં સુંદરતા એવી બાબત છે જે કંઈક કુદરતી બક્ષિસ છે. પણ તે સિવાયની બીજી બધી બાબતો ઓછાવત્તા પ્રયત્નથી ઓછીવત્તી મેળવી શકાય એવી છે.

અલબત અહીં સુંદરતા પણ ઇષ્ટ છે એમ મેં કહ્યું. આ કહેતાં મારે એક ચેતવણી પણ આપવી જોઈએ. મેં કહ્યું કે શોભા માટે સ્વચ્છતા, વ્યવસ્થા કરવા શરીરની સ્ફૂર્તિ અને સૌન્દર્ય બધાં જરૂરનાં છે. આમાં સૌન્દર્ય સિવાયની બધી બાબતો પ્રયત્નસાધ્ય છે અને સૌન્દર્ય પ્રયત્નસાધ્ય નથી. છતાં માણસોનો સ્વભાવ એવો છે કે ઉપર ગણાવી તે અનેક પ્રયત્નસાધ્ય વસ્તુઓ માટે પ્રયત્ન ન કરતાં તે સૌન્દર્ય માટે જ વધારે પ્રયત્ન કરે છે. એ એની નિર્બળતા છે, પણ કૃત્રિમ ખોટા પ્રયત્નથી સૌન્દર્ય સધાતું નથી. એટલું જ નહિ પણ માણસ તેથી ઉપહાસપાત્ર બને છે. કેટલાકના પ્રયત્નોમાં આછકલાઇ આવી જાય છે, ખરા સૌન્દર્યમાં આછકલાઈ આવતી નથી. અને સૌન્દર્યના ખોટા પ્રયત્નો ઘણી વાર લટકાંમાં પરિણામ પામે છે. કઢંગાપણું કાઢવા માટે આપણે જેટલો પ્રયત્ન કરવો જોઇએ તેટલી જ આપણાં હલનચલનમાં લટકાં ન આવી જાય તેની સંભાળ રાખવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઢંગાપણાની વાત તમે કબૂલ કરશો અને છતાં શોભાનો પ્રશ્ન કદાચ તમારા મનમાં રહી જશે. તો એ વિશે તાત્ત્વિક ચર્ચામાં ઉતરવાને બદલે હું એક દાખલો જ આપીશ. લખતાં શીખવા વિશે બોલતી વખતે આપણે કહીશું કે અક્ષરો ચોખ્ખા હોવા જોઈએ, તેમાં ડાઘાડૂઘી ન જોઈએ, તેમાં વ્યવસ્થા જોઈએ અર્થાત્ લીટીઓ સીધી જોઈએ, તે ઉપરાંત અક્ષરોનો મરોડ પણ સુંદર હોવો જોઈએ, જોકે સુંદરતાને લીધે વાંચવામાં બાધ આવે એવા તે થઈ જવા જોઈએ નહિ. તેમ જ આપણી સામાન્ય ક્રિયાઓ સ્વચ્છ વ્યવસ્થિત હોવા ઉપરાંત શોભીતી હોય તો એ ઇષ્ટ છે.

હવે હું અલંકારનો વિષય હાથમાં લઈશ. અલંકારનો અર્થ મેં ઉપર કર્યો કે, જે વસ્તુ માત્ર સુન્દરતાને માટે જ બનાવી હોય અને મૂકી હોય, નિયોજી હોય, તે અલંકાર છે. અલંકાર શરીર ઉપર હોય છે તેમ જ ઘરની અંદર, ઘરના દીવાનખાનામાં, મકાન ઉપર વગેરે અનેક જગાએ હોય છે. દીવાનખાનામાં મૂકેલાં ચિત્રો, ફોટાઓ એ દીવાનખાનાના અલંકારો છે, કેટલાક દીવાનખાનામાં માત્ર સુંદરતા માટે, ઉપયોગ માટે નહિ પણ સુંદરતા માટે, સુંદર આકાર કે ચિત્રામણવાળા કલશો, દીવીઓ, ફૂલદાનીઓ વગેરે રાખે છે. ત્યાં એ કલશ અને દીવી પણ અલંકાર જ છે. અહીં હું મારો એક અભિપ્રાય નોંધું, કે અલંકાર માટે દીવી કે કલશ મૂકવો તેના કરતાં ઘરમાં વપરાતા લોટા, ઠામ વાસણો સાજ ઉપસ્કર બધાં જ સુંદર ઘાટવાળાં હોય એ વધારે સારું છે. તેથી સુંદરતા આખા વ્યવહારમાં વ્યાપે છે. માત્ર સુંદરતા માટેના અલંકારો તો પૈસાદારો જ રાખી શકે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એથી સુંદરતા એ જાણે કંઈ વ્યવહાર બહારની જ વસ્તુ છે, વ્યવહાર સાથે અસંગત છે એવો ભ્રમ પેદા થાય છે, જે જીવનમાં હાનિકારક છે. એટલે સુંદરતાને, સુંદર ઘાટને વધારે વ્યાપક કરવાની જરૂર છે. પણ આ એક મારો અંગત અભિપ્રાય છે અને ચાલુ વિષયમાં તેને નિકટનો સંબંધ પણ નથી, કારણ કે ઘરની અંદરના અલંકારોની હું અહીં વાત કરતો નથી, હું માત્ર શરીર પરના અલંકારોની, વસ્ત્રાલંકારોની વાત કરું છું. મેં આગળ કહ્યું કે વસ્ત્રનું મુખ્ય કામ શરીરની મર્યાદા સાચવવાનું છે. પણ તે ઉપરાંત વસ્ત્રો અલંકાર માટે પણ વપરાય છે અને સામાન્ય પ્રસંગે પણ થોડા અલંકારો રખાય છે. અમુક અલંકારો સ્ત્રીઓ માટે રૂઢિથી આવશ્યક મનાય છે અને કોઈ કોઇ પ્રસંગો તો ખાસ વસ્ત્રાલંકારના જ ગણાય છે. માણસમાં શરીરને શણુગારવાની પણ એક વૃત્તિ રહેલી છે, શરીર શણુગારી હાજર થવું કે ફરવું એ હર્ષ બતાવવાની સ્વાભાવિક રીત છે અને એમ કરવાથી આખા મંડળ કે સમાજના હર્ષમાં વૃદ્ધિ થાય છે. દાખલા તરીકે કોઈને ઘેર લગ્ન હોય ત્યારે વસ્ત્રાલંકારમાં સજ્જ થઇ હાજરી આપવી એ સામેનાના હર્ષમાં વૃદ્ધિ કરવા બરાબર છે. આવા પ્રસંગોએ યોગ્ય વસ્ત્રાલંકારમાં હાજર થવું એમાં કશું અનુચિત નથી, ઊલટું ખાસ કારણ વિના એમ ન કરવું એ અવળપ છે, લોકોની સામાન્ય અપેક્ષાને નિરર્થક આઘાત આપવા બરાબર છે. આવા વસ્ત્રાલંકાર સંબંધી ઝીણવટથી કશી સૂચના આપી ન શકાય, પણ આપણા અત્યારના સમાજમાં આ વસ્ત્રાલંકારનો મોહ અતિશયતા સુધી ગયો છે એમ કહેવું જોઈએ. લોકો માગીતાગીને ઘરેણાં પહેરે છે એ મનની પામરતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જ ઘરેણુંના દેખાવમાં ઘણી વાર ઘેલછા ઘણી વાર વેવલાઈ ઘણી વાર ક્ષુલ્લક અભિમાન કે મોટાઇ દેખાડવામાં આવે છે તે ઉપહાસ અને તિરસ્કારપાત્ર છે. આ ઘેલછાના પ્રતિકાર તરીકે જ હમણાં લગ્નપ્રસંગો પણ અતિ સાદાઈમાં ઊજવવાનો રિવાજ અસ્તિત્વમાં આવતો જાય છે અને તેમ છતાં સ્વીકારવું જોઈએ કે લગ્નપ્રસંગ જેવા પ્રસંગો વસ્ત્રાલંકાર પહેરી હરવા ફરવાના સ્વાભાવિક સામાજિક પ્રસંગો છે. માત્ર તેમાંની ઘેલછા જતી રહેવી જોઇએ.

અને જેમ વસ્ત્રમાં તેમ અલંકારોમાં પણ પ્રથમ સ્વચ્છતા વ્યવસ્થા અને સુરુચિ સચવાવાં જોઇએ. મેલ ભરાઇ રહે એવાં ઘરેણાં ન વાપરવાં જોઇએ. કેશરચના પણ એવી ન હોવી જોઈએ, જેથી કપડાં તેલવાળાં થઈને ત્યાં મેલ ચોંટે. તેમ જ ગયા પ્રકરણમાં કપડાં વિષે કહ્યું કે કપડાંમાં પણ ઉંમર વધતી જાય તેમ તેમ સાદાઈ આવવી જોઈએ તેમ જ અલંકારોમાં પણ ઉંમર વધતી જાય તેમ તેમ તેનો મોહ ઘટતો જવો જોઈએ. અત્યારના જમાનાનું વલણ ઘરેણાં અને અલંકારોને ઓછા અને નાજુક કરતાં જવા તરફનું છે અને એ સુરુચિનું વલણ છે એમ કહેવું જોઇએ. અને તે ઉપરાંત સાદાઈ તરફ પણ છે. સાધારણ હર્ષના પ્રસંગે, જેમકે કોઈ પાસ થવાના કે એવા પ્રસંગે કાંઈ ઘરેણાંનો ઠઠારો કરવાની જરૂર નથી હોતી. લગ્નપ્રસંગે કે સમાજમાં કોઈ મહાન સામાજિક સેવા કે હિત કે વિજયના કોઈ યશ:પ્રસંગે જ ઘરેણાં પ્રસંગાનુસાર શોભે. બાકી ખરું તો માણસની સ્થિતિ કે પ્રતિષ્ઠા કે તેના તરફનું માન બાહ્ય અલંકાર ઉપર નહિ પણ તેની આંતર લાયકાત ઉપર આધાર રાખતાં હોવાં જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે સર્વે, આપણાં ખાનગી કામોને અંગે તેમ જ જાહેર કામોને અંગે, જાહેરમાં જ્યાં બધાં જાણીતાં અણજાણીતાં માણસો હોય અને આવે જાય એવો સંભવ હોય, એવાં સ્થાનોમાં જવાઆવવાનું થાય જ છે. એવે પ્રસંગે કેવી રીતે વર્તવું એ એક મહત્ત્વનો પ્રશ્ન છે. એવી જગાના વર્તનથી સામાન્ય વ્યક્તિનો ક્યાસ કરવામાં આવે છે. એટલું જ નહિ, પણ આખા સમાજનો ક્યાસ પણ તેના જાહેરના વર્તનથી જ થાય છે. એટલે જાહેરના વર્તનનું મહત્ત્વ, વ્યક્તિના જીવનમાં તેમ જ સમાજના જીવનમાં ઘણું છે.

જાહેરના વર્તનના મારે સિદ્ધાન્તો કે ધોરણો આપવાનાં હોય તો મેં ગયા પ્રકરણમાં કહ્યાં તે જ આપું: સ્વચ્છતા, વ્યવસ્થા અને શોભા. અલંકારને અહીં અવકાશ નથી એટલે એના ઉલ્લેખની જરૂર નથી. જાહેરમાં વર્તાવના બધા નિયમોનું મૂળ આ ત્રણમાં રહેલું છે. એ રીતે જોતાં એમ કહી શકાય કે આ ત્રણ ધોરણો જીવનમાં ધ્યાનમાં રહે તો દરેક માણસનું જાહેર વર્તન શિષ્ટ પ્રકારનું થાય. પણ તેમ છતાં જાહેરના વર્તન સંબંધી વિગતવાર પણ કહેવાની જરૂર રહે છે. બે દૃષ્ટિએ: એક તો એ કે જાહેરના જીવન માટે કેટલાંક જાહેર સૂચનો હોય છે અને બીજી એ કે ટેવને લીધે અને અજ્ઞાનને લીધે આપણા જીવનમાં ઘણા દોષો પેસી ગયેલા છે તે તરફ ધ્યાન દોરવાની જરૂર છે.

આમાં પહેલું એ કહેવાનું છે કે જાહેરમાં જે અમુક બાબતનો નિષેધ કે મનાઈ કરેલી હોય તેનું પાલન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું જોઈએ. દાખલા તરીકે ટ્રેનના જે ડબ્બામાં, કે ટ્રામ કે બસના જે ભાગમાં, કે નાટ્યગૃહમાં કે સામાન્ય સભામાં બીડી પીવાની મનાઈ હોય ત્યાં બીડી નહિ પીવી જોઈએ. તે સિવાય પણ મોટી સભાઓમાં બીડી ન પીવી એ એક વિવેક છે. સભામાં બધા બીડી પીએ તો વાતાવરણ ધુમાડાવાળું થઈ જાય. આપણા પાડોશમાં એવા માણસો બેઠેલા હોય કે જે સાધારણ રીતે બીડી ન પીતા હોય, તો તેમને ધુમાડાનો ત્રાસ થાય. પીવાની છૂટ હોય ત્યાં પણ પીતા પહેલાં પાડોશીની રજા માગવી એવો અંગ્રેજોમાં પણ રિવાજ છે, જોકે અંગ્રેજોમાં તો ઘણાખરા પુરુષો બીડી પીએ જ છે. સભાઓમાં હોઈએ એટલી વાર બોલીને કે બીજી રીતે અવાજ ન કરવો જોઈએ. એવી મનાઇની સૂચના ઘણી જગાએ હોય પણ છે. કોઇ પણ સભામાં, પછી ત્યાં વ્યાખ્યાન ચાલતું હોય કે સંગીત ચાલતું હોય, ગમે તે ચાલતું હોય પણ ત્યાં અંદરઅંદર વાતો કરી અવાજ કરવો એ આખી સભાનું અપમાન કરવા બરાબર છે. તે જ પ્રમાણે ગમે ત્યાં થૂંકવાની પણ મનાઇ સમજવી જોઈએ. ઘણી જગાએ થૂંકવું નહિ એવાં પાટિયાં લગાડેલાં હોય છે. થૂંકવાથી ક્ષય જેવા કેટલાક ભયંકર રોગો પ્રસરે છે, પણ તે ઉપરાંત થૂંકવું એ ગંદી ક્રિયા છે, તેથી ગંદવાડો થાય છે. આપણા દેશમાં લોકોને જાહેરમાં થૂંકવાની ટેવ પડી ગઈ છે. પાન ચાવીને અને તમાકુ ખાઇને લોકો જ્યાં ત્યાં થૂંકે છે તેથી આવાં પાટિયાં ચોડવાં પડે છે, પણ નહિતર આવાં પાટિયાંની જરૂર ન હોવી જોઈએ. ન થૂંકવાની ટેવ માણસમાં સ્વાભાવિક રીતે જ આવી જવી જોઇએ. થૂંકવાની જરૂર જ પડે તો કોઇને દેખાય નહિ, કોઈને છાંટા ન ઊડે એવી રીતે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુ જઈને થૂંકી આવવું જોઈએ. થૂંકવું, નાક છીંકવું એ પણ મલમૂત્રના ત્યાગ જેવી જ ક્રિયાઓ છે.—જરા ઓછી ગંદી છે એટલું જ.

જાહેરમાં વર્તન સંબંધી બીજો નિયમ એવો કરી શકાય કે અમુક અમુક ક્રિયાઓ માટે નિર્દિષ્ટ સ્થાનો હોય તો તે તે ક્રિયા ત્યાં જ કરવી, બીજે નહિ. શહેરોમાં મલ-મૂત્ર માટે નક્કી જગાઓ કરેલી હોય છે તો તે માટે તે જગાનો જ ઉપયોગ કરવો જોઈએ. પણ ગામડાંમાં જ્યાં આવાં સ્થાનો નક્કી કરેલાં હોતાં નથી ત્યાં આપણે આગળના તે વિષયના પ્રકરણમાં જોઇ ગયા તે પ્રમાણે વિવેક અને મર્યાદા સાચવવાં જોઇએ.

ત્રીજો નિયમ એ છે કે જાહેરની કોઇ વસ્તુ કે સાધન કે જગાનો ઉપયોગ કરતા હોઇએ ત્યારે તેના ઉપયોગની જે રીત નક્કી થયેલી હોય તે જ રીતે તેનો ઉપયોગ કરવો જોઇએ. રસ્તા ઉપર ચાલવું હોય, તો ચાલવાને માટે જે ભાગ જુદો કાઢેલો હોય તેના પર ચાલવું જોઇએ. રસ્તાને આડો કાપવાનો હોય તો તેને માટે નકકી કરેલી જગાએ જ તે કાપવો જોઇએ. પાણીના નળનો ઉપયોગ કરતાં, એ નળ જે રીતે ઉઘાડવાનો હોય અને બંધ કરવાનો હોય તે જ રીતે તેને ઉઘાડી બંધ કરવો જોઇએ. જાહેરનાં જાજરૂ અને મુત્રીઓનો જે રીતે ઉપયોગ કરવાનો હોય તે જ રીતે કરવો જોઇએ. એ રીત તરફ ધ્યાન ન આપી, આપણા માણસો એ જગાનો દુરુપયોગ કરી, તેને ગંદી બનાવે છે, એ આપણા આખા સમાજનું દૂષણ છે. ટ્રામમાં કે બસમાં બેઠકો ઉપર જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે બેસવાનું હોય તે જ રીતે બેસવું જોઇએ. એ બેઠકો પલાંઠી વાળીને બેસવા માટે નથી. લાંબી મુસાફરીમાં રેલ્વે ટ્રેનમાં થાક ઉતારવા બેસવાની રીત બદલાવવી પડે તે જુદો સવાલ છે, પણ એમ કરતી વખતે પણ આપણા પાડોશીને અડચણ ન આવે તેની સંભાળ લેવી જોઇએ. ખરી રીતે લાંબી મુસાફરીમાં, પ્રયોજનને લીધે જાહેર વર્તાવમાં એટલી છૂટ લઈ શકાય છે. પણ સાધારણ રીતે તો બેસવાની જગાએ બેસવાની રીતે જ બેસવું જોઈએ. ઘણા બેસવાની જગાએ ગંદા પગ મૂકી કે જોડાવાળા પગ મૂકી જગા ગંદી કરે છે અને એ રીતે જાહેર ઉપયોગની વસ્તુની ઉપયોગિતા ઓછી કરે છે, અને પછી બેસવા આવનારને અડચણ કે નુકસાન કરે છે. સભામાં બેસતી વખતે પણ, એ જ સંભાળ રાખવી જોઈએ. એટલું જ નહિ હોટેલમાં કે એવી જાતની જાહેર જગાઓએ પણ એ જ સંભાળ રાખવી જોઇએ.

બીજી મહત્ત્વની વાત એ છે કે જાહેરમાં બેસવા ઊઠવામાં કે હરવા ફરવામાં કે બોલવા ચાલવામાં કોઈ જાતની કઢંગી કે બેડોળ વર્તણૂક કરવી ન જોઈએ. ઘણાઓને વિચિત્ર રીતે વર્તવાની ખરાબ ટેવ પડી ગઈ હોય છે. રસ્તે જતાં સિસોટી વગાડવી, ગાવું, ગમે તેમ બોલવું એ અશિષ્ટ છે. ઘણા અમે બીજા કરતાં જુદા છીએ, એવા અભિમાનથી વિચિત્ર વર્તન રાખે છે. ઘણાઓ મિત્રો સાથે જાહેરમાં ફરતાં, પોતે જાહેર જગાએ છે એ ભૂલી જાય છે અને મિત્રો સાથે જેમ ખાનગીમાં મશ્કરી ઠઠ્ઠા થાય તેવા જાહેરમાં પણ કરે છે. ઘણા, મિત્રો સાથે એવી ખાનગી છૂટ જાહેરમાં લેવામાં નિખાલસતા માને છે, ઘણા એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ કે ખરી લાગણીનો સ્વાભાવિક આવિર્ભાવ માને છે અને એવા આવિર્ભાવોને રોકવા એને ડાહ્યલાપણું માને છે, પણ આખા સમાજની દૃષ્ટિએ આવાં વર્તનો રોકવાં એ જ ડહાપણ છે. રસ્તે જતાં ચાલતાં જો બધા લોકો એમ કરે તો કશાની વ્યવસ્થા ન રહે. ખાનગી સંબંધો માટે ખાનગી જીવન છે અને જાહેરમાં સમાજની મર્યાદા રાખવી એ જ સોનેરી નિયમ છે.

જાહેરમાં હોઇએ તેટલો વખત બધાં વર્તનમાં આપણે એક વાત ખાસ યાદ રાખવી જોઈએ, કારણ કે આપણે ગુજરાતીઓ, અથવા કહો કે હિંદીઓ એ વિવેક જાળવવામાં નબળા છીએ. તે એ છે કે કોઈ પણ ક્રિયા કરતાં અવાજ ન કરવો જોઇએ, અવાજ થતો જ હોય તો ઓછામાં ઓછો થવા દેવો. એને માટે સૌથી પહેલું, બહુ જ ધીમે વાતો કરતાં શીખવું જોઇએ. અંગ્રેજોમાં આખી પ્રજાને આ કેળવણી મળેલી જણાશે. બે માણસો વાતો કરશે તે ત્રીજો નહિ સાંભળી શકે. ત્યારે આપણા લોકોને બહુ જ બરાડા પાડીને બોલવાની ટેવ નાનપણથી પડેલી હોય છે. અવાજ હંમેશાં મનને વિક્ષેપક અને ઘણી વાર તો ત્રાસદાયક હોય છે. માણસોના દૈનિક વ્યવહારમાં જ જે અવાજ બંધ કરી શકાતો નથી, કે ઘટાડી શકાતો નથી, તે પણ દુઃસહ છે, તો વાતો કરીને મોટેથી ઘાંટા પાડીને, બૂમો પાડીને કે હસીને પણ તે વધારવો જોઇએ નહિ. પુસ્તકાલયોમાં, શાળાઓ આગળ, પરીક્ષાની જગાઓએ, ન્યાયની કોર્ટો નજીક, હૉસ્પિટલો પાસે, દેવળ, મસીદ, મંદિર વગેરે ધર્મનાં સ્થાનો પાસે, સ્મશાન દખમું કબરસ્તાન જેવી જગાઓ પાસે, ઓછામાં ઓછો અવાજ થાય તેની સંભાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવી જોઇએ. રાતે બધા સૂઈ ગયા હોય ત્યારે સાધારણ બોલવાનો અવાજ પણ ઘણો મોટો અને ત્રાસકારક થાય છે, માટે રાતે તો જાહેર રસ્તેથી પસાર થતાં બિલકુલ અવાજ થવા દેવો જોઈએ નહિ. ભજન નિમિત્તે કે ગાવાને નિમિત્તે કે હર્ષમાં આવી જઈને કે વાતચીતમાં કે વિવાદની રસાકસીમાં પણ અવાજ મોટો ન થઇ જાય તેની સંભાળ રાખવી જોઈએ. ઈંગ્લેંડ જઈ આવેલા હિંદીઓ કહે છે કે ઇંગ્લેંડનાં પુસ્તકાલયોમાં વર્તમાનપત્રોનાં પાનાં ફેરવવાનો અવાજ પણ સાધારણ રીતે થતો નથી, એવો અવાજ થાય તે સહન પણ કરાતો નથી. ઇંગ્લેંડમાં ખાનગી ઘરોમાં મોટા નૃત્યગીતના જલસા થાય છે ત્યારે પણ પડખેના ઘરમાં તેનો જરા જેટલો અવાજ પણ જતો નથી. એ દેશનાં ઘરો એવી રીતે કરેલાં હોય છે. આપણાં ઘરો એવાં નથી, એટલે આપણે એની વધારે સંભાળ રાખવી જોઈએ. ઘરમાં કશું ખાંડતાં કે એવી ક્રિયા કરતાં પડોશીઓ અવાજથી હેરાન થાય નહિ તેની સંભાળ રાખવી જોઇએ. મારા એક મિત્ર ઘણી વાર ફરિયાદ કરે છે કે તેમનો પડોશી મોડી રાતે ખાટ પર હીંચકા ખાઈ આસપાસનાં બધાં ઘરોને સુખે ઊંઘવા દેતો નથી. હમણાં હમણાં આપણા દેશમાં રેડિયો આવ્યો છે, ત્યારે ઘણા માણસો દિવસ આખો, ઊંચામાં ઊંચા અવાજે રેડિયો ચલાવ્યા કરે છે અને આસપાસના આખા લત્તાને હેરાન કરે છે. ખરું પૂછો તો આમ મોટા અવાજથી ખુશ થવું એ બાલિશતા છે, જંગલીપણું છે, નાગરિકતાનો અભાવ છે.

પણ આ રીતે દરેક બાબતની વિગતો આપી શકાશે નહિ. એટલે ખરું તો ગયા પ્રકરણમાં કહી તે સ્વચ્છતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યવસ્થા, શોભાની બુદ્ધિ દરેકના મનમાં જાગૃત રહેવી જોઈએ. ઘણા માણસો ભેગા થાય ત્યાં સ્વચ્છતાની વધારે સંભાળ રાખવી જોઈએ કારણ કે નહિતર બધાનો કચરો ભેગો થતાં બધાં જ જાહેર સ્થાનો કચરાથી અસહ્ય થઈ પડે. તેવું જ વ્યવસ્થાનું અને શોભાનું છે. આપણી જાહેર જગાઓ ગંદી હોય એ જેમ આપણી પ્રજાની સ્વચ્છતાની બુદ્ધિની ઊણપ બતાવે છે તેમ જ આપણા રસ્તામાં લોકો ખોટી રીતે ચાલીને ભીડ કરે, એક બીજા સાથે અથડાય, ટિકિટની બારીએ, કે બસ ઊભી રહેવાની જગાએ, ધક્કામુક્કી કરે, ટ્રેનમાં જગાઓ માટે લડે, એ વ્યવસ્થાની ખામી દેખાડે છે. આપણી જાહેર જગાઓ પર પાનની પિચકારીના ડાઘા, પૂલની દીવાલો પર, તારના થાંભલા પર ચુનાના લપેડા, ટેબલ ખુરશી પર બીડીના ચપકા, ટ્રેનની ભીંતો પર અશ્લીલ લખાણો એ પ્રજાની કુટેવો દેખાડે છે. આખી પ્રજા સ્વચ્છતાથી અને વ્યવસ્થાથી કામ કરે એ પ્રજાની શોભા છે, સંસ્કારિતા છે. સ્વચ્છતા અને વ્યવસ્થા વધારે સચવાય એને માટે નવી નવી યુક્તિઓ કે રીતો શોધી કાઢે એમાં પ્રજાની બુદ્ધિ અને પ્રતિભા રહેલાં છે અને સ્વચ્છતા અને વ્યવસ્થાનું પાલન એ ઊછરતી પ્રજાને કેળવણી છે.

જાહેરના વર્તનમાં સૌથી મહત્ત્વનું એ છે કે બીજાઓની સગવડ અને સ્વસ્થતાનો વિચાર સતત જાગ્રત રાખવો. બીજા વિશે વિચાર કરીએ ત્યાંથી જ માનવસંસ્કારિતાની શરૂઆત થાય છે અને એવી રીતે વર્તતાં આખી માનવજાત તરફ એક જ પ્રકારનું સમભાવવાળું વર્તન હોવું જોઈએ. ઘણા એવા હોય છે કે પોતાનાં સગાંવહાલાં અને નાતના માણસો સાથે બહુ સારું વિવેકવાળું વર્તન રાખે

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, પણ તેની બહાર વિવેકની જરૂર સમજતા નથી. ઘણા ધંધાને અંગે વિવેકશીલ રહે છે. પણ બીજા સાથેના વર્તનમાં ઉદ્ધત રીતે અથવા બેદરકાર રીતે વર્તે છે, ઘણા પોતાના દેશના માણસો સાથે સારું વર્તન રાખે છે પણ પરદેશી સાથે અને પરદેશમાં અન્યથા વર્તે છે, એ જુદા જુદા પ્રકારની, માનવતાની અપૂર્ણતા જ છે. આવી અપૂર્ણતાથી એકંદર માણસ જાતનું દુઃખ ઉદ્વેગ અસ્વસ્થતા વગેરે વધે છે, અને દરેક વ્યક્તિ અને દરેક કોમ અને દેશને નુકસાન થાય છે. આખી માનવતા તરફનો સદ્‌ભાવ એ એક જ જગતનું સુખ વધારવાનો ઉપાય છે.

૯ યજમાન મહેમાન વચ્ચેનો વર્તાવ

આગલા પ્રકરણમાં હું કહી ગયો તેમ ઘરમાં પાળવાની મર્યાદા ઓછામાં ઓછી હોય છે. ઘરના જીવનમાં માણસને આરામથી પોતાની રીતે રહેવાનો વધારેમાં વધારે અવકાશ હોવો જોઇએ, પણ આ મર્યાદાઓ ઘેર મહેમાન આવે ત્યારે અનેક દૃષ્ટિએ બદલાય છે અને નવી દૃષ્ટિએ મર્યાદાનું પાલન કરવાનું આવે છે.

ઘેર આવેલો મહેમાન જો મિત્ર જ હોય, તો તો તે ઘરમાં ઘરના માણસ જેવો થઈ જાય છે. તેને અંગે બહુ ઓછો વિચાર કરવાનો રહે છે. તેથી કુટુંબના માણસોને પોતાનું કુટુંબજીવન જે રીતે ચાલતું હોય તેમાં બહુ ફેરફાર કરવો પડતો નથી. પણ આગન્તુક જેમ ઓછો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચિત તેમ તેના તરફનું વર્તન વધારે સંભાળવાળું રાખવાની જરૂર ઊભી થાય છે.

આવનાર માણસ તદ્દન અપરિચિત હોય એમ માની લઈ આપણે પ્રથમ વિચાર કરીએ. સૌથી પ્રથમ તો આવનાર માણસ અપરિચિત છે, તેથી તેના મનમાં એક જાતનો સંકોચ ઊભો થાય છે કે હું અજાણ્યા માણસોને મારા નિવાસથી અને મારી જરૂરિયાતોથી અગવડમાં મૂકું છું, તેમને તકલીફ આપું છું. આ સંકોચ જેવો આગન્તુકમાં સ્વાભાવિક છે, તેવી જ માણસમાં એક પ્રકારની નવા માણસને જોઈ તેને હર્ષથી આવકારી અપનાવી લેવાની વૃત્તિ પણ સ્વાભાવિક છે, એ વૃત્તિ આગન્તુક જો યજમાન કુટુંબમાં સ્વાભાવિક દેખે તો તેનો સંકોચ ઓછો થાય. મહેમાન તરફનું બધું વર્તન આ પ્રકારનું હોવું ઇષ્ટ છે. એટલે અજાણ્યો મહેમાન આવતાં યજમાન કુટુંબની પહેલી ફરજ આગન્તુક તરફ હર્ષ અને મમતા બતાવવી એ છે. મહેમાન બહારથી આવે છે, તે થાક્યો પાક્યો હોવા સંભવ છે, નવા ઘરમાં ક્યાં નહાવું ક્યાં કપડાં મૂકવાં, કેવી રીતે પોતાની પ્રથમ જરૂરિયાતો માગવી તે બધાનો તેને સંકોચ છે, મૂંઝવણ પણ હોય. માટે યજમાન કુટુંબે સૌથી પ્રથમ તેને કપડાં ઉતારી સ્વસ્થ થઈ બેસવાની જગા આપવી જોઇએ. ઘણાં કુટુંબોમાં આ જ વખતે ઘરનાં બધાં માણસોએ ભેગાં થઈ ઘરના મુખ્ય માણસે સૌની ઓળખાણ કરાવી દેવી એવો રિવાજ હોય છે એ સારો છે, જેથી આવનાર માણસને કંઇ જોઈતું હોય કંઇ પૂછવું હોય તો પૂછી શકે. આવનારની પહેલી જરૂરિયાતો વિચારી લઈ તે હાજર કરવી જોઈએ. સવાર હોય તો તેને દાતણ પાણી આપવું, બીજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત હોય તો તેને પાણી પીવા આપવું, મોં ધોઇ તાજા થવાની જગા બતાવવી, તેની હાજત માટેનાં સ્થાનો બતાવવાં, જરા સ્વસ્થ થાય પછી, તેને માટે ખાસ ઊતરવાની સગવડ હોય, જુદી ઓરડી કે ખંડ હોય, તેને માટે આરામ કરવાને સૂવા બેસવાને જે જે ખાસ જુદાં કાઢેલાં સાધનો હોય તે બતાવવાં, વગેરે અનેક રીતે તેની સામાન્ય જરૂરિયાતોનો વિચાર કરી તે તે જરૂરિયાત પૂરી પાડવી જોઇએ. નવો માણસ કુટુંબના અમુક માણસના ઓળખાણથી મહેમાન થયો હોય તો એ ઓળખાણવાળા માણસે આગળ આવી બીજાનાં ઓળખાણ આપવાં વગેરે કરવું જોઇએ. પણ એમ ન હોય તો ઘરના મુખ્ય માણસોએ એને માટે પહેલી તજવીજ કરવી જોઈએ. આખી દિનચર્યાની જે જે જરૂરિયાત હોય, નાહવાની, જમવાની, આરામ કરવાની વગેરે, તે બધી કરી આપવી જોઇએ. મહેમાનને ખાસ ટેવ હોય, જમવા કરવાની ખાસ જરૂરિયાત હોય તે પૂછી લેવી જોઈએ. નાની નાની જરૂરિયાતો સગવડ અને શોભા પ્રમાણે કુટુંબનાં જુદાં જુદાં માણસોએ વહેંચી લઈ પૂરી પાડવી જોઈએ અને તેમાં બાળકોને પણ તેની યોગ્ય તક અને ભાગ મળવો જોઈએ. ઘરનાં બધાં માણસોનું વર્તન તેના તરફ સભ્ય અને આદરવાળું હોવું જોઈએ. ઘર ખાનગી જીવન માટે છે તેમ છતાં આ અજાણ્યો માણસ બહારથી આવે છે માટે ખાનગી જીવનની કેટલીક છૂટો, વર્તનની સ્વેચ્છા વગેરે પર અંકુશ આવે જ. ઘરનાં માણસોની અંદરઅંદર પણ એક પ્રકારની મર્યાદા આવે જ. અને તેમ છતાં આવનાર માણસને તેમાં વિવેકની અક્કડાઈ ન જણાવી જોઇએ, ખાનગી જીવનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુલાયમતા જણાવી જોઈએ, અને પોતે પોતાને ઘેર જ હોય એવી સ્વસ્થતા અને આરામ તે મેળવી શકે એવું સર્વનું વર્તન હોવું જોઈએ.

તદ્દન અપરિચિત મહેમાન તો ઘણે ભાગે એક જ વ્યક્તિ હોય. તેને બેસવા ઊઠવા સૂવા વગેરે માટે જુદી ઓરડીની સગવડ ન હોય, તો યજમાનકુટુંબમાં જેનું સ્થાન અને પ્રતિષ્ઠા અથવા જેની વય મહેમાનની નજીકમાં હોય તે માણસની સાથે તેની રહેવાકરવાની વ્યવસ્થા કરવી જોઈએ. તેમાં જ સગવડ છે, તેમાં જ સુરુચિ છે. કોઈ એકલી બાઈ મહેમાન તરીકે આવેલ હોય તો ઘરની મુખ્ય ગણાતી બાઈએ તેને પોતાની સાથે રાખવાની વ્યવસ્થા કરવી એ ઉચિત અને અનુકૂળ છે. આખું કુટુંબ મહેમાન થયું હોય તો એ કુટુંબ માટે ઇલાયદી વ્યવસ્થા શકય ન હોય તો યજમાન અને મહેમાનકુટુંબની વ્યક્તિઓ સમાન સાથે સમાન વહેંચાઈ જઈને રહે એ સ્વાભાવિક છે. એવે પ્રસંગે મહેમાનકુટુંબની સ્ત્રીઓ યજમાનકુટુંબની સ્ત્રીઓને લગભગ બધા કામમાં હાથ દેવા લાગે છે એવો રિવાજ છે. આ રિવાજ ઘણો સારો છે.

આપણામાં મહેમાન આવે ત્યારે કંઈક સારું જમવાનું કરવાનો રિવાજ છે. તે એક હર્ષ બતાવવાનો સ્વાભાવિક ઉપાય છે. મહેમાન ઘરમાં આવે એ પણ એક નાના સરખા ઉત્સવ જેવો પ્રસંગ છે. અને ઉત્સવના પ્રસંગનાં કેટલાંક ચિહ્નો આછાંઆછાં, ખાનગી ઘરના વાતાવરણને વિચ્છિન્ન ન કરે એવી રીતે થાય એ સ્વાભાવિક છે. ઘેર મહેમાન આવે એ એક અંગત સંબંધ વધારવાની, એક મિત્ર કરવાની સ્વાભાવિક તક છે, અને બધાનું વર્તન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રકારનું હોવું જોઇએ. મૈત્રી અને મહેમાનગત એ જીવનનો એક લહાવો છે. પોતાની બધી સાધનસામગ્રી મહેમાનની સગવડ માટે રજૂ કરવી એમાં માણસે પોતાની સંપત્તિની કૃતાર્થતા માનવી જોઈએ. મહેમાન આવતાં દિલનો સંકોચ કરવો એ એક પ્રકારની કૃપણતા છે—માણસાઈની ઊણપ છે.*

પણ એક બાજુ જેમ મહેમાનને સંકોચ ટાળવાને યજમાન કુટુંબે અનેક રીતે સંભાળ રાખવી જોઇએ, તેમ બીજી બાજુ મહેમાને પોતા માટે યજમાનકુટુંબને ઓછામાં ઓછી તકલીફ પડે, તે રીતે અને પોતે તેમના ઘરનો જ માણસ હોય એ રીતે વર્તવું જોઈએ. મહેમાન, યજમાન-કુટુંબના અમુક માણસના મિત્ર તરીકે આવ્યો હોય તો તેણે તે જ માણસની પેઠે કુટુંબનાં માણસો સાથે વર્તાવ કરી એક થઇ જવા પ્રયત્ન કરવો જોઈએ. એ માણસના મુરબ્બીઓને પોતાના મુરબ્બી, અને એનાથી નહાનાં તે પોતાનાં નહાનાં સગાં હોય એ રીતે પોતાનો વર્તાવ રાખવો જોઇએ. આપણાં ગુજરાતી કુટુંબમાં તો એવે પ્રસંગે

---

* અહીં એક ટીપ કરવાની જરૂર છે. ઘેર મહેમાન આવે ત્યારે ઉદાર થવું જોઈએ એ ખરું, પણ કેટલાક ગુજરાતીઓ જેમ મરણપરણને પ્રસંગે ફૂલાઈને પોતાના ગજા ઉપરવટ ખર્ચ કરે છે તેમ કેટલાકને મહેમાન-ગતિમાં પણ ગજા ઉપરાંત ખરચ કરવાની ટેવ હોય છે તે ખોટું છે. જમાડવામાં પણ બૂમાબૂમ કરીને, અત્યંત ખેંચ કરીને જમાડવાનો કેટલીક નાતોમાં રિવાજ છે તે પણ સારો નથી. અલબત મહેમાનને કંઈક સંકોચ સ્વાભાવિક રીતે હોય છે, તે સંકોચથી તેની કોઇ ઇચ્છા કે જરૂર અપૂર્ણ ન રહી જાય એની સંભાળ રાખવી જોઈએ. પણ બૂમાબૂમને બદલે ખૂબીથી જાણી લઈ મહેમાનને જરા પણ સંકોચ ન થાય એ રીતે એની જરૂરિયાતો પૂરી કરી આપવામાં ખરી ખૂબી, ખરું કૌશલ રહેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવનાર, બોલાવનારનો ભાઈ હોય એ રીતે કુટુંબનાં બીજાં માણસોને પણ સંબોધે છે, એ રિવાજ સારો છે. પણ કોઇ એકના સંબંધથી ન આવ્યો હોય ત્યારે પણ પોતાની ઉંમર જોઇ ઘરના તેવડી ઉંમરના માણસના ભાઈ કે બહેન તરીકે સ્થાન કલ્પી કુટુંબમાં ભળી જવું એ એક જીવનની આવડત છે. નવા ઘરની બધી જ રીતભાત તેણે શીખી લઈ, તે પ્રમાણે વર્તવું જોઈએ અને યજમાનકુટુંબમાં પોતાની ઉંમરનો માણસ જે કામ કરતો હોય, કે કરી શકે, તેવાં કામો પોતાનાં પોતે કરી લેવાં જોઈએ. યજમાનની કોઇ પણ ચીજ લીધી હોય તો તેની જગાએ મૂકવી, અને ઉપયોગ કરતાં બગડે નહિ તેની સંભાળ રાખવી. યજમાન-કુટુંબમાં કંઈ અગવડ ઊભી થઇ હોય, કંઇ આફત આવી હોય, તો મહેમાનની અતડાઇ છોડી દઈ, પોતે કુટુંબનો જ હોય એ રીતે તત્કાલ મદદ અને કામ કરી આપવું જોઇએ.

મરાઠીમાં એક કહેવત છે કે ઘર પ્રમાણે પરોણા હોય પરોણા પ્રમાણે ઘર ન હોય. એનો અર્થ એ છે કે શ્રીમંત પોતાથી ઓછી સાધનસંપત્તિવાળાં માણસને ઘેર જાય, તો તેણે યજમાન, પોતાની પરિસ્થિતિને અનુકૂળ થાય એવી અપેક્ષા ન રાખવી જોઇએ. માણસે કોઇને ઘેર મહેમાન થઈ ખાસ સગવડ માગવી ન જોઇએ. યજમાનના ઘરને અનુકૂળ થઈ, તેમની સગવડોથી ચલાવી લેતાં આવડવું જોઈએ. યજમાનને દુષ્પ્રાપ્ય હોય એવી ચીજ ન માગવી જોઇએ. એવી કોઇ ચીજની, દવા તરીકે જરૂર હોય કે એવું હોય તો એવી ચીજ મહેમાન થતાં સાથે લેતાં આવવી જોઇએ. પણ અમુક જ ખોરાક, અમુક રીતે જ રાંધેલી અમુક જ ચીજો વગેરેની જરૂર હોય તો તેવા માણસે બને ત્યાં સુધી બીજે મહેમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન થવું જોઇએ. થવું જ પડે તો, એટલો અંગત સંબંધ હોય ત્યાં જ થવું.

મહેમાને રીતભાત પણ યજમાનકુટુંબની રાખવી જોઇએ. યજમાનકુટુંબ જમતી વખતે અબોટિયાં પહેરતું હોય તો તેણે પહેરવાં જોઇએ. અબોટિયાં સામે તેને સિદ્ધાન્તનો વાંધો હોય તો પણ એવા વાંધાથી ઘરની ખાનગી વ્યવસ્થામાં વિક્ષેપ ન નાંખવો જોઇએ. ખરું તો એવા સિદ્ધાન્તના મતભેદો હોય ત્યાં મહેમાન જ ન થવું જોઇએ. કુટુંબના સૌની હાજરીના સામાન્ય પ્રસંગોમાં હાજરીની અપેક્ષા હોય ત્યાં કુટુંબના માણસની પેઠે હાજરી આપવી જોઇએ, જેમ કે યજમાનકુટુંબ પ્રાર્થના કરતું હોય તો તેમાં હાજરી આપવી જોઇએ.

યજમાનકુટુંબને ઓછી સગવડ આપવા માટેનો એક મહત્ત્વનો નિયમ તે યજમાનનાં કામોનો સમય સાચવવો એ છે. યજમાનનો સવારનો ઊઠવાનો, દાતણનો, ચાનાસ્તાનો રિવાજ હોય તો તેનો, નાહવાનો, જમવાનો અને રાતે સૂઈ જવાનો આટલા સમય તો બરાબર સાચવવા. તેમાં કંઈ અપવાદ કરવાની જરૂર પડે તો પહેલેથી ખબર આપવી જોઈએ કે રજા માગી લેવી જોઈએ.

મહેમાને યજમાનના ઘરના ખાનગીજીવનનું કે તેના ધંધાની હકીકતનું કુતૂહલ ન રાખવું જોઈએ. એટલું જ નહિ, યજમાનના ઘરની કોઇ ખાનગી હકીકત અજાણતાં જાણવામાં આવી જાય તો તેનું ગોપન કરવું જોઈએ. યજમાનના ઘરના કાગળો જોવા, તેના ખાનગી ખંડમાં વગર કામે જવું, અગાઉથી કોઇ પણ રીતે આવવાની સૂચના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યા વિના તેના ખાનગી ખંડમાં જવું, થતી વાતો સાંભળવી, શું બને છે તે નોકરચાકર કે પાડોશીઓ કે નાની ઉંમરનાં છોકરાંને પૂછવું એ અશિષ્ટ છે. એટલું જ નહિ, અપલક્ષણ છે, હીનતા છે. યજમાનની કોઈ સાચી ખોડ હોય, અને પરિચયને અભાવે આપણે તે સુધારી શકતા ન હોઈએ, તો પણ બીજાઓ આગળ તેની મશ્કરી ન કરવી જોઈએ. એ એક જાતનો વિશ્વાસઘાત છે, ઉપકારનો બદલો અપકારથી કરવા બરાબર છે.

ગાઢ પરિચય કે મૈત્રી સિવાય લાંબો વખત મહેમાન ન થવું. મહેમાનગત એ બીજાને તકલીફ આપવા બરાબર છે, જરૂરથી વધારે જરા પણ ન રહેવું અને લાંબો કાળ ચાલે તેવા કામે આવવાની જરૂર હોય તો મહેમાન ન થવું. અને મહેમાન રહીએ તેટલો વખત પણ યજમાનકુટુંબ દુભાય એવી રીતે તેમની રીતભાતો કે રહેણીકરણી કે તેમનાં મંતવ્યો કે શ્રદ્ધાની બાબતોની ચર્ચા કે ટીકા ન કરવી. પોતાનો મતભેદ હોય તો સૌમ્ય અને પ્રમાણિક રીતે જરૂર હોય તો દર્શાવવો, અલબત ખોટો દંભ ન કરવો, પણ મહેમાન થઈને વિવાદ કરી ઘરના આરામના વાતાવરણને વિક્ષુબ્ધ ન કરવું. આગળ કહ્યું તેમ જીવનમાં ઘણો ભેદ હોય તો મહેમાન જ ન થવું. દાખલા તરીકે મહેમાન હિંદુઓના નાતજાતના ભેદ ન માનતો હોય, પણ યજમાન માનતો હોય, તો તેને ઘેર જમતાં આપણે હલકી ગણાતી નાતના હોઈએ તો જુદું બેસવું; તેમાં અપમાન ન સમજવું, અને એ અપમાન લાગતું હોય તો એવે ઘેર મહેમાન ન થવું. મહેમાન થવાનો હક્ક ન હોઈ શકે અને મહેમાન યજમાનની ઉદારતાનો લાભ લે છે એ મહેમાને કદી ભૂલવું ન જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યજમાનનું ઘર છોડતાં ઘરના નોકરોને બક્ષિસ દેવાનો રિવાજ હોય છે. આ રિવાજ ખોટો નથી. મહેમાનથી નોકરનું કામ વધે છે, અને આ રીતે એમને થોડી બક્ષિસ મળે એ સારું છે. પણ તે ઉપરથી નોકરો બક્ષિસની લાલચથી કામ કરતા થઈ જાય, તો યજમાનના ગરીબ મહેમાનોની સ્થિતિ કફોડી થાય, વળી નોકરો વધારે હોય તો જેનું જેટલું મહત્ત્વ હોય તે પ્રમાણે તેને બક્ષિસ આપવી જોઈએ, એ મહેમાન ન સમજી શકે એમ બને. એટલે સારો રિવાજ એ છે કે મહેમાન બક્ષિસની રકમ યજમાનને ખાનગીમાં આપે અને યજમાન મહેમાનના ગયા પછી નોકરોને વહેંચી દે. વધારે સારું તો એ છે કે યજમાન આવી બક્ષિસની રકમો ભેગી કરી દીવાળી કે એવા તહેવારે દરેક નોકરની લાયકાત પ્રમાણે તે વહેંચી આપે, જેથી નોકરોનો મહેમાનો તરફ પક્ષપાતથી વર્તવાનો સંભવ જ ન રહે.

બધા મહેમાનો એકસરખા અપરિચિત હોતા નથી. તદ્દન અપરિચિત મહેમાન થોડા જ આવે છે. એટલે દરેક મહેમાન સાથે એકસરખો ભાવ કે વર્તાવ રાખવાની જરૂર નથી હોતી. પરિચિત મહેમાન ઓછેવત્તે કુટુંબી જન જેવો થઈ રહે છે એટલે એની સાથેનું વર્તન પછી મહેમાન જેવું રાખવાની જરૂર ઘણી ઓછી થઈ જાય છે. જેની સાથે જેટલો પરિચય, એની સાથે એ પ્રમાણેનું વર્તન રાખવું એ આવડત છે, કૌશલ છે. મેં આગળ કહ્યું તેમ અતડું લાગે, વર્તાવ સૂકો લાગે, એવો વિવેક ન જોઈએ, અને ખરા સ્નેહ સંબંધ વિના આત્મીયતાનો દંભ કરીએ છીએ એવું પણ ન લાગવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેમાન ઘેર ચાર પાંચ દિવસ રહેવા આવે કે એકાદ કલાકની મુલાકાત આપવા આવે, તેમાં વર્તાવનું રહસ્ય એ જ રહે છે. પ્રયોજન અને પ્રસંગ પૂરતો વર્તાવમાં ફેરફાર થાય છે. ટૂંકમાં, જીવનમાં યજમાન–મહેમાન પ્રસંગ પણ મહત્ત્વનો અવસર છે અને માણસે તેમાં પોતાનો આચાર, વિચારશીલ અને ઉચિત રાખવા ઘટે છે.

૧૦ અપરિચિત અને પરિચિત સાથેનો વર્તાવ

વ્યવહારમાં અનેક પરિચિત અને અપરિચિત માણસોને મળવાના પ્રસંગો આવે છે. તે બધામાં આપણે એક સરખાં વિવેકી રહેવું જોઈએ.

સગવડની ખાતર આપણે અપરિચિતનો પ્રશ્ન પહેલો વિચારીએ. આવા પ્રસંગો એટલા બધા છે કે તેના ગોળ-ગોળ વર્ગો પાડીને પણ તેના નિયમો આપી શકાય નહિ. ટૂંકમાં કહેવું હોય તો એટલું કહેવાય કે આપણે હમેશાં કરી શકીએ તેટલી બીજાને મદદ અને સગવડ આપવાને તૈયાર રહેવું જોઇએ અને કોઇના શરીર કે મનને દુઃખ થાય એવું વર્તન કરવું ન જોઇએ અને બીજા સાથે બોલવા ચાલવામાં સભ્ય રહેવું જોઈએ. અપરિચિતો સાથેનો આપણો સંબંધ એ જ ખરી રીતે માનવજાતિ તરફનો આપણો ધર્મ છે. બીજાને મદદ કરવી એનો અર્થ પૈસો કે ચીજની મદદ કરવી એટલો જ નથી. એ પણ યથાશક્તિ કરવી જ જોઇએ. કંઇ આપવું એ આચારનો પ્રશ્ન નથી, ધર્મનો અથવા કર્તવ્યબુદ્ધિનો પ્રશ્ન છે. પણ આપતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે જરા પણ મોટાઈ ન બતાવવી, જેને આપ્યું હોય કે મદદ કરી હોય તેના ઉપર ઉપકાર કર્યો હોય એવું વર્તન ન કરવું, તેના તરફ તિરસ્કાર તો હરગીજ ન બતાવવો, એ ઉચિત આચાર છે. ઘણા આપતા નથી, પણ કોઈ કંઈ માગે તો તેનો તિરસ્કાર કે ઉપહાસ કરે છે. મદદ કરવામાં કંઇ હંમેશાં કોઈને કંઈ આપવાનું જ હોતું નથી. જીવનમાં એવા અનેક પ્રસંગો આવે છે જ્યારે ગમે તેવો સંપત્તિહીન ગમે તેવા મોટી સંપત્તિવાળાને મદદ કરી શકે છે. ખરી રીતે આમાં સંપત્તિનું દૃષ્ટિબિંદુ જ અસ્થાને છે. મદદ કરવી એ માણસનું માણસ તરફનું કર્તવ્ય છે. કોઈ માણસ કોઇના ઘરનું સરનામું પૂછે, કોઇ વટેમાર્ગુ અમુક ગામનો રસ્તો પૂછે, કોઈ રસ્તામાં મળેલો અજાણ્યો માણસ ટ્રેનનો સમય પૂછે, આવી નાનીનાની અનેક બાબતો એકને બીજા પાસેથી જાણવાની જરૂર પડે છે. કોઇને લખવા ઓચિંતાં કાગળની ચબરખી કે પેન્સલ જોઈએ, કોઈને કંઇ કાપવા કરવા ચાકુ કે એવું કંઈ જોઈએ, કોઇને પાણી કે એવી કોઈ ચીજ જોઇએ, એવા બધા પ્રસંગોમાં કશા પણ પરિચય વિના એક માણસે બીજાને ઉપયોગી થવું જોઈએ. એટલું જ નહિ. કેટલીક મદદ વણમાગી આપવી જોઇએ. રસ્તે જતાં કોઇ સ્ત્રીને કે પુરુષને માથે છાણનો ટોપલો કે લાકડાની ભારી ચડાવી આપવી, ખૂંચી ગયેલી ગાડી ઉંચકી આપવામાં મદદ કરવી, ટ્રેનમાં ભેગાં બેસવા ઇચ્છનાર વ્યક્તિઓને ભેગાં બેસવાની સગવડ કરી આપવી, કોઈ માણસને બાળકો કે સામાન ઉતારતાં હાથ દેવો, કોઇને રાત હોય તો તેના ઉતરવાના સ્ટેશને જગાડી આપવો, કોઇ ભૂલા પડેલા છોકરાને યોગ્ય સ્થાને પહોંચતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવો, કોઇની ખોવાયેલી ચીજ હાથ આવે તો તેના ધણીને પહોંચતી કરવાની વ્યવસ્થા કરવી, આવાં કામો જરા પણ અભિમાન વિના સુધરેલા સમાજનાં સ્ત્રીપુરુષો કરે છે. આ જ બાબતની બીજી બાજુ એ છે કે કોઇએ પણ આપણને મદદ કરી હોય તો યોગ્ય શબ્દોમાં તેનો આભાર માનવો. કોઇએ કંઇ ચીજ વાપરવા આપી હોય તો તેને ચોખ્ખી કરી સારી સ્થિતિમાં વહેલી તકે પાછી આપવી. અપરિચિત કે પરિચિત, કોઈની કશી પણ ચીજ પૂછ્યા વિના ન લેવી એ જ ઉત્તમ નિયમ છે, પણ એમ કરવું પડયું હોય તો, વહેલી તકે પ્રસંગને અનુરૂપ રીતે તેમ કર્યાની વાત કહી દેવી, અને જે ચીજ જ્યાં હોય ત્યાં વપરાશ પછી તરત પાછી મૂકી દેવી.

આવા પ્રસંગોમાં એક દૃષ્ટિ વિશેષરૂપે સ્પષ્ટ કરવી જોઇએ. સમાજના અપંગને, વૃદ્ધને, બાળકને અને સ્ત્રીને મદદ કરવાની દરેકે પોતાની ફરજ સમજવી જોઈએ. આંધળાને રસ્તે ચડાવવો, અપંગને જોઇતી ચીજ લાવી આપવી, એ બહુ સાધારણ વસ્તુ ગણાવી જોઇએ. તેમ જ દરેક સુધરેલો સમાજ પોતાના વૃદ્ધોને સગવડ આપે છે, એટલું નહિ, માન આપે છે. વૃદ્ધ પોતાની અવસ્થાને લીધે જે જે વસ્તુ ઓછીવત્તી હરીફાઈથી મેળવવાની હોય તે મેળવી શકે એ શકય નથી. બીજી તરફથી, બીજા કરતાં તેને આરામની વધારે જરૂર છે. ટ્રેનમાં બેસતાં કે બસમાં ચડતાં, દોડાદોડી કરી બીજાની આગળ જઈ, વૃદ્ધ માણસ ટિકિટ લઈ શકે નહિ, બેસવાની જગા મેળવી શકે નહિ; બીજી બાજુ, બેઠક ન મળે તો એક જુવાન જેટલો લાંબો વખત ઊભા રહેતાં વૃદ્ધને વધારે તકલીફ પડે. એટલે આખો સમાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધને આવા પ્રકારની સગવડ આપે તો જ સમાજમાં વૃદ્ધો પોતપોતાનું ઉપયોગી કામ કરી શકે. અપંગો અને વૃદ્ધોની ઉપેક્ષા કરનાર સમાજમાં એ વર્ગો એકંદરે સમાજને વધારે બોજારૂપ નીવડે છે. પણ આચાર એ ઉપયોગની દૃષ્ટિ નથી. આ વર્ગ તરફ ખાસ આદરભાવ ન રાખવો એ અશિષ્ટતા છે, માનવતાની એટલી અપૂર્ણતા છે.

એ જ પ્રમાણે બાળકો તરફ, જરા પણ ઓળખાણ વિનાનાં માબાપનાં બાળકો તરફ પ્રેમ બતાવવો એમ હું કહું છું. પણ એનો અર્થ ખોટોખોટો પ્રેમનો દેખાવ કરવો એવો નથી. સુધરેલા સમાજમાં એ પ્રેમ સ્વાભાવિક હોય, અને એ પ્રેમને ઉચિત રીતે વ્યક્ત કરવો એ શિષ્ટાચાર છે. કોઈ પણ જગાએ અજાણ્યું બાળક પણ કંઇક માગે, તેને બેસવાને જગા જોઈએ, રમવાને કંઈક સગવડ જોઇએ, તો ગમે તે માણસે તે પૂરું પાડવા બને તે કરવું જોઈએ. તેને લીધે કોઈ ચીજ બાળકને આપી દેવી પડે તો આપી દેવી એ શિષ્ટાચાર ગણાય. તમે કંઈ ખાતા હો, અને તે જોઈ બાળકને એ ખાવાની ઇચ્છા થાય અને ખાસ કરીને કોઇ સારી ચીજ ખાતા હો, તો પાસેના બાળકને તેનો થોડો ભાગ આપવો એ સામાન્ય આચાર છે. નાતજાત દેશવિદેશ કશા ભેદો બાળક તરફ પ્રેમ દર્શાવતાં આડા આવવા ન જોઈએ. છતાં એમ કરવા જતાં તેનાં માબાપ સાચી કે ખોટી રીતે દુભાતાં હોય તો પછી એમ ન કરવું. તેમ કરતાં અટકાવવામાં માબાપને કોઇ સાચું કારણ હોય, એટલે એવો પ્રેમ બતાવવામાં પાછો દુરાગ્રહ પણ ન કરવો. આવડતવાળા માણસો આ બધું એક આંખના પલકારામાં સમજી જાય છે અને હમેશાં ઉચિત રીતે વર્તે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જ પ્રમાણે દરેક સુધરેલો સમાજ એક કે બીજી રીતે પોતાના સ્ત્રીવર્ગ તરફ માન અને આદર દર્શાવે છે. પણ આ વિષય ઉપર હું કંઇક વિશેષ કહેવાનો છું, એટલે એને અહીં આટલેથી હાલ છોડી દઉં છું.

અપંગ વૃદ્ધ કે બાળકને માટે જે સાચું છે તે ઓચિંતાં વિપત્તિમાં આવી પડેલાં માટે પણ સાચું છે. કોઈને ઘેર આગ લાગી હોય, કોઈનું કંઇ ખોવાયું હોય કે ચોરાયું હોય, કોઇ પડી ગયો હોય, કોઇને ઓચિંતાં બિમારી થઇ આવી હોય, તો તેને, પ્રસંગ પ્રમાણે થઈ શકે તે મદદ કરવાની, દરેકની ફરજ છે.

અપરિચિતો સાથે મળવાનો પ્રસંગ મુખ્યત્વે જાહેરમાં જ આવે. અપરિચિતો કોઈ વાર મહેમાન તરીકે આવે ત્યારે અલબત તેમના તરફનો આચાર મહેમાન જેવો રાખવો જોઇએ એ કહેવાની જરૂર નથી.

આ જગાએ પ્રસિદ્ધ વ્યક્તિ તરફના આચાર વિશે કહેવું પણ ઠીક પડશે. અલબત, પ્રસિદ્ધ, એટલે પરસ્પર પરિચય વિનાની પણ પ્રસિદ્ધ, એવો અભિપ્રાય છે. આવી વ્યક્તિને અજાણીના અર્થમાં અપરિચિત ન કહી શકાય. આવી વ્યક્તિઓને આપણી સાથે પરિચય ન હોય તો તેમનો પ્રસંગ જાહેરમાં જ આવે. આવી વ્યક્તિઓને જાહેરમાં માન આપવું જોઇએ. એ ક્યાં આપણને ઓળખે છે, એમ વિચારી શિષ્ટાચારનો અનાદર ન કરવો જોઈએ. આપણે એને આપણે માટે પૂજ્ય માનતા હોઇએ તો તો માન આપીએ જ, પણ આપણે તેમની સાથે મતભેદ હોય, તો પણ સમાજમાં એની જે સ્થિતિ હોય તેવો તેના તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તાવ રાખવો જોઇએ. ખાસ કરીને એને જે વ્યક્તિ માન આપતી હોય, તેમાં વિઘ્ન ન નાંખવું જોઇએ, અને એમના સંબંધની હાંસી તો ન જ કરવી જોઇએ.

પરિચિતો વિશે વિચાર કરતાં પહેલું એ કહેવું જોઈએ કે પરિચિતોને આચારની દૃષ્ટિએ સામાન્ય રીતે ત્રણ ભાગમાં વહેંચી શકાય. આપણાથી મોટા અથવા મુરબ્બીઓ અથવા માન આપવા યોગ્ય, આપણા સમાન, અને આપણાથી નાના અથવા આપણાથી હલકી ગણાતી સ્થિતિના એટલે નોકરો વગેરે.

આપણાથી મુરબ્બી હોય તેમને હમેશાં માન આપવું જોઇએ. મેં આગળ કહ્યું કે ઘરની અંદરના કુટુંબજીવનમાં બાહ્યાચારોને ઓછામાં ઓછો અવકાશ છે. ઘર આરામ માટે, ખાનગી જીવન માટે છે, છતાં ઘરના ખાનગી જીવનમાં પણ કંઈક આચાર તો રાખવો જ જોઇએ. બાળકોએ ઘરના મુરબ્બીઓને સર્વ સ્થિતિમાં માન આપવું જોઈએ. તે મગાવે તે ચીજ તરત હાજર કરવી જોઇએ, તે કહે તે કામ તરત કરવું જોઈએ, અને તેઓ આવે ત્યારે તેમને બેસવાને ઘરમાં જે માનનું સ્થાન ગણાતું હોય તે આપવું જોઇએ. તેમને માટે ઘરમાં અમુક અમુક સ્થાનો કે ચીજો નક્કી કરેલી હોય, તો તે ચીજ તેમને માટે જ રાખવી જોઈએ. પોતે ન વાપરવી જોઈએ. મુરબ્બીઓને કયે વખતે શું જોઈએ છે તે અગાઉથી સમજી તે હાજર કરવામાં બાળકોની આવડતની કસોટી છે. શરીરની મહેનતનાં જેટલાં કામોમાંથી તેમને બચાવી શકાય તેમાંથી બચાવી લેવા જોઇએ. અને બીજાં પણ કંટાળા ભરેલાં કામોમાં ભાગ લેવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને જવાબ આપતાં અને તેમને વિશે વાત કરતાં પણ તેમને વિશે માનભરી વાણી વાપરવી જોઈએ. પારસીઓમાં અને કેટલાંક હિંદુ કુટુંબોમાં પણ બાળકો સૌ મુરબ્બીઓને 'જી' કરીને જ જવાબ આપે છે, તે સારો રિવાજ છે. કૃત્રિમ ન લાગે, અંદર હેત પણ દેખાય, એવી સાદી અને આદરવાળી ભાષા અને વર્તાવ મુરબ્બીઓ તરફ રાખવાં જોઈએ. દરેક કુટુંબ પોતપોતાની રીતે આમ કરે, પણ કેટલાંક માનનાં રૂપો સર્વત્ર સરખાં હોય તો સારું. માબાપ અને મુરબ્બીઓ તરફ માન આપવાની પ્રથા એ માણસ જાતની જૂનામાં જૂની પ્રથા છે.

માબાપ અને બાળકો વચ્ચેનો સંબંધ એ જ પ્રથમ માણસને પશુતામાંથી આગળ લઈ જનારો સંબંધ છે. એ સંબંધને માન આપવું, એમની આમન્યા રાખવી, એમને દૂભવવાં નહિ, એ માત્ર શિષ્ટાચાર નથી, મનુષ્યની ફરજ છે. અત્યારના સમયમાં એક જમાનો બીજાથી એકદમ બદલાવા માંડ્યો છે, ત્યાં માબાપ અને બાળકો વચ્ચે મતભેદ થવાના અનેક પ્રસંગો આવે. એવા પ્રસંગોમાં વ્યક્તિને પોતે જે સાચું માનતી હોય તે કરવાનો હક હોવો જ જોઈએ, પણ તે સાથે બાળકોએ માબાપ અને મુરબ્બીઓ તરફનું માન રાખવું જોઇએ.

કુટુંબમાં સમાન ભાઈભાંડુઓ વચ્ચેનો વ્યવહાર, સ્ત્રીપુરુષ મર્યાદા રાખતાં, બાકીની બાબતોમાં ઘણી છૂટવાળો હોઇ શકે. ભાઇઓ બહેનો લગભગ સમાન ગણાય, પણ તેમાં પણ ઉંમરનો ભેદ કંઈક તો નાનામોટાનો ફરક પાડે છે. અમુક અમુક ઉંમર એ સીમાચિહ્નો જેવી છે, અને એ સીમાચિહ્નોની બહારનાં ભાઈભાંડુઓએ એકબીજા તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે વિવેક રાખવો જોઇએ. દાખલા તરીકે ૧૬ વરસની ઉંમર એવું સીમાચિહ્ન છે. ૧૮ અને ૧૪ વરસના ભાઇઓમાં ૧૪ વરસનાએ ૧૮ વરસનાને મુરબ્બી ગણવો જોઇએ, સમાન નહિ. પણ તે જ ચાર વરસનો ભેદ ૨૫ વરસની ઉંમર પછી નહિ જેવો થઈ રહે છે. કુટુંબમાં નાનાએ મોટાને માન આપવું જોઈએ અને મોટાએ નાનાની શક્ય તેટલી સંભાળ રાખવી જોઈએ અને તેને જોઈતી ચીજ જરૂર પડે તો પોતે જતી કરીને પણ પૂરી પાડવી જોઇએ. નાના, નાના છે એમ ધારીને, કે તેનો લાભ લઇને, કદી તેમની હાંસી કે અપમાન ન કરવું જોઈએ, તેમનો તિરસ્કાર ન કરવો જોઇએ, તેમના પર સરસાઇ ભોગવી તેમની પાસે કામ ન કરાવવું જોઇએ. બને તેટલા તેમને સમાન માનવા પ્રયત્ન કરવો જોઇએ.

હલકી સ્થિતિનાં માણસોમાં ઘરના નોકરો, કે નોકરોની કક્ષાનાં બીજાં માણસો આવે. આ વર્ગ તરફનું વર્તન પૂરા વિવેકવાળું હોવું જોઈએ. કામ ચીંધતાં, ભૂલ બતાવતાં પણ, તે માણસ છે, તેમને પણ માઠું લાગે છે, એ કદી ભૂલવું જોઇએ નહિ, તેમની સાથેની વાણી પણ વિવેક ભરેલી હોવી જોઈએ. અંગ્રેજોમાં તો ઘરની ચાકરડીને પણ 'પ્લીઝ' (Please) કરીને કહેવાનો રિવાજ હોય છે. આપણામાં હજી એવા શબ્દો રૂઢ નથી થયા, એક વચનના પ્રયોગો વહાલ દર્શાવવાના ઉપયોગમાં પણ લેવાય છે એટલે એક-વચન પણ ખોટું નથી, પણ સામાન્ય વાતચીત અને ખાસ કરીને કહેવાનો અવાજ વિવેકવાળો જોઇએ અને જેમ બીજાઓની વર્તણૂકમાં તેમની ઉંમર માટે ખાસ ધ્યાન રાખીએ છીએ તેમ ચાકર તરફની વર્તણૂકમાં તેની ઉંમરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ માન આપવું જોઇએ. ખાસ કરીને કુટુંબનાં બાળકોએ મોટી ઉંમરના નોકરને કુટુંબના એક મુરબ્બી જેવું માન કંઇક આપવું ઘટે.

ઘરમાં આખા દિવસનો નોકર હોય, એટલા જ માટે તેને નવરો ન પડવા દેવો, પોતે કરી શકીએ એવું નાનું કામ પણ તેની જ પાસે કરાવ કરાવ કરવું, એ અશિષ્ટ આચાર તો છે જ, પણ તે સાથે એ ખરાબ ઘરનીતિ છે. તેમાં પણ બાળકોને પોતપોતાનું કામ બને તેટલું જાતે જ, નોકરની મદદ વિના કરવાની કેળવણી મળવી જોઈએ.

અને સૌથી અગત્યનું એ છે કે બને ત્યાં સુધી પોતાના શરીરની સેવા, અને અંગનો મેલ સાફ કરવાનું કામ નોકરોને ન જ સોંપવું. દાખલા તરીકે નોકરો પાસે પગચંપી કરાવવી, શરીર દબાવવું એ ખરાબ છે, એ અશિષ્ટ છે. તેમ જ બાળકોનો મલ કે એ જાતનો ગંદવાડ, કે એવા ગંદવાડવાળાં કપડાં સામાન્ય નોકર પાસે સાફ કરાવવાં ન જોઇએ—પછી એવા જ કામ માટે નોકર રાખેલો હોય, કે નોકર પોતે કુટુંબના માણસ જેવો થઈ ગયો હોય અને પોતાની સાચી ઇચ્છાથી કચવાયા વિના કરે તો જુદો સવાલ છે.

એક કુટુંબનું અંદરનું જીવન મેં કહ્યું કે ઓછામાં ઓછા બાહ્યાચારવાળું હોય છે. પણ તેમાં આડા દિવસના અને વારતહેવારના આચારમાં ફરક પડે છે. સામાન્ય દિવસ અને ખાસ દિવસની વચ્ચે ફરક પડે છે. કેટલાંક કુટુંબોમાં સવારે ઊઠીને બધાં બાળકો મુરબ્બીઓને પગે લાગી આવે છે. કેટલાંકમાં સાધારણ રીતે આવું કશું હમેશ કરવાનો રિવાજ હોતો નથી, પણ દીવાળી કે બળેવ જેવા વારતહેવારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુરબ્બીઓને પગે લાગવાનો જૂનો રિવાજ દરેક કુટુંબે સાચવી રાખવા જેવો છે. હમેશ ઘરમાં મળતાં કશો બાહ્ય આચાર ન રાખતા હોઇએ, પણ કુટુંબના માણસોને જ લાંબી ગેરહાજરી પછી મળતાં, આવો બાહ્યાચાર કરવો શિષ્ટ છે, એટલું જ નહિ પણ એ આપણી અંતરની લાગણીને માર્ગ આપવાની સ્વાભાવિક રીત પણ છે.

પરિચિતોને ઘર બહાર જાહેરમાં મળતાં પણ તેમને મળ્યાનો ભાવ દર્શાવતો કંઈક પણ બાહ્ય આચાર કરવો જોઇએ. અલબત જાહેરમાં અમુક અમુક સગવડો તો અપરિચિતોને પણ આપવી જોઇએ, તો પરિચિતોને એવી સગવડ આપવી એ તો વગર કહ્યે સમજાય એવું છે. પણ એ સિવાય પણ કંઈક પણ મળ્યાના આનંદનો આદરભાવનો બાહ્ય આચાર કરવો જોઇએ. જેઓ નમસ્કાર કરતા હોય તેમણે નમસ્કાર કરવા, સલામ કરતા હોય તેમણે સલામ કરવી, વગેરે. આપણામાં મળીએ ત્યારે અંગ્રેજોમાં 'ગુડ મોર્નિંગ' (Good morning) કે એવું કહેવાનો રિવાજ રૂઢ હોય છે તેવું કશું નથી. પણ એકબીજાને બોલાવવાનો, એકબીજાના ખબર પૂછવાનો, રિવાજ છે, તે સુંદર છે, વૈવિધ્યવાળો છે. અને દરેકને પોતાની રીતે પોતાનો ભાવ જાહેર કરવાનો અવકાશ આપનાર હોઈ વધારે સુરુચિવાળો છે. પરિચિતો મળતાં સામું તાકી રહેવું એ જડતા છે, અને કંઈક આચાર કરવો પડશે એવા સંકોચથી આડું જોવું, જાણે મળ્યા જ નથી એમ કરવું, એ પામરતા છે.

પરિચિત અપરિચિતોના વર્તનમાં અને ખાસ કરીને સમાન મિત્રોના પરસ્પર વર્તનમાં સ્ત્રીપુરુષમર્યાદા એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મહત્ત્વનો વિષય છે. એટલે આ પ્રકરણમાં એટલો ભાગ જુદો કાઢી તેના પર લખું છું. લગભગ દરેક શિષ્ટાચાર વિશે લખતાં મેં કહેલું છે કે એ વ્યવહાર સ્ત્રીપુરુષનો હોય ત્યારે મર્યાદાવાળો હોવો જોઇએ. આ વાત સર્વથી વધારે સમાન વયનાં જુવાનોએ સમજવાની છે. એકલા પુરુષ-મિત્રો કે એકલી સ્ત્રીમિત્રો મળતાં હોય ત્યારે છૂટથી પરસ્પર વ્યવહાર કરી શકે છે, તેને સ્ત્રીપુરુષની ભેગી હાજરી અનેક રીતે મર્યાદિત કરે છે. સૌથી પ્રથમ તો સ્ત્રીપુરુષોની મિત્ર-મંડળીમાં બન્નેએ પોતાનાં કપડાં વધારે વ્યવસ્થિત અને વિવેકવાળાં રાખવાં જોઇએ. આ મર્યાદા અને વિવેકનું સ્વરૂપ શું છે તે આપણે પહેરવેશના પ્રકરણમાં જોઈ ગયા છીએ એટલે અહીં વિશેષ લખતો નથી. દરેકે પોતાનું અંગ વધારે યોગ્ય રીતે ઢાંકવું જોઇએ એટલું જ નહિ, પણ બેસવામાં પણ વધારે વિવેક રાખવો જોઈએ. દરેક ઘરમાં સગાં ભાઈબહેનો પરસ્પર વ્યવહારમાં સ્વાભાવિક રીતે મર્યાદા સાચવે છે. પણ કુટુંબમાં પણ મહેમાન આવતાં આ મર્યાદા અંદરઅંદર પણ વધારે સારી રીતે સચવાવી જોઇએ. ત્રાહિતના દેખતાં જુવાન સ્ત્રીએ લાંબાં થઇ પડવું કે સૂવું એ અવિવેક છે અને સગા ભાઇઓ સિવાયના સગા જુવાન પુરુષ કે પુરુષમિત્રોનો અંગસ્પર્શ કરવો એ પણ અશિષ્ટ છે.

ઘણા જુવાનો આ જાતની મર્યાદાને અતિ ચોખલિયા-પણું કહી તેનો ઉપહાસ કરે છે. ઘણા કહે છે કે અમે અમારી બહેનને જે ભાવથી સ્પર્શીએ તે જ ભાવથી બીજી સ્ત્રીઓને સ્પર્શીએ તેમાં બાધ શા માટે હોવો જોઇએ ? પણ આ દલીલ મુખ્યત્વે તો સ્વચ્છંદનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વાર ખુલ્લું રાખવા જ કરવામાં આવે છે. જુવાન સ્ત્રી-પુરુષો ઠઠ્ઠા મશ્કરી કરે, એકબીજાના ખોળામાં સૂઈ જાય, એકબીજાને તાળી આપે, પ્રેમનો કે મૈત્રીનો આવેશ બતાવી એકબીજાને ભેટી પડે, બથ્થંબથ્થા કરે, ઝુંટાઝુંટી કરે, મારંમારા કરે, કે ધક્કાધક્કી કરે એ કંઈ મર્યાદાનું વર્તન નથી. સગાં ભાઈબહેનો પણ એમ કદી કરતાં નથી. ખરું તો, સ્ત્રીઓ સ્ત્રીઓ, કે પુરુષો પુરુષો વચ્ચેનો પણ આવો વ્યવહાર શિષ્ટ ન જ ગણાય, પણ એવા ખાનગી વ્યવહારની આપણે ટીકા ન કરીએ તોપણ, સ્ત્રીપુરુષ વચ્ચે ખાનગીમાં કે જાહેરમાં આવો વ્યવહાર કોઈ રીતે ઇષ્ટ નથી. સ્ત્રી-પુરુષના સંસર્ગનાં અનેક અનિષ્ટો પેસવાનાં આ છિદ્રો છે, કહો કે મર્યાદાની વાડનાં છીંડાં છે અને એ છીંડામાંથી પછી અનેક અનેક અનિષ્ટ ભાવો પેસી ગાડામારગ થઈ જતાં વાર લાગતી નથી. સ્ત્રીપુરુષે પરસ્પર મર્યાદા માટે પાળવાના બધા નિયમોને ચાર કે પાંચ મુખ્ય નિયમોમાં મૂકી શકાય. (૧) સ્ત્રીપુરુષોએ સામાન્ય રીતે એકાન્ત સેવવું નહિ. (૨) એકબીજાનો અંગસ્પર્શ કરવો નહિ.* (૩) એકબીજાનાં સંબોધનમાં એકવચનનો તેમ જ શૃંગારદ્યોતક વિશેષણો કે સંબોધનોનો ઉપયોગ કરવો નહિ. (૪) સભામાં કે રસ્તામાં પુરુષે કોઇ સ્ત્રી તરફ કુતૂહલથી ટગર ટગર જોવું નહિ, અને રસ્તામાં સ્ત્રી સામેથી મળી પસાર થતાં ડોકી ફેરવીને તેના સામે જોજો કરવું નહિ. (૫) સમાજમાં કે ખાનગીમાં વ્યક્તિગત સ્ત્રીપુરુષોના સંબંધની અને ખાસ કરીને સ્ત્રી વિશેની નિન્દા કરવી નહિ.

---

*આપણામાં તો મળતી વખતે પણ બે હાથની અંજલિ કરી નમસ્કાર કરવાનો રિવાજ છે, હાથ મિલાવવાની જરૂર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી રીતે આપણો સમાજ સ્ત્રીપુરુષવ્યવહારની નવી ભૂમિકામાંથી અત્યારે પસાર થાય છે. આજથી પચાસેક વરસ ઉપર સ્ત્રીપુરુષનાં કાર્યક્ષેત્રો જુદાં હતાં અને બન્નેને એકબીજાને અમુક નિયત પ્રસંગો સિવાય ગમે ત્યારે છૂટથી મળવાના પ્રસંગો હતા જ નહિ એમ કહીએ તો ચાલે, અને સમાજના રૂઢિરિવાજો બન્નેનાં ભિન્ન ક્ષેત્રોની મર્યાદા સાચવીને યોજાયા હતા. લગ્ન માબાપો યોજતાં, અને બાળવયમાં તેમને પરણાવતાં એટલે યુવાન સ્ત્રીપુરુષે પોતાનો જીવનસાથી શોધવાનો પ્રશ્ન જ હતો નહિ. અત્યારે આ બધામાં પરિવર્તન આવ્યું છે. સ્ત્રીપુરુષ પોતાના લગ્નનો સાથી પોતાની મેળે પસંદ કરવા ઇચ્છે છે અને દેશના અનેક સાર્વજનિક તેમ જ અનેક ખાનગી ધંધાદારી કાર્યક્ષેત્રોમાં સ્ત્રીપુરુષે સાથે રહી કામ કરવાનું થાય છે. ઇંગ્લેંડ જેવા દેશોમાં આ જ સામાજિક સ્થિતિ ચિરકાલથી ચાલે છે, અને એ ચિરકાલથી ચાલતી હોવાથી ત્યાંના જીવનમાં સ્ત્રી, પોતાના હિતને આવશ્યક મર્યાદા, સ્વભાવથી સમજતી હોય છે. અને આખા સામાજિક વાતાવરણમાં એ મર્યાદા હોવાથી, અને બધી સમાજરચના એ મર્યાદાવાળી હોવાથી, ત્યાં સ્ત્રીનું રક્ષણ થઈ રહે છે. આપણે ત્યાં આ નવી જ પરિસ્થિતિ છે. સમાજરચનામાં સ્ત્રીપુરુષના નવા સંબંધોને હજી સર્વમાન્ય સ્થાન મળ્યું નથી, અને તેથી સ્ત્રીપુરુષો જે કાંઈ કરે છે તે જાણે સમાજ સામે બંડ કરીને કરતાં હોય એવા ભાવથી કરે છે અને એ બંડના વેગમાં, અને ઘણી વાર વેગના ઓઠા કે દાંભિક આડંબરમાં, એવી મર્યાદાનો પણ ત્યાગ કરે છે કે જે મર્યાદા એમના પોતાના જીવન માટે પણ આવશ્યક હોય. આવા સમયમાં તો સમાજની બધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિઓએ, અને ખાસ કરીને જુવાન વ્યક્તિઓએ પોતાના વર્તન અને આચાર માટે વધારે જાગૃત અને સંભાળવાળાં રહેવું જોઇએ. સ્ત્રીઓ અને પુરુષો બન્ને, એકબીજાં સાથે છૂટથી હળવું મળવું, અને હરવું ફરવું ઇચ્છે છે, આ વ્યવહાર શુદ્ધ અને તંદુરસ્ત હોઈ શકે, પણ અત્યારનો આપણો વ્યવહાર એવો છે નહિ. આ બાબત ઘણી મહત્ત્વની છે. અને ઘણા જ ડાહ્યા સમભાવશીલ અને દૂર દૃષ્ટિવાળા પુરુષોએ જુવાન સ્ત્રીપુરુષોને હિતાવહ થઇ પડે તેવું જ્ઞાન, અને પોતાના અનુભવનો સાર આપવાની અત્યારે જરૂર છે. અહીં હું તો માત્ર આચાર પૂરતું જ લખું છું અને એમાં એક વાત કહીશ. સમાજમાં પત્ની અને પતિનો સંબંધ દરેક વ્યક્તિને એક જ વ્યક્તિ સાથે હોય છે, હોઈ શકે છે. તે વ્યક્તિ સિવાયનો સ્ત્રીપુરુષ સંબંધ તે ભાઈ બહેનનો જ સંભવે છે. એટલે સમાજમાં દરેક સ્ત્રીપુરુષને વધારે વિસ્તૃત અને વ્યાપક સંબંધ તે તો ભાઇ બહેનના જેવો જ હોઈ શકે. એ સંબંધની વ્યાપકતા અને દૃઢતા ઉપર જ સમાજ ટકી શકે. આપણા લગ્ન સંબંધમાં અનેક ન્યૂનતાઓ હશે—છે. અને એમાં સુધારો કરવાની જરૂર છે. પણ તેથી સ્વચ્છન્દનો હક્ક કોઇને મળતો નથી. લગ્ન સંસ્થામાં જરૂરના સુધારા અને છૂટો કોઇ દિવસ અસ્તિત્વમાં આવશે તો તે સંયમી અને દીર્ઘદર્શી, સમાજના હિત જોનારાં સ્ત્રીપુરુષોને હાથે જ આવશે. અત્યારની મિલકતની મૂડીદારીની સંસ્થા અનિષ્ટ છે. પણ તેથી ચોરી અને લૂંટ એ સદ્‌ગુણો નથી બનતાં, અને નવી મિલકતવ્યવસ્થા ચોરો અને લૂંટારુઓને હાથે નથી થવાની, તેમ જ આપણા સ્ત્રીપુરુષ સંબંધમાં સુધારાની જરૂર છે, પણ તે સુધારા સ્વચ્છન્દી સ્ત્રીપુરુષોથી નથી થઇ શકવાના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીપુરુષ સંબંધ વિશે મેં જરા વિસ્તારથી લખ્યું. એ પ્રશ્ન કેટલાંક કારણોને લીધે આપણા સામાજિક જીવનમાં ઘણો મહત્ત્વનો બન્યો છે. પણ નહિતર પણ સામાજિક જીવનમાં એ હંમેશાં માર્મિક પ્રશ્ન છે જ. કોઇ પણ દેશની સંસ્કૃતિ તેના સ્ત્રીપુરુષ–વ્યવહાર ઉપરથી આંકી શકાય. એક દૃષ્ટિએ એમ કહી શકાય કે માનવજાતિની સંસ્કારિતાનાં બીજ સ્ત્રીપુરુષ–વ્યવહારમાં રહેલાં છે.

આ પછી હું એક ઘણી સામાન્ય દેખાતી બાબત લઇ આ છેલ્લું પ્રકરણ પૂરું કરીશ. આ બાબત તે વાતચીત. ખાનગીમાં કે જાહેરમાં પરિચિતો સાથે કે અપરિચિતો સાથે વાતચીત કરવાના અનેક પ્રસંગો આવે છે. અંગ્રેજ લોકોએ તો આખી વાતચીતની કળા ઉપજાવી છે. આપણામાં એવી કળા હજી સામાજિક સ્વરૂપે પહોંચી નથી, જોકે ઘણાએ પશ્ચિમના સંપર્કથી એ સાધી લીધી છે. ઘણામાં એની જબરી આવડત હોય છે, તે તો એક સ્વાભાવિક શક્તિ ગણાવી જોઇએ. એ શીખવી શીખાતી નથી. પણ સામાન્ય વાતચીત સંબંધી કેટલુંક સામાન્ય રીતે કહેવા જેવું છે.

સૌથી પહેલાં હું એ કહું કે ગુજરાતીઓએ ગુજરાતીઓ સાથે મળતાં ગુજરાતીમાં જ વાતચીત કરવી જોઇએ. આપણા લોકો એક જરાક અંગ્રેજી ભણે છે એટલામાં ખરા-ખોટા અંગ્રેજી શબ્દો ગુજરાતીમાં વાતો કરતાં ઉમેરે છે, એ ઘણું જ શરમ ભરેલું છે. બીજા દેશના લોકો તેને આપણી પામરતા અને સંસ્કારહીનતા, આપણી સંસ્કૃતિની દરિદ્રતા ગણે છે. હિન્દીઓ સાથે વાતચીત કરતાં પણ આપણે આપણી રાષ્ટ્રભાષા જ વાપરવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ કહી ગયો છું છતાં ફરી કહું છું કે વાતચીત મોટે અવાજે ન કરવી. જેને કહેવાનું છે તે સાંભળી શકે એથી વધારે મોટો અવાજ ન કરવો એ શિષ્ટાચાર છે. મોટો અવાજ કરવો એ જંગલી સ્થિતિનો અવશેષ છે.

બીજું એ કે કોઈને ત્યાં અમુક કામસર જ ગયા હોઈએ, અને એની સાથે ઘરોબો ન હોય તો પ્રયોજન પૂરતી વાત કરી, તેની રજા માગી ઊઠવું જોઇએ. જે વાત કરવાની હોય તે વાત પણ તરત કાઢવી જાઇએ. તરત મુદ્દા પર આવવું જોઇએ. પોતા વિશે મુદ્દા બહારની વાતો કહે કહે ન કરવી જોઇએ અને વાત થઈ રહ્યે તેનો નકામો વખત ન લેવો જોઈએ. એ માણસ તમારી સાથે વધારે ઓળખાણ ઇચ્છતો હોય તો જુદો સવાલ.

મિત્રો મિત્રો ભેગા થાય અને વાત કરે, તે ખાસ પ્રયોજનવાળી ન પણ હોય, માત્ર સહવાસમાં અને મૈત્રીના સંસર્ગમાં આનંદ ગાળવાને હોય. ત્યારે પણ કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ. પોતાને વિશે જ, કે પોતાની મોટાઇ વિશે જ, કે પોતાને જ બહુ દુઃખ પડયાં છે એવી મતલબની વાતો બહુ કરવી એ અશિષ્ટ છે, એક ઉપહસનીય અભિમાન છે. દરેકને વાત કરવાની તક મળે, દરેક પોતાને ગમતું કંઈક કહી શકે, એવી રીતે વાતચીત ચાલવી જોઇએ. વાતચીત કરવાની કળામાં ચૂપ રહી વાત સાંભળવી એ પણ આવી જાય છે. એક ફારસી કહેવત છે કે "તને જીભ એક દીધી છે, અને કાન બે દીધા છે." તેની મતલબ એ છે કે બોલવાના આગ્રહ કરતાં સાંભળવાની તત્પરતા બતાવવી સારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજું વાતચીત કરવામાં કોઈની પણ અંગત બાબતમાં રસ લેવો એ અનુચિત છે. વાતચીતની ખરી કળા, કોઈની પણ અંગત ટીકા કર્યા વિના, તેમ જ હલકા પ્રકારની મશ્કરીઓ કર્યા વિના, અશ્લીલ બન્યા વિના, સર્વને રસ પડે એવા વિષયની વાતો કરવી એમાં રહેલી છે. એમ જે મંડળી ન કરી શકે તે સામાન્ય જ્ઞાનમાં દરિદ્ર છે એમ કહી શકાય. કોઈ પણ મંડળીની વાતચીત ઉપરથી તેની સંસ્કારિતાની કસોટી કાઢી શકાય.

અને કોઈની પણ નિન્દા, ખાસ કરીને કોઇ સ્ત્રીની નિન્દા કરવી એ અનાગરિક અને અશિષ્ટ ગણાવું જોઇએ.

નવી કેળવણીની અસર બહારના આપણા લોકોને તદ્દન અજાણ્યા માણસને પણ, વાતચીતનો પ્રસંગ પડતાં અંગત પ્રશ્નો પૂછવાની ટેવ હોય છે, "ક્યાંના રહેવાસી? પરણેલા છો કે કુંવારા? કેટલાં છોકરાં? તમારી નાતમાં આનું કેમ? શો ધંધો કરો છો? કમાણી કેવી છે? શો પગાર છે?" આ બધા અંગત પ્રશ્નો છે. નવી કેળવણી લીધેલાને આ પ્રશ્નો અપમાનજનક લાગે છે. એટલે આવા પ્રશ્નો ન પૂછવા એ સારું છે. પણ જૂના લોકરિવાજ પ્રમાણે આવા પ્રશ્નોમાં કશું ખોટું ગણાતું નહોતું, એટલે આ જ પ્રશ્નો કોઈ પૂછે તો તેથી માઠું લગાડવું ન જોઇએ, તેમ જ પૂછનારનું મોં તોડી લેવું ન જોઈએ. જે સમયે આવા પ્રશ્નો પૂછાતા તે સમયના સમાજમાં આવા પ્રશ્નો પૂછનાર સાંભળનાર બન્નેને કોઈક ને કોઇક રીતે ઉપયોગી હતા, આખા સમાજને ઉપયોગી હતા. હવે સમાજસ્થિતિ બદલાઈ ગઇ છે. પણ પરિસ્થિતિ બદલાતાં જૂના રિવાજો એકદમ બદલાતા નથી. આપણા જેવો સમાજ જેમાં કેળવણી ઘણા થોડાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે, અને કેળવણી લીધેલાઓ બિનકેળવાયેલા સાથે એટલી સારી રીતે નથી ભળી શકતા કે જેથી તેમનું જ્ઞાન દૃષ્ટિ અને રુચિ આખા સમાજમાં યોગ્ય રીતે ફેલાઇ જાય, તેમાં આવા પ્રશ્નોથી ધીરજ ખોઈ દેવી જોઇએ નહિ.

અને આ જ બાબત આચાર વિશે બધું કહ્યા પછી મારે કહેવાનું છે. આપણો જમાનો મહાન ફેરફારોનો છે. જૂના રિવાજો તૂટે છે અને નવા તરત રૂઢ થઇ શકતા નથી. સમાજની જૂની એકતા અને વ્યવસ્થા છિન્નભિન્ન થતી જાય છે, અને નવી એકતા અને વ્યવસ્થા હજી અસ્તિત્વમાં આવી નથી, એવા સમયમાં દરેક વિચારકને માથે સારા શિષ્ટ આચારો કલ્પવા રચવા અને રૂઢ કરવાની ફરજ આવે છે, અને તે સાથે વિરુદ્ધ અને અનુચિત આચારો કોઈનામાં હોય તો તેના તરફ તિરસ્કાર કે ટીકાની દૃષ્ટિથી ન જોવાની પણ સાથે સાથે ફરજ આવે છે. આચારને માટે માન હોવું જોઇએ, આચારને માટે માન એનો અર્થ આખા સમાજને માટે માન એવો થાય છે, અને એના જ કારણથી આપણે નિર્દોષ માણસનું અપમાન કરતા થઈ જઈએ, તો એ આપણું વિપરીત વર્તન ગણાય. આચારનું પણ રહસ્ય તો માનવ જાતિ માટે ભ્રાતૃભાવ, એકતા, અને સમાજ આખાની સ્વસ્થતા સાચવવી એ જ છે ને!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી સાહિત્યમાં આર્થિક પ્રશ્નોની તલસ્પર્શી
છણાવટ કરતી અજોડ ગ્રંથમાળા

સંદેશ આર્થિક ગ્રંથમાળા

તંત્રી : શ્રી. જયન્તીલાલ હ. મહેતા, બી. કૉમ.

સંદેશ આર્થિક ગ્રંથમાળા

આ ગ્રંથમાળાની વિશિષ્ટતાઓ

* ફક્ત સાડાત્રણ રૂપિયાના લવાજમમાં ૬૦૦ પૃષ્ઠનું વાંચન.
* જાણીતા અભ્યાસી લેખકોની કલમે લખાયેલી કૃતિઓ
* સૌ કોઈ સહેલાઇથી સમજી શકે એવી સરળ શૈલી
* આ ગ્રંથમાળામાં લગભગ પાંચથી છ પુસ્તિકાઓ આપવામાં આવશે.

આ ગ્રંથમાળાનાં બે પુસ્તકો પ્રગટ થઇ ગયાં છે.

(૧) હિંદની આર્થિક દુર્દશા

લેખક : શ્રી. ડુંગરશી ધ. સંપટ

આ પુસ્તક અંગે જાણીતા અર્થશાસ્ત્રી શું કહે છે ?

......અર્થકારણના અનેકવિધ પ્રશ્નોમાં શ્રી. ડુંગરશી ધ. સંપટે પ્રથમ પુસ્તકમાં જે છણાવટ કરી છે તે અત્યંત સુંદર છે. **–શ્રી. મનુ સૂબેદાર**

(૨) રૂપિયાનું ભાવિ

લેખકો : હિંદના અગ્રગણ્ય અર્થશાસ્ત્રીઓ

પ્રો. સી. એન. વકીલ
પ્રો. જે. જે. અંજારીયા

આ પુસ્તક હિંદના જાણીતા અર્થશાસ્ત્રીઓના હાથે લખાયેલ "Future of the rupees"નો ગુજરાતી અનુવાદ છે. જે વિષયના જ્ઞાનની આજે આ તબકકે જ જે જરૂર છે તે આ પુસ્તકથી પૂરી પડશે. વિશ્વયુદ્ધને અંગે સરકારની ચલણનીતિથી રૂપિયાની ખરીદશક્તિમાં જે ધરખમ ઘટાડો થવા પામ્યો છે અને હિંદી અર્થકારણના એકેએક ભાગને જે રીતે સાર્વત્રિક–વ્યાપક અસર પહોંચી છે, તે રૂપિયાની આવતી કાલ કેવી હશે, હુંડિયામણના શા હાલહવાલ થશે અને તેના પરિણામે આપણા દેશના વેપારઉદ્યોગનું ભાવિ કેવું હશે તે અને તેને લગતા બીજા જટીલ અને અટપટા પરંતુ વ્યવહારમાં ખૂબ ઉપયોગી વિષયોને આ પુસ્તકમાં સરળ ભાષામાં સમજાવવામાં આવ્યા છે.

આપનું લવાજમ આજે જ ભરી આ સસ્તી ગ્રંથમાળાના ગ્રાહક બની વિના વિલંબે ઉપરનાં બે પુસ્તકો મેળવી લો.

આજે જ રૂા. ૩–૮–૦ મોકલી આ ગ્રંથમાળાના ગ્રાહક બનો.

લખોઃ– **સંદેશ પ્રકાશન મંદિર** સારંગપુર, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંદેશ પ્રકાશન મંદિરનાં પ્રાણવાન પ્રકાશનો

(૧) જીવનસખી

લેખક; શ્રી. ડુંગરશી ધ. સંપટ

કિં. રૂ. ૪-૪-૦ : પૃષ્ઠ ૪૭૬ : પો. ખર્ચ રૂ. ૦-૭-૦

ઉપોદ્ઘાત લેખક: શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈ

(૨) જર્મનીની આત્મકથા

કિં. રૂ. ૪-૪-૦ : પૃષ્ઠ: ૪૬૮ : લેખક: શ્રી. ડુંગરશી ધ. સંપટ

પો. ખર્ચ રૂ. ૦-૭-૦

(૩) નર્તકી

લેખક: શ્રી. 'ઉમાકાંત'

પ્રસ્તાવના લેખક: સ્વ. સાક્ષર શ્રી. નવલરામ ત્રિવેદી એમ. એ.

કિં. રૂ. ૫-૮-૦ : પૃષ્ઠ ૫૩૭ પો. ખર્ચ રૂ. ૦-૮-૦

(૪) ઈસિરદાન

લેખક: શ્રી. ગોકુલદાસ રાયચુરા

કિં. રૂ. ૩-૦-૦: પૃષ્ઠ : ૨૮૪ પો. ખર્ચ ૦-૫-૩

(૫) આરોગ્ય તનનું, મનનું અને દેશનું

લેખક: ડૉ. હરિપ્રસાદ દેસાઇ

કિં. રૂ. ૩—૪—૦ : પૃષ્ઠ ૩૦૦ : પો. ખર્ચ ૦-૬-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬) હસ્તમેળાપ લેખકઃ શ્રી. મંજુલાલ સાકરલાલ દેસાઇ બી. એ.

કિં. રૂા. ૪—૦—૦ : પૃષ્ઠ ૩૧૧ પો. ખર્ચ રૂા. ૦-૬-૦

(૭) સોનલ લેખકઃ શ્રી. પ્રાણલાલ મુનશી બી. એ. એલએલ. બી.

પ્રસ્તાવના લેખકઃ સાક્ષર શ્રી. કનૈયાલાલ મુનશી

કિં. રૂા. ૪—૦—૦ : પૃષ્ઠઃ ૩૭૦ પો. ખર્ચ રૂા. ૦—૬—૦

તાજેતરમાં પ્રગટ-થનારાં પુસ્તકો

(૧) મીરાં પ્રેમદીવાની „ શ્રી. રામચંદ્ર ઠાકુર એમ. એ.

(૨) અભિશાપ „ શ્રી. રમણલાલ સોની

(૩) પિંગળા „ શ્રી. ગોકુલદાસ રાયચુરા

સોલ એજન્ટઃ

મેસર્સઃ એન. એમ. ઠક્કરની કું.

બુકસેલર્સ

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રંથમાળાના આજે જ ગ્રાહક બનો.

સંદેશ ભક્તિરસ ગ્રંથમાળા

૧૫૦૦ પૃષ્ઠનું સર્વોત્તમ ધાર્મિક વાંચન (ક્રાઉન ૧૬ પેજી સાઇઝમ

લવાજમ રૂ. ૧૦-૦-૦ દસ રૂપિયા (ટ. ખર્ચ સાથે)

ગુજરાતી સાહિત્યમાં ધાર્મિક સાહિત્ય આપતી આ સસ્તામાં સસ્તં ગ્રંથમાળા છે. આ ગ્રંથમાળાને પૂ. આચાર્યો, સંત-મહંતો અને વિદ્દ્‌જનોને સહકાર અને આશીર્વાદ મળ્યા છે. આ ગ્રંથમાળાદ્વારા સર્વોત્તમ ધાર્મિક અ પ્રેરક સાહિત્ય આપવામાં આવે છે. આ ગ્રંથમાળાનું તમામ સાહિત્ય ધર્મન પ્રખર અભ્યાસીઓ દ્વારા લખાવવામાં આવે છે અને તેમાં ભક્તિ, જ્ઞાન વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાન, નીતિ અને સદાચાર વગેરે પ્રકારનું બોધક અ ઉપયોગી સાહિત્ય રજૂ થાય છે.

આ ગ્રંથમાળાનાં પુસ્તકો ધર્મપ્રિય જનતામાં ખૂબ જ લોકપ્રિય થઇ પડયાં છ

ગ્રંથમાળાનું પ્રથમ પુસ્તક

વેદાન્ત અને યોગ લેખક: સ્વામી શ્રી માધવતીર્થજી

જેમાં **શ્રી શંકરાચાર્યના** જ્ઞાનયોગ અને **શ્રી અરવિંદના** પૂર્ણયો પર સરળ ભાષામાં મનનીય વિવેચન કરી તટસ્થ તુલના કરવામાં આવી છે.

— ગ્રંથમાળાનું બીજું પુસ્તક —

શ્રીમદ્‌ ભાગવત માર્ગદર્શિકા લેખક: સ્વામી શ્રી માધવતીર્થ

ત્રીજું પુસ્તક ટૂંક સમયમાં પ્રગટ થશે.

મીરાં પ્રેમદીવાની

આ પુસ્તકમાં મીરાંબાઇના જીવનનો સળંગ ઇતિહાસ વાર્તારૂપે આપવામ આવ્યો છે. પ્રેમમયી મીરાંના જીવન-કવન વિષે ગુજરાતી સાહિત્યમાં આ પુસ્તક અપૂર્વ લેખાશે.

ગ્રંથમાળાના આજે જ ગ્રાહક બની ભક્તિરસનાં સર્વોત્તમ પુસ્તકો સસ્તામાં મેળવી લ્યો. ગમે તે તારીખથી ગ્રાહક થઈ શકાય છે. ગ્રાહક થનારને પ્રથમનાં પ્રકટ થયેલાં બે પુસ્તકો સિલિકમાં હશે ત્યાં સુધી મળી શકશે. આજે જ આ લાભ લ્યો.

વાર્ષિક લવાજમ રૂા. ૧૦-૦-૦ (ટ. ખ. સાથે)

વિશેષ માહિતી માટે લખો:—

વ્યવસ્થાપક: **સંદેશ પ્રકાશન મંદિર**

C/o ધી સંદેશ લિ.

સારંગપુર, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારી બંધુઓને હંમેશ માટે ઉપયોગી થાય તેવું સર્વોત્તમ પુસ્તક

આ ધુ નિ ક વ્યા પા રી મિત્ર

[ભાગ ૧-૨-૩ સાથે] કિંમત રૂ.૯-૧-૦ ટ. ખ. દશ આના

લેખક: **શ્રી. પૂર્ણાનંદ મ. ભટ્ટ એમ એ.**

એક સફળ વેપારી થવા માટે આ પુસ્તક આપનો 'વેપાર- મિત્ર' થશે. આ પુસ્તકમાં છેલ્લામાં છેલ્લો ઇન્કમટેક્ષનો કાયદો, તેના કોઠા, ારાના નફા પરનો કર, ધંધાદારી અંગ્રેજી શબ્દ-પ્રયોગો, બેંકિંગ, વ્યવહાર વેપાર માર્ગો, આયાત નિકાશ, વ્યાપાર, સ્વદેશી વ્યાપાર ને બજારો, શાખ, ાણ, ખરીદી, પ્રવૃત્તિ, જોઈન્ટ સ્ટોક કંપની, ભાગીદારી પેઢી, અને કાયદાઓ, ારી પેઢીનું સંચાલન, વ્યાપારી જગત, દેશકાળ અને સમાજ, વેચાણ, ખરીદ-ત્તિ, હૂંડી વ્યાપાર, વીમો, વ્યાપારી પત્ર લેખન, તાર, ટેલીફોન, રેલ્વે હિતી, ગુજરાતની પેદાશ, વ્યાપારી ઇતિહાસ, હુન્નર ઉદ્યોગ વિકાસ, ઉદ્યોગો મીલો વગેરે પર અનેક પ્રકારની માહિતીઓ અભ્યાસપૂર્ણ દૃષ્ટિએ આપ-ાં આવી છે.

પ્રકાશક: **સંદેશ પ્રકાશન મંદિર** સારંગપુર, **અમદાવાદ.**

ાવાદમાં મળવાનું સ્થળ: **સંદેશ પુસ્તક ભંડાર** ગાંધીરોડ, **અમદાવાદ.**

આ પુસ્તકના સોલ એજન્ટ:—**મેસર્સ એન. એમ. ઠક્કરની કું.**

બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ; ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

િશ્વયુદ્ધનો લાભ લઇ બ્રિટીશ રાજતંત્રની મદદથી 'યુ. કે. સી. સી.' નામની ્યાપારી મહાપેઢીએ હિંદને ખૂણે ખૂણે પોતાની જાળ પાથરી હિંદના આર્થિક શોષણમાં કેવો ભાગ ભજવ્યો છે તેનો તાદૃશ્ય ચિતાર આપતું—

સંદેશ આર્થિક ગ્રંથમાળાનું ત્રીજું પુસ્તક

"યુ. કે. સી. સી. અને હિંદ"

લેખક: **પ્રો. એ. એન. અગરવાલ**

યુનિવર્સિટી ઓફ અલ્હાબાદ

એકેએક વેપારીને ખૂબ જ જાણવાલાયક અને વાંચવાલાયક

[કિંમત રૂા. ૦-૧૨-૦ બાર આના [ટ. ખ. જુદું]

ો આપ હજુ 'સંદેશ આર્થિક ગ્રંથમાળા'ના ગ્રાહક ન થયા હો તો આજે જ ગ્રાહક બની આ પુસ્તક મેળવી લ્યો.

ગ્રંથમાળાનાં અત્યાર સુધીમાં પ્રગટ થયેલાં પુસ્તકો

(૧) હિંદની આર્થિક દુર્દશા (૨) રૂપિયાનું ભાવિ

૬૦૦ પૃષ્ઠનું આર્થિક પ્રશ્નોના છણાવટ કરતું વાંચન ફક્ત સાડા ત્રણ રૂપિયામાં મેળવવા ગ્રંથમાળાના આપ ગ્રાહક બનો.

વ્યવસ્થાપક: **સંદેશ પ્રકાશન મંદિર** સારંગપુર, **અમદાવાદ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

— ટૂંક સમયમાં પ્રકટ થશે —

પ્રેમભક્તિની પરાકાષ્ટાએ પહોંચનાર અને પહોંચાડનાર, રાજરાણી, ભક્તકવિ, સખી, ગિરિધરગોપાલની જાણે એક જ—

મીરાં પ્રેમદીવાની

: લેખક :
શ્રી. રામચંદ્ર ઠાકુર
એમ. એ.

:: એક સળંગ નવલકથા ::

પૃષ્ઠ ૪૦૦ કિંમત ૫–૮–૦ (ટ. ખર્ચ જુદું)
સાડાપાંચ રૂપિયા

: કલાકારો :
શ્રી. રવિશંકર મ. રાવળ
શ્રી. કનુ દેસાઈ

ચિત્રો : ત્રિરંગી : ૪, આર્ટપ્લેટ : ૭+૬
મીરાંનું ત્રિરંગી ભાવવાહી કવરચિત્ર

અત્યાર અગાઉ ભક્તકવિ મીરાંબાઈ વિષે ઘણું લખાઇ ગયું છે, પરંતુ એક સળંગ નવલકથાના રૂપમાં ગુજરાતી ભાષામાં નવલકથાનું આ પ્રથમ જ પુસ્તક છે.

આ પુસ્તકમાં શ્રી. રામચંદ્ર ઠાકુરની તેજસ્વી કલમે મીરાંબાઈના જીવન અને કવનને હૂબહૂ દોરેલું છે એ, આપ આ પુસ્તક વાંચ્યા પછી કબૂલ કરશો.

મીરાંનું મૂર્તસ્વરૂપ રજૂ કરી, લેખકે મીરાંની ગિરિધર ગોપાલની તાલાવેલીનું સુરેખ ચિત્ર આલેખ્યું છે; અને મીરાંનાં મૂળ પ્રસંગોચિત ભજનો મૂકી આખા ય પુસ્તકને ભક્તિમય બનાવ્યું છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો શ્રી. રવિશંકર મ. રાવળ અને શ્રી. કનુભાઈ દેસાઇની કલાત્મક પિંછીએ મીરાંના સમગ્ર જીવનને ચિત્રશિલ્પથી કંડાર્યું છે.

આ નવલકથા એકવાર વાંચ્યા પછી તમે જ કહેશો કે ગૂજરાતી સાહિત્યમાં આ પુસ્તક ખરેખર અપૂર્વ છે. મીરાંનાં સંગ્રહિત ભજનો તમને ભક્તિરસમાં ડોલાવી મૂકશે.

સંદેશ ભક્તિરસ ગ્રંથમાળાનું આ ૪થું પુસ્તક છે.

સંદેશ પ્રકાશન મંદિર C/o. ધી સંદેશ લિ.
સારંગપુર, અમદાવાદ.

આ પુસ્તકના સોલ એજન્ટ:—**મેસર્સ એન. એમ. ઠક્કરની કું.**
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar